
# પોયણું પાંગર્યું

## (મા સર્વેશ્વરીની શૈશવકથા)




# - મા સર્વેશ્વરી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * * * *




e-book

Title : Poyanu Pangaryu
Language : Gujarati
Version : 1.0
Pages : 68
Created : September 13, 2013.


## NOTE


This e-book is a manifestation of our humble effort to present Maa Sarveshwari's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

પૂર્વજોના પ્રાણવાન કિરણ

## પૂજ્ય શ્રી વામનભાઈને

સાદર



જેની પ્રેમાળ છત્રછાયંડીમાં
આ પોયણું પાંગર્યું

## નિવેદન



વિદેશની ધરતી ઉપર જીવનના અઠ્ઠાવનમા વર્ષે સૂર્યોદયનું સ્મરણગાન ગવાયું. 'સત્યપથે' શ્રી તરલાબહેને તે સાંભળ્યું. શ્રી તરલાબહેન છેલ્લાં થોડાં વર્ષોથી અમારા અધ્યાત્મક્ષેત્રના સહાયક સ્વજન સમાં. એમની ગુણગ્રાહી દ્રષ્ટિ છે એથી આગ્રહ-પ્રેમાગ્રહ થયો. આ બાળકથાના પ્રસાદનું વિતરણ કરીએ. અને શ્રી હરિની યોજનાનાં શ્રી તરલાબહેન જાણે પ્રતિનિધિ બની રહ્યાં. શ્રી હરિના આશીર્વાદ એમના ઉપર અનરાધાર વરસતા રહો.

ઈમેજ પ્રકાશનનો સહયોગ શ્રી તરલાબહેનને સુલભ છે. બાળકથાની આ વાત શ્રી મહેશભાઈએ વધાવી. તેથી જ આ બાળકથાના પ્રસાદનો પડિયો સૌના હાથમાં આવી રહ્યો છે. પરિચય વિના પણ સત્કર્મની તક એમણે ઝીલી છે. અભિનંદન, ધન્યવાદ.

બાળકથાની સ્મરણગંગાનું આ સ્નાન તન, મન, અંતરને પાવન કરતું રહો.

પૂર્વજોનો પ્રાણવાન પ્રકાશ બાળસરોજ પાસે શ્રી હરિએ ઝિલાવ્યો તો તેનું પુણ્યસ્મરણ આરતી સ્વરૂપે પૃષ્ઠો ઉપર ઊતર્યું છે.

જીવનઝરણાંના પ્રત્યેક બુંદમાં એ પૂર્વજોની સંસ્કારધારા વહી રહી છે. એ જળધારા સૌને ગંગાસ્નાનનું સુખ ધરે એ જ પ્રાર્થના !

**- મા સર્વેશ્વરી**

## પ્રાસ્તાવિક

દક્ષિણ ગુજરાતના સૂરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કપૂરામાં જન્મેલી એક સામાન્ય બાલિકા 'સરોજ' આજે સ્વર્ગારોહણમાં 'મા' સર્વેશ્વરીરૂપે અધિષ્ઠિત છે. હજારોનાં હૃદયમાં એ 'મા-પ્રભુ' તરીકે વિરાજે છે. આ હકીકત ગૂઢ કે રહસ્યમય નથી. આ કોઈ ચમત્કારલીલા પણ નથી. પણ એક મનુષ્યદેહ પોતાનામાં રહેલ આત્મસ્વરૂપને પીછાની શકે અને દીર્ઘ તપશ્ચર્યા અને કઠીન સાધનાબળે શરીર અને મનથી પરે રહેવાની શક્તિ સિદ્ધ કરી શકે તો પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટાવી શકે છે. એ સૃષ્ટિના જડ-ચેતન અંશોમાં રહેલી દિવ્યતા ઢંઢોળી શકે છે; એની જીવંત પ્રતીતિ 'મા' સર્વેશ્વરી એમના સંપર્કમાં આવનારને કરાવી રહ્યાં છે.

પૂ.માએ ગુજરાતના પનોતા સંત, હિમાલયના તપસ્વી શ્રી યોગેશ્વરજીમાં ગુરુભાવ સ્થાપી, સંપૂર્ણ સમર્પણ-સેવાભાવથી એને એવો દૃઢ કર્યો કે એમને માટે એ સદ્ગુરુ પ્રભુનો પર્યાય બની ગયા. પોતે આયુષ્યની પલટાતી પ્રત્યેક ક્ષણે એવી વિનમ્રતા ધારતાં ગયાં કે સ્વયં પ્રભુ જ એમના પ્રત્યેક કાર્યના, પ્રત્યેક શ્વાસોશ્વાસના ધબકાર બની ગયા!

આવાં પરમ પવિત્ર સંતની સળંગ જીવનકથા જો મળે તો એ પ્રભુપ્રીત્યર્થે જીવવા મથતા પ્રત્યેક જિજ્ઞાસુ માટે પરમ પ્રેરક અને માર્ગદર્શક બની રહે. પણ 'મા' કહે છે તેમ, "ધીરજ રાખો, હરિ ઈચ્છશે ત્યારે લખાવશે." પણ આપણા સદભાગ્યે પૂ.માએ એમના વિદેશ વસવાટ દરમ્યાન એમના શૈશવની કથા આલેખી છે. એમાંથી આ નાનકડી પુસ્તિકા તૈયાર થઇ શકી છે. પૂ.માનું આ શિશુસ્વરૂપ દરેક જિજ્ઞાસુ માટે આનંદદાયી તેમજ ઉદ્દ્બોધક નીવડશે એવી શ્રદ્ધા છે.

પૂ.માના શૈશવનાં અહીં આલેખાયેલાં બાર વર્ષો કોરા વાસ્તવનાં દસ્તાવેજી ચિત્રો માત્ર નથી, ભાવ-ધબકાર, હરિશ્રદ્ધા-રણકાર ઝીલતાં જીવંત રૂપ છે, કેમકે સપાટી પરના જીવનની વિગતોનું સ્થૂળ નિરૂપણ નહિ પણ એના અંતઃસ્થલમાં વ્યાપ્ત ચૈતન્યની સહજ શબ્દલીલા એમાં સ્ફૂટ થઇ છે. તેથી જ સમગ્ર આલેખન કોઇપણ સહૃદયને આકર્ષી શકે એવું રસમય અને હૃદયસ્પર્શી બન્યું છે.

પૂ.માએ પોતાના શૈશવને સહજ સાધારણ શિશુભાવથી તેમજ ચૈતન્યવિકાસની દૃષ્ટિએ અવલોકી એને આગવું પરિમાણ અર્પ્યું છે.

પૂ.માનાં ચર્મચક્ષુ અને દિવ્યચક્ષુ ઉભયથી થયેલું શિશુદર્શન તદ્રુપતા અને તાટસ્થ્યનો સમન્વય રચી, આપણને એક એવા સ્વસ્થ-મસ્ત-સમતોલ શિશુલોકમાં લઇ જાય છે, જ્યાં પગલીઓ છે તરલ સરોજની, પણ એમાં સંચાર છે આત્મસ્થ 'મા' સર્વેશ્વરીનો!

માનવજીવન એ નર્યાં તથ્યોનો સરવાળો નથી પણ સર્વ તથ્યોમાંથી ઉપર ઊઠતા એક 'શાશ્વત સત્ય' ની પ્રતિચ્છબી છે, એની અનુભૂતિ 'મા' સર્વેશ્વરીના શિશુસ્વરૂપમાં થાય છે.

પૂર્ણ પ્રસ્ફુટીત પદ્મ-શા 'મા સર્વેશ્વરીના શૈશવ', 'અધ્યાત્મ ઉઘાડ'નું પાંગરેલું આ 'પોયણું' એના રૂપ-રંગ-ગંધની જે આભા પ્રસારશે એ ભાવિકોના હૃદય સુધી વિસ્તરશે; એ શ્રદ્ધા સાથે આ પ્રકાશન હાથ ધર્યું છે.

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીના 'શૈશવનાં સંસ્મરણો'ને એક પુસ્તિકારૂપે પ્રગટ કરવાનો વિચાર સ્ફુરતાં પૂ.માની અનુમતિ માટે સ્વર્ગારોહણમાં ફોન જોડ્યો. એના નામકરણ વિશે પૂછતાં તેઓશ્રીએ સદ્ય 'પોયણું પાંગર્યું' જેવું અનુપમ નામ સૂચવ્યું. પુસ્તિકાના અંતસ્તત્વને સંપૂર્ણપણે અનુરૂપ આટલું સુંદર-સૂચક શીર્ષક આમ સહજ – અનાયાસ મળી જતાં અત્યંત આનંદ થયો પણ આશ્ચર્ય એટલા માટે ન થયું કે, 'સંતોના હૃદયની ભીતરી અસીમ શાંતિનો સહજ આવિષ્કાર આવી અનન્ય શબ્દસ્ફૂરણારૂપે થતો જ હોય છે.'

પિતાશ્રી કાલિદાસભાઈએ હેતથી જેમનું પૂર્વાશ્રમનું નામ 'સરોજ' પસંદ કર્યું અને પરમ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજીએ સરોજનો પર્યાય 'પદ્મ' સ્વીકારી, 'પાવન પદ્મ' તરીકે જેમની મહત્તા કરી, એ 'મા' સર્વેશ્વરી પોતાને સહજ વિનમ્રતાથી 'પોયણું' તરીકે ઓળખાવે છે. એટલે 'પોયણું પાંગર્યું' શીર્ષક માત્ર પુસ્તિકાનું જ નહિ, આપણા સર્વના સ્નેહાદરનાં ભાજન એવા પૂ. 'મા'ની અતિ કોમળ, ઋજુ, મધુર, સરળ, વિનમ્ર અહમરહિત આંતરશ્રીનું પણ પરિચાયક બની રહે છે.

જે 'મા' આજે પૂર્ણ પ્રસ્ફૂટિત પદ્મ છે, એમનું પોયણું-સ્વરૂપ પાંગરવાનું મંગલ મુહૂર્ત કેવું ભવ્ય, કેટલું પ્રસન્નકર હશે એ જાણવાની આપણી ભક્તોની સહજ ઉત્સુકતા જાણે આ પુસ્તિકાના નામથી પોંખાય છે.

આ 'પોયણું પાંગર્યું' એ શુભ્ર, પવિત્ર સરવરજલ સમાં સ્નેહાળ પૂર્વજોનું ઋણ 'મા' મસ્તકે ધારે છે એમાં એક વિરક્ત સંતહૃદયનો સહજ સ્નેહભાવ છલકાય છે. એનું મંગલ દર્શન આ પુસ્તિકાની પાછળ જ 'પૂર્વસૂરિ-વંદના'રૂપે 'મા' કરાવે છે. પોતાના પૂર્વજોને અત્યંત ભાવપૂર્વક સ્મરણાંજલિ અર્પનાર 'મા'ની સહજ સરળ શબ્દનક્શી કોઈ પણ સહૃદયને સ્પર્શી જાય એવી છે.

આ પુસ્તિકા-પ્રકાશનના સત્કાર્યના સહભાગી બનવાનું સદ્ભાગ્ય ધારી આશિષ, નીરવ, દર્શના તેમજ સુકેતુ (ભારતીબહેનનો પરિવાર) ધન્ય બન્યાં છે.

'મા' સર્વેશ્વરીના હૃદયમાં પ્રતિષ્ઠિત 'સનાતન શિશુ' ને 'પોયણું પાંગર્યું' પુસ્તિકાસ્વરૂપે પોંખવા આપણા હૃદય શુભ્ર-સ્વચ્છ-પવિત્ર બને એ માટે પ્રભુને પ્રાર્થીએ.


માત્ર એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં આ પુસ્તિકા-પ્રકાશનની જવાબદારી પ્રેમપૂર્વક અદા કરનાર 'સૂર્યા ઓફસેટ'નાં શ્રી મુદ્રેશભાઈ તેમજ આગવી કલાસૂઝથી આ પુસ્તિકાને નિખારનાર શ્રી કમલભાઈના અમે આભારી છીએ. 'ઈમેજ'ના ડિરેક્ટર શ્રી મહેશભાઈ દવેએ અંગત રસ લઈ ત્વરિત પ્રકાશન માટે જે જહેમત ઉઠાવી છે, એમના પણ અમે ઋણી છીએ.

શ્રદ્ધા છે કે 'મા' સર્વેશ્વરીની આ શૈશવકથા અધ્યાત્મમાર્ગે પા પા પગલી કરતા સર્વ જિજ્ઞાસુઓ માટે 'ઉત્તમ પાથેય' બની જશે.

**- મા પરિવાર**

* * હરિઃ ૐ * *

## મા સર્વેશ્વરી વિશે



અલૌકિક આત્માઓને ઓળખવાનું કપરું હોવા છતાં એ આત્માની અસાધારણતાની ઝાંખી કોઈક વાર ઈશ્વરકૃપાથી, પૂર્વના પ્રબળ કર્મસંસ્કારોના પરિણામે કે કોઈક અન્ય કારણથી થતી હોય છે. એને લીધે એવી ઝાંખી જેને થાય છે, તેનું દૃષ્ટિબિંદુ બદલાઈ જાય છે અને એમને આધ્યાત્મિક રીતે લાભ થાય છે.

પૂ.મા સર્વેશ્વરીના સંસર્ગમાં આવનાર પ્રથમ દૃષ્ટિએ જ દેખાતી એમની શિશુસહજ સરળતા તથા સુમધુરતાથી પ્રભાવિત થાય છે. એમની મધુર મુખાકૃતિ પરની નિર્દોષતા – નિર્મળતા અને એમની આંખની અમૃતમય આત્મીયતાપૂર્ણ અલિપ્તતાથી હાલી ઊઠે છે. એમની છળરહિત, સરળ, સ્વર્ગીય શબ્દાવલિની અસર નીચે આવ્યા વિના રહેતો નથી. એમની એકદમ કૃશ દેખાતી કમનીય કાયામાંથી ચમકતી આત્માની અસાધારણ આભાથી અલિપ્ત રહી શકતો નથી. એમનો સુરદુર્લભ સત્સંગ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ એમના આત્માની અસાધારણતાનો અનુભવ પણ વધતો જાય છે. અંતર એમને માટે અનોખા આદરભાવનો અનુભવ કરે છે. સંસારના સરોવરમાં અલિપ્ત રીતે રહેનારા એક પૂર્ણ પવિત્ર પ્રસન્ન પરમાત્મપરાયણ પ્રેમપરિપ્લાવિત પદ્મનો પરિચય થાય છે.

સૌ કોઈ સર્વેશ્વરીને ઓળખી સમજી, સન્માની નહિ શકે. જેનો પૂર્વેનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે. એ લાભાન્વિત થશે, ધન્ય બનશે.

**- શ્રી યોગેશ્વરજી**


* * હરિઃ ૐ * *

## <u>અનુક્રમણિકા</u>

૧. નિવેદન
૨. પ્રાસ્તાવિક
૩. પોયણું પાંગર્યું
- એકથી આઠ વરસ
- અવનવું નવમું વરસ
- દસથી બાર વરસ
૪. પોયણાના શુભ્ર સરવરજલ સમાં પૂર્વજો
- બાપુજી (શ્રી કાલીદાસભાઈ)
- બા (શ્રી ભીખીબા)
- નાના (શ્રી ગોપાલજી)
- પિતામહ (શ્રી ભૂલાભાઈ)
- પ્રપિતામહ (શ્રી ગોપાલદાદા)



*



*સૌ કોઈ સર્વેશ્વરીને ઓળખી સમજી, સન્માની નહિ શકે. જેનો પૂર્વેનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે. એ લાભાન્વિત થશે, ધન્ય બનશે.*

**- શ્રી યોગેશ્વરજી**

## એકથી આઠ વરસ

ભારતમાં સ્વરાજની ચળવળ ગાંધીજી ને સરદારની દોરવણી હેઠળ ચાલતી હતી તે ૧૯૪૩નું વરસ હતું. ઈ.સ. ૧૯૪૩, નવેમ્બર માસ ૧૩મી તારીખ, સંવત ૨૦૦૦ કારતક વદ બીજ ને શનિવારે શ્રી કાલીદાસભાઈના ઘરમાં શ્રી ભીખીબાના અંકમાં દીકરીએ આંખ ઉઘાડી ત્યારે રાતે નવ વાગ્યા હતા. શ્રી વામનભાઈએ પોતાના જ અક્ષરોમાં મજૂરોના હાજરીપત્રકના પાછલા જાડા પાને એ સમય, તારીખ, વાર નોંધી લીધાં.

બાપુજીએ સરોજ નામ આપ્યું. બાળકોના નામ બાપુજી જ આપતા. 'સ' ઉપરથી જ નામ ખૂબ ગમતાં હશે માટે બહેનોના નામ શારદાબહેન, સુશીલાબહેન, સાવિત્રીબહેન ને આ સરોજ. આ નામ પણ પ્રેરક જ છે. અનેક શક્યતાઓનો સંદેશ 'સરોજ' નામમાં છે. એ નામ ભક્તસમાજના પ્રચલિત નામ કરતાં જૂદું છે. આગવું છે. કપૂરામાં એ નામ પહેલી વાર સૌએ સાંભળ્યું. સાચું જ હતું ને! જે કળી કાદવથી અળગી રહીને ખીલવા જ આવી છે તેનું નામ એ જ હોય ને? એ જ નામ શોભે ને?

જન્મના તેરમા દિવસે ડબલ ન્યુમોનિયાના ભયંકર તાવે સરોજને ઘેરી લીધી. શરીર ખેંચાઈ ગયું ને કાળું પડી ગયું. સૌ ગભરાઈ ગયાં. આંખ મીંચાઈ ગઈ, અંતિમ શ્વાસ લેવાઈ ગયા. બા રડે છે. આસપાસ જે હતા તેમાં દાદીમા, જમુનામા પણ હતાં. તેઓ તરત જ ડાંગર ને જુવારની ટોપલી લાવે છે. બાળકને બન્ને હાથે તેમાં ઊંચકીને પધરાવે છે. લે, આ તારી વાટખર્ચી. મૃત્યુની તારી મંગલ વાટે આ દાન. ને મોઢા પર કટકો પણ નંખાઈ ગયો. દીકરી વિદાય થઇ. સૌ શોકમગ્ન થયાં. બાજુવાળા દૂધીમા બાને આશ્વાસન આપે કે દીકરી ગઈ તો શું રડવાનું? ભલે ગઈ. એકાદ કલાક પછી પીપલવાડાથી બાપુજી આવે છે. સમાચાર જાણે છે. તરત જ તેઓ ઘોડા ઉપર વ્યારા જાય છે. ડૉ. ગમનલાલ શાહને લઇ આવે છે.

ડૉકટર આવે છે. કપડું હટાવે છે. સારવાર અપાય છે ને સૌના આશ્ચર્ય વચ્ચે બાળકી આંખ ખોલે છે. પુનઃજીવન પ્રાપ્ત કરીને સૌના શોકને પલટાવી દે છે. જેમ સૌએ મરણ સ્વીકારી લીધું તેમ હવે સૌએ આ નવા જીવનનો પ્રસાદ પણ વધાવી લીધો.

શું એ સરોજનું ફક્ત ૧૩ જ દિવસનું આયુષ્ય હશે? માનવજીવન ફક્ત ૧૩ દિવસ માટે જ મળ્યું હશે? કોણ મરણના મુખમાંથી પાછી લાવ્યું? કોણે જગાડી? શા માટે જગાડી? કોની એ પ્રાર્થનાનો પ્રત્યુત્તર હશે?

માતાની કૂખે જન્મેલી એ બાળકીના એ પાર્થિવ શરીરમાં કઈ પરમશક્તિએ પ્રવેશ કરીને પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કર્યું?

આવા અનેક પ્રશ્નો આ પ્રસંગે ઉદ્‌ભવે, પરંતુ પ્રત્યુત્તર કોની પાસે છે?

શું એ નવા જીવનમાં અનેક શુભ સંકલ્પોને સાકાર કરવાની ભૂમિકા હશે? કે પછી કોઈક સમર્થ સદ્ ગુરુ એને પરમશક્તિની ક્રીડાસ્થલી બનાવવા ઇચ્છતા હશે?

સાચો પ્રત્યુત્તર પરમાત્મા પાસે છે. એ આવાં અનેક જીવન શાંત કરી શકે ને અનેક જીવન જાગ્રત પણ કરી શકે.

એ પરમાત્માનો પરમ ઉપકાર કે નવા જીવનનો પુણ્યપ્રદાયક પાવન પ્રસાદ પ્રાપ્ત થયો.

પૃથ્વી પર પ્રવેશતાં જ પરમકૃપાનું જાણે રક્ષાકવચ પ્રાપ્ત થયું.

શ્રી હરિએ જન્મથી જ જાણે સતત કહેવાનું શરૂ કર્યું, 'હે જીવ, હું તારી સાથે જ છું.'

એ જીવને પ્રગટ કરનાર માતા-પિતા તેમજ કપૂરાના એ કુળને જાણે શ્રી હરિનું એક અલૌકિક છત્ર પ્રાપ્ત થયું.

પરિવારના નાનકડા સંતાન તરીકે અદકું વહાલ પામવાનો અધિકાર પ્રાપ્ત થયો. સૌને માટે એ આશ્ચર્યનું કેન્દ્ર બની ગયું. મૃત્યુના મંગલ મંદિરનો જાણે એ પ્રસાદ બની ગયું.

શ્રી હરિ ક્યારે, કોને, કેવું સદ્‌ભાગ્ય ધરે છે તે તો ક્યાં કોઈ જાણી શક્યું છે?

એ પ્રસાદીસ્વરૂપ જીવન ૧૩ દિવસ, ૧૩ મહિના, ૧૩ વરસ પણ ટકાવી ગયું. આજે તો ૫૮ વર્ષ પૂરા કરવાની તૈયારીમાં છે. ૫૮ વરસ ક્યાં વીત્યાં? કેવા વીત્યા તેની વીતકકથા આ પૃષ્ઠો પર અંકિત કરવા જ એ જીવન ધબકતું રહ્યું છે.

એ ધબકારમાં શ્રી હરિની કૃપા ધબકી રહી છે. પ્રાર્થનાની પગદંડી પણ એમાં પ્રગટી છે.

એ ધબકતા જીવનનો ધબકાર હવે પછીનાં પૃષ્ઠો ઉપર કાન દઈને સાંભળજો.

*

જે ઘરમાં આંખ ઉઘડવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું તે પવિત્ર ઘરનું સૌથી સર્વોત્તમ સ્મરણીય સ્મરણ તો પ્રાર્થનાનું છે.

નાનકડી સરોજને કોઈક સ્નાન કરાવતું, કોઈક ચોટલા ગૂંથી આપતું ને પછી દરરોજ જ એક સૂચના મળતી, 'જા ગાદીએ પગે લાગ ને પછી બધાને નમસ્તે કહે.' ને ભારે તોફાની નાનકડી સરોજ એ સૂચનાનો તો તરત જ અમલ કરતી. દેવસ્થાનને પ્રણામ કરી બા, બાપુજી, ભાઈ, ભાભી, બહેનો સૌને નમસ્તે કરીને પછી જ રમવાનો કે દૂધ પીવાનો ક્રમ પ્રારંભ પામતો.

એ ઘરમાં બાળકોને કેવી રીતે જગાડાતાં એ પણ મનઅંતરમાં સરસ રીતે જડાઈ ગયું છે.

સરોજના પિતાજીને સૌ બાપુજી કહેતાં. બાપુજી અતિનિયમિત, પાંચ વાગ્યે ઊઠી જતા. દેવમંદિરની સામેના ભાગમાં બાપુજી અંધારે જ શ્લોકો બુલંદ સ્વરે લલકારતા.

એ પવિત્ર શ્લોકોનું શ્રવણ કરતાં કરતાં જ જાગવાનું, પણ પલંગમાં સૂતાંસૂતાં જાગ્રત રહીને તે સાંભળવાનું બનતું અને જેવા શ્લોકો પૂરા થાય એટલે સરોજ જાણતી જ હોય કે હવે બાપુજી પલંગ પાસે આવશે. ને બાપુજી સરોજને ઉઠાડીને પોતાની પીઠ પર ઉપાડશે. સરોજ પણ બાપુજીના ગળે બન્ને હાથ વીંટાળીને પડી ના જવાય તેની કાળજી રાખશે અને એ રીતે દરરોજ બાપુજીના વહાલને માણતાં માણતાં પીઠ પર ચઢીને ઘરમાંથી પસાર થઇને વાડામાં પેલો ચૂલો જ્યાં સ્નાન માટે ગરમ પાણી થતું ત્યાં બાપુજી ઉતારે ને જેવા એ ચૂલા સામે બેસી જાય કે તરત જ સરોજ બાપુજીના ખોળામાં બેસી જાય. ને ત્યાં લગભગ અર્ધો કલાક બાપુજી પેલી નાની સરોજને શ્લોકો શીખવાડે.

*શાંતાકારમ્ ભૂજગ શયનમ્ પદ્મનાભમ્ સુરેશમ્*

શુદ્ધ ઉચ્ચાર સાથે બાપુજી આદર્શ શિક્ષક બની ઊઘડતા પ્રભાતે જ આધ્યાત્મિક શિક્ષણનો એકડો ઘૂંટાવતા. દરરોજનો આ નિત્યક્રમ. પછી સ્નાન અને પછી પેલી નમસ્તે કહેવાની પ્રથા અચૂકપણે પળાવતા.

જાણે કોઈ ગૃહસ્થઋષિના સંતાનને સદ્‌ભાગ્ય સાંપડે તેવું અહીં પરમ ભાગ્ય માણવા મળતું.

એ જ રીતે દરરોજ સાંજે અતિનિયમિત ઘરમાં સમૂહપ્રાર્થના થતી.

તે દિવસોમાં આખા ગામમાં એક જ રેડિયો. ફક્ત અમારા જ ઘરમાં હતો. ફિલિપ્સની કંપનીનો મોટો રેડિયો. તે રેડિયા ઉપર સવાસાતથી સાડાસાત સુધી પ્રાદેશિક સમાચાર આવતા. બાપુજી નિયમિત સાંભળતા ને પછી ઘરના સૌ સમૂહપ્રાર્થનામાં બેસતા.

ગાદી (દેવસ્થાન) પાસે સૌથી પહેલા બાપુજી બેસતા. બાપુજી માટે કાશ્મીરી ભરતવાળું એક આસન પાથરવામાં આવતું. બાકી સૌ માટે શેતરંજી હતી. બાપુજીની સાથે જ સરોજ ને સાવિત્રીબહેન પછી ભાઈ, પછી બા, પછી ભાભી બેસતાં.

*જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યા સૂર્યાગ્નિ વા વાદળાં ...*

એનાથી શરૂ થતી એ પ્રાર્થનામાં આશ્રમ ભજનાવલીના પ્રારંભના શ્લોકો પછી ભગવદ્ ગીતાનો બીજો અધ્યાય, 'સમાધિમાં સ્થિતપ્રજ્ઞ' પછી બાપુજી એકબે ભજનો ગવડાવે. (નરસિંહ, મીરાં કે સુરદાસના પદો) પછી 'ૐ તત્ સત્' પછી 'જય જગદીશ હરે' – રઘુપતિ રાઘવની ધૂન પછી 'સિયાવર રામચંદ્ર કી જય, પવનસૂત હનુમાન કી જય, બોલો સબ સંતન કી જય' બોલાય એટલે નાનકડાં સૌ ઊભાં થાય. ગાદીએ પ્રણામ કરી બાપુજીને પ્રણામ કરવાના, પછી ભાઈ, બા, ભાભી સૌને પગે લાગી પાછી બાપુજી પાસે સરોજ બેસી જતી. બાપુજીની જમણી બાજુ સાવિત્રીબહેન ને ડાબી બાજુ સરોજ બેસે. બાપુજીની સામે લાકડાના સ્ટેન્ડ જેવી ઘોડી મુકાય ને તેના ઉપર શ્રી રામચરિતમાનસનો પવિત્ર ગ્રંથ.

અને પછી બાપુજી પેલી નાનકડી સરોજની આંગળી તે ગ્રંથની ચોપાઈના એક એક અક્ષર ઉપર ફેરવાવે. ગાય. સમજાવે. ગવડાવે – ગાતાં શીખવાડે. આ ક્રમ પણ અતિનિયમિત.

અને પછી સીધા પથારીમાં ! દિવસે કે રાતે નવરાશની પળોમાં પણ ફળિયામાં કે ઓટલે કોઈને મળવાનું, વાતો કરવાની એવો કોઈ ક્રમ કે રિવાજ એ ઘરમાં ન હતો.

દિવસે સમય મળે તો બાપુજીની વિશાળ લાઈબ્રેરીમાંથી કંઇક ને કંઇક વાંચતા શીખવવામાં આવતું. અરે! તકલી કે રેંટિયો પણ શીખવવામાં આવતો.

ઘરમાં સાંજે પણ સૌ વહેલા પરવારી જતા. મહેમાન હોય તો તે પણ પ્રાર્થનામાં જોડાતા.

દર ચોમાસામાં બાપુજી ભાગવત પણ વાંચીને સમજાવતા.

પ્રાર્થનાના એ પવિત્ર સંસ્કારો ગળથૂથીમાં જ મળ્યા તો તે સદ્‌ભાગ્ય નહીં તો બીજું શું ગણાય! બાળપણનો આધ્યાત્મિક ઉઘાડ આવા અધ્યાત્મરંગી પિતાના શ્રી અંકે થઇ રહ્યો હતો. સાત્વિક ને પ્રેરક સાહિત્યથી ઠેઠ બાળપણથી વિભૂષિત કરવાનું યજ્ઞકાર્ય બાપુજી કરતા રહ્યા.

બા, બાપુજી ચારધામ કરીને આવ્યાં તો સરોજ ને સાવિત્રી માટે ભગવાન શ્રી રામ ભાગ-૧, ભાગ-૨ ચિત્રવાર્તા લાવ્યા. વારંવાર તે વાંચવાનું બનતું. એ રીતે ગાંધીમેળામાં દર વરસે બાપુજી લઇ જતા તો

ત્યાંથી હનુમાનના પરાક્રમનું એક, બાળકોને ગમે એવું પુસ્તક લઇ આપેલું. તે પણ ખૂબ ગમતું ને વારંવાર વાંચતાં.

બાળપણના પ્રેરણાની પરબડી સમા આ સ્મરણને વાગોળવાનો પણ એક સાત્વિક આનંદ આજકાલ આ પૃષ્ઠો ઉપર પ્રાપ્ત થઇ રહ્યો છે.

આ પહેલું પવિત્ર સ્મરણ જ જાણે આધ્યાત્મિક જીવનની પ્રથમ ઈંટ જેવું છે. એ ઈંટ પૂર્વજોના પ્રસાદ સમી છે. એક જ ઈંટથી મંગલ મૂહુર્ત થયું તે ભવ્ય ઈમારતના સર્જન માટેના શ્રીગણેશ હતા.

પ્રાર્થના ને શ્લોકો જીવનપ્રભાત-મધ્યાહ્ન-સંધ્યા-મહારાત્રિને પણ પ્રકાશિત કરતાં રહેશે. પ્રાર્થનાનો પાલવ પકડી બાળ જગમેળામાં વિચરણ કરશે, જ્યાં ઠરવાનું હશે ત્યાં જ ઠરશે. જ્યાં જવાનું હશે ત્યાં જ જશે. પાલવનો એ પ્રભાવ જન્માંતરોને પણ નિત્ય નવો પ્રકાશ પાથરતો રહેશે.

પાલવ પકડાઈ ગયો કે કોઈકે પકડાવી દીધો! પણ એ પાલવ જ જાણે બાળજીવનની જીવાદોરી છે. એ પાલવમાં પરમપુરુષ પરમાત્માને પણ જીવનઆંગણે ઉતારવાની શક્તિ છે.

પ્રાર્થનાનો પાલવ પકડીને પગલાં પાડનાર બાળ પરમ ભાગ્યશાળી છે. પરમાત્માનો એ પસંદગી પામેલો બાળ હશે. પરમશાંતિ ને પરમ આનંદનો એ પ્રતિનિધિ બનીને સૌને પરમ પ્રદેશ પ્રતિ પ્રયાણ કરાવનારો હશે.

*

બીજું સ્મરણ, બા રેંટિયો કાંતતા તેનું છે. ઘરનાં બે પ્રવેશદ્વાર હતાં. બીજા પ્રવેશદ્વાર પાસે જ રેંટિયો ખોલીને બપોરે બા અચૂક કાંતવા બેસતાં.

અમને પણ તકલી ચલાવતા બાળપણથી જ શીખવાડેલું, બાપુજી પણ તકલી ચલાવતા.

નાનકડા અમને પણ રૂ પીંજવાનું કે પૂણી બનાવવાનું શીખવાડેલું એટલે સળિયામાં પીંજેલું રૂ વીંટીને પાટલીથી પૂણી બનાવવામાં અમે સહાયક થતાં.

બાએ કાંતેલા સૂતરમાંથી બાપુજીના વસ્ત્રો તૈયાર થતાં. વળી બા રેંટિયા પર ના હોય તો અમે પણ ત્યારે રેંટિયો ચલાવવાનો પ્રયોગ કરી જોતાં. જાડું જાડું કાંતીને ત્રાક પણ તરડી નાંખતા. તો બા પાછા બધું જ સૂતર કાઢીને અમને રેંટિયાને ના અડવાની સૂચના પણ આપતાં.

*

ત્રીજું સ્મરણ છે ગરબાનું. અમારા ઘરની હરોળમાં જ શ્રી ગોવિંદભાઈનું ઘર હતું. અમે એમને મામા કહેતાં. તે મામાએ એક વાર ગરબાનો કાર્યક્રમ રાખેલો તેમાં આ નાનકડી સરોજને દેવી બનાવેલી (ભારતમાતા). મામાએ જ જાતે નાનકડું ટેબલ ગરબાની વચ્ચે મૂકેલું ને તેના પર પેલી નાનકડી સરોજને વાળ છૂટા રાખીને, હાથ ઊંચો કરીને બેસાડેલી. સૌએ ફરતે ગરબા ગયેલા.

એ સ્મરણ પણ મન અંતરમાં પથરાઈ ગયું છે.

*

ચોથું સ્મરણ છે એ નાનકડી સરોજ મસ્તીથી પોતાની રીતે જ રમતી. અને નવાઈની વાત તો એ હતી કે તે બાળ સરોજ શિયાળાની ભારે ઠંડીમાં ફક્ત ચડ્ડી ને પેટિકોટ જ પહેરીને ફરતી. અને ઉનાળાના ભયંકર તાપમાં લાલ ને કાળા ઊનથી ગૂંથેલી ગરમ બંડી પહેરતી.

બાળપણમાં તે વળી આ કેવી ધૂન? જાણે દેહથી ઉપર ઊઠવાની રમત હતી કે શું? સૌ કોઈ સમજાવતું, વઢતું, કઢાવવા પ્રયત્ન કરતું પણ સરોજ ક્યાં કોઈનું માને? પોતાની ધૂનમાં જ મગ્ન. જે કંઈ ધાર્યું તેને જ વળગી રહેવાનું.

*

પાંચમું સ્મરણ પણ અદ્‌ભુત છે. નિર્દોષ તોફાન મસ્તીથી ભરેલા બાળપણનાં એ સ્મરણો આ પૃષ્ઠો ઉપર પ્રભુ જ જાણે પોતાની કલમથી ઉતારી રહ્યા છે.

આ સ્મરણો જાણે ચિત્રપટની જેમ જીવંત બનીને તાદૃશ થઇ રહ્યાં છે.

એ નાનકડી ૬, ૭ વર્ષની સરોજ કોઈ નાની વાત ઉપર જીદે ચઢે. ને એ જીદ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે ઘરનાં સૌ કંટાળે, થાકે ને સરોજને પ્રસાદી પણ આપે. એટલે મોટેથી રડવાની એને ટેવ. રડતાં રડતાં પણ જીદ તો ના જ છૂટે. બહાર ઓટલા પરના બાંકડા પર બેસીને રાગડા તાણીને રડવાનું, છેક રાત સુધી ઘણીવાર તો ચાલે. સૌ વારાફરતી મનાવે ‘ઘરમાં આવ, જમવા ચાલ, સૂઈ જા’ પણ એ સરોજ માને તો ને? ના જમવા ઊઠે, ના ઘરમાં જાય.

સૌ કોઈ થાકે. રાત પડે. અંધારું થવા માંડે. દૂર મેળિયાનું નાનકડું ફાનસ ફળિયાના નાકે ટમટમતું હોય પણ તેનો પ્રકાશ કંઈ બાંકડા સુધી ના આવે. એટલે ઓટલા ઉપર અંધારું થતાં જ બીક લાગે ને ધીરે રહીને ઘરમાં જઈને એ સૂઈ જાય.

ઘણી વાર જીદે ચઢેલી રડતી રડતી બાંકડે જ ઊંઘી જાય. તો વડીલોમાંનું કોઈ ઊંચકીને અંદર લઇ જતું. ત્યારે જાગી તો જવાતું પણ મૌન રહીને પલંગ પર સૂઈ જવાનું સ્મરણ પાકું છે.

એ દિવસો કેવા હતા? આજે પણ પેલી બાંકડે બેઠી બેઠી રડતી સરોજ જાણે સામે જ દેખાય છે.

જીદ અને રુદન બાળમાનસના જાણે સંગાથી હતાં. સંસાર ને સ્વજનોથી રિસાઈને રડવાનો જાણે એ એકમાત્ર ઉપાય હતો. કદાચ સૌથી અળગા રહીને સૌથી મુક્ત બનીને સ્વતંત્ર જીવન જીવવાનો એ અભિનય કે એની જાણે તાલીમ હશે?

બાળપણના એ સ્વભાવ પાછળનાં ગૂઢ રહસ્યો તો શ્રી હરિ વિના કોણ ઉકેલવા સમર્થ છે!

*

છઠ્ઠું સ્મરણ નામ વિશેનું પણ છે. બાપુજીએ જ નામ આપેલું સરોજ. ઘરમાં અમે સૌથી નાના. માટે ઘરમાં ને ફળિયામાં સૌ ‘બચલી’ કહેતાં. નાનકડી જાણે બચ્ચી. નામ તો હતું ઘણું વહાલસોયું, પણ જેમણે નામ આપેલું તે બાપુજી શિષ્ટાચાર અને શુદ્ધ ઉચ્ચારના આગ્રહી. એટલે તેમણે નાનકડી સરોજને શીખવેલું, “તને કોઈ ‘બચલી’ કહે તો તારે ના બોલવું. જવાબ જ ના આપવો. ને કહી દેવું, ‘મારું નામ તો સરોજ છે.’ સરોજ નામથી બોલાવે તો જ બોલવું.”

બાપુજીએ જેવી વાત પાકી કરાવી કે તરત જ તેનો અમલ ! પરિણામે થોડા દિવસોમાં જ સૌને સરોજ નામ મોઢે ચડી ગયેલું. બાપુજીની નામ પ્રત્યે કેવી સન્માનની ભાવના ને જાગૃતિ હતી !

*

સાતમું સ્મરણ શિક્ષણક્ષેત્રનું છે.

કપૂરામાં ત્રણ ઓરડાની શાળા હતી. દરેક ઓરડા ઉપર લાકડાની જાળી હતી. બહારથી સૌ કોઈ જોઈ શકે તેવા એ ત્રણ ઓરડામાં અમે ગામમાંથી જઈએ. તે પહેલો ઓરડો જે હતો તેમાં ભણવા જતા. એ વખતનાં ગુલાબી ફૂલવાળાં ચણીયાચોળીનું પણ સ્મરણ તાજું છે.

વર્ગમાં ફક્ત બે જ બાંકડા જેવી પાટલી હતી. વ્યારાથી એક જ શિક્ષક આવતા.

નીચા, અણીદાર નાક, આંખે ચશ્માં, પીળી કફની ને ધોતિયું તેમનો પહેરવેશ. નામ તેમનું નરસિંહભાઈ.

ધોરણો ત્રણ, ઓરડા પણ ત્રણ પણ આખી શાળામાં શિક્ષક એક જ!

અગિયારથી બે વાગ્યા સુધી એ આંક બોલાવતા.

*એક દૂ દૂય, બે દૂ ચાર*

ને બપોર પછી કવિતા ગવડાવતા.

વર્ગમાં અમે ત્રણ બહેનો ને એક કે બે ભાઈઓ હતા, તેવું યાદ છે.

શિક્ષક શ્રી નરસિંહભાઈ બહુ કડક હતા. કંઇક વાંકુ પડે તો વિદ્યાર્થીને ટેબલ ઉપર હાથ મુકાવીને આંકડી મારતા.

તે દિવસોથી જ બાપુજીનો એક પ્રભાવ ને એક પ્રકારની આમન્યા ને એક પ્રકારનો ડર પેલા શિક્ષકને પણ હતો. તેથી જ અમને એ આંકડીનો પ્રસાદ કદી મળ્યો નથી. માર ખાવાની તક શાળામાં નથી મળી.

ઘરની તોફાની સરોજ ફળિયામાં કે નિશાળમાં શાંત થઇ જતી હશે.

કપૂરાની એ શાળામાં વરસો સુધી બાપુજીનો નિયમ પણ અમને ચોક્કસ સ્મરણમાં છે. દર વરસે નિશાળમાં ૧૫ ઓગસ્ટ ને ૨૬ જાન્યુઆરીએ આખી શાળાને ઘરનું દૂધ બાપુજી તરફથી વહેંચવામાં આવતું. દરેક સીઝનમાં એક દિવસ દરેકને કેરી પણ બાપુજી વહેંચતા ને શેરડીની સીઝનમાં શેરડીનો રસ પણ આખી શાળાને વરસો સુધી વહેંચતા હતા.

નાનકડા ઝાંપે પતરાના મોટા કેનમાં દૂધ અને શેરડીની સીઝનમાં શેરડીનો રસ લઈને એ ઉભા રહેતા ને સૌને વહેંચતા.

આપણી સંપત્તિને વહેંચવાનો ને ત્યાગીને ભોગવી જાણોનો ઇશાવાસ્યનો ઉપદેશ પણ માતાપિતાએ ગળથૂથીમાં જ ધરી દીધો છે.

બાપુજીનો શિક્ષણ જગત સાથેનો એવો અલૌકિક નાતો હતો. એ તાંતણે સૌને મળતા, સૌના સુખદુઃખના સાથી બનતા.

*

આઠમું સ્મરણ પણ બાળમાનસનું દર્શન કરાવનારું છે.

દરરોજ રિસેસમાં ઘરે આવવાનું. નિશાળ તદ્દન પાસે હતી. ઘરે આવીને જમવાનું. જમીને પાછા નિશાળે જતાં બા સૌને કંઈ આપતાં. આ 'કંઈ' એટલે દરેકને ઘરેથી ચણા, ધાણી ને પૌંઆ મળતા તે.

અમારા ઘરમાં આ 'કંઈ' વિશેષ રીતે ને વિશેષ રૂપે મળતું. રિસેસમાં ઘરેથી પાછા નિશાળે જઈએ ત્યારે બા લાકડાનો નાનો કબાટ ચાવીથી ઉઘાડીને તેમાંથી કાજુ આલુનો ડબ્બો કાઢતાં ને પાઈનેપલના તૈયાર ટુકડાનો ડબ્બો કાઢી તેમાંથી ૫, ૭ કાજુ, આલુ ને પાઈનેપલના એકબે ટુકડા અતિનિયમિત રીતે અમને આપતાં.

તે દિવસોમાં અમારાં એક ફોઈ જે સ્વર્ગસ્થ થયેલાં તેમના પુત્ર, શ્રી ધીરુભાઈ મુંબઈમાં રહેતા. બા કપૂરાથી ઘી, મગસ મોકલે ને ધીરુભાઈ પાછા મુંબઈથી કાજુ, આલુ ને પાઈનેપલ મોકલે.

તે દિવસોમાં જે કંઈ મોંઘુ મનાતું તેને લાકડાના બંધ કબાટમાં મૂકવામાં આવતું.


'કંઈ'માં આવું કીમતી મોંઘુ લઇ જતાં પણ નાનકડી સરોજ બે જ મિનિટમાં ઝાંપે પહોંચતી. બે મિનિટમાં કેટલું ખાઈ શકાય? મોટા ભાગનું સાથે ભણતી બહેનો ઝાંપે ઊભી જ હોય તેમને આપી દેવાનું બનતું.

'વહેંચી દો, ભલે આપણા હાથનું બધું જ અપાઈ જતું.' આ હતું બાળપણનું સંસ્કારભાથું. નિર્દોષ, આનંદ ને મસ્તીભર્યા એ તોફાની દિવસોની આ ઝલક.

જન્મથી આઠ વરસ સુધીની ઉંમરનાં આ આઠ સ્મરણોનાં ફૂલડાં શ્રી હરિચરણે ધરીને કલમ હવે જીવનના બીજા વિભાગમાં પ્રવેશ કરશે.

* * હરિઃ ૐ * *

## <u>નવમું અવનવું વરસ</u>


સરોજ
('મા' સર્વેશ્વરીનું શિશુસ્વરૂપ)

સદ્ભાગ્ય તો એ હતું કે અમારા પિતાજી શિક્ષણપ્રેમી હતા. તેથી પોતાના સંતાનોને ગામમાં સગવડ ના હતી તો અન્ય સ્થળે પણ મૂકીને શિક્ષણ તો આપવું જ, એવો આગ્રહ.

અને તેથી જ વ્યારામાં ઘર ભાડે રાખીને સરોજને પણ સાવિત્રીબહેન અને સુશીલાબહેન જોડે આગળ શિક્ષણ આપવાની યોજના બાપુજીએ ઘડી.

વ્યારાથી દૂર લગભગ બહાર ઊનાઈ રોડ ઉપર ખેતીવાડીના ફાર્મ પાસે એક ઘર શોધી કાઢ્યું.

તે ઘર કપૂરાના જ શ્રી નરસિંહભાઈનું હતું. તેઓ પૌંઆ ખાંડવાનું મશીન રાખતા એટલે એક ઘરમાં તે પોતે રહેતા ને સામે જૂનું, કાચું ઘર હતું, જે પૌંઆના કારખાના તરીકે જાણીતું ને એ જ કામમાં વપરાતું હતું. તે ઘરમાં અમારું રહેવાનું પાકું થયું. એ ઘરમાં બરાબર મધ્યમાં પૌંઆનું મશીન પણ હતું.

કોઈક ધન્ય ક્ષણે કપૂરાનું ઘર છોડીને વ્યારાનાં ઘરમાં ત્રણ બહેનોએ પ્રવેશ કર્યો.

નાનકડી નવ વરસની પેલી સરોજ માટે પણ જાણે તે સહજ વાત હતી. કપૂરા માતા-પિતાને છોડતાં કંઈ દુઃખ ના થયું હોય તેના બે કારણ હતાં. એક કારણ બે બહેનો સાથે હતાં ને બીજું કારણ, બાપુજી તો લગભગ દરરોજ જ મળવાના હતા. એટલે વ્યારાના એ ઘરમાં ગોઠવાઈ જવામાં વાર ન લાગી.

નાની ઉંમરે ઘર છોડવું કેટલાંક બાળકોને ખૂબ અઘરું લાગે. પણ અહીં તે પ્રશ્ન ન નડ્યો.

વ્યારાના એ ઘરમાં રહીને બન્ને બહેનોએ તો વ્યારાની પ્રસિદ્ધ હાઇસ્કૂલમાં અભ્યાસ શરૂ પણ કરી દીધો. તે શાળામાં પાંચમાં ધોરણથી અગિયાર ધોરણ સુધીના વર્ગો હતા. એટલે ચોથા ધોરણ માટે ગાયકવાડ મહોલ્લામાં આવેલી કન્યાશાળામાં સરોજને પ્રવેશ અપાવવો પડ્યો.

કન્યાશાળાના વર્ગશિક્ષક શ્રી સદ્ગુણાબહેન હતાં. સ્વભાવે શાંત અને પ્રેમાળ હતાં. એ ચોથા ધોરણના વર્ગમાં સુમન નામની મૉનિટર હતી તે ખૂબ કડક હતી. તે જ લેસન આપતી ને લેસન તપાસતી. વર્ગશિક્ષકની ગેરહાજરીમાં તે જ વર્ગ સંભાળતી.

શ્રી સદ્ગુણાબહેનનો એક નિયમ હતો કે દરેક કન્યાએ કપાળમાં ચાંદલો કરવાનો. દરરોજ યાદ રાખીને સૌ ચાંદલો તો કરતાં, પણ કોઈક વાર ભૂલી પણ જતાં. તો વર્ગ શરૂ થતાં પહેલાં સુમન એ પણ તપાસી લેતી.

ઘણીવાર ચાંદલો ઘણાં ભૂલી જતા તો જોડે નીચે પાણી પીવાની ઓરડી હતી, ત્યાં જઈ જેના કપાળમાં ચાંદલો હોય તેના ચાંદલા ઉપર પાણી લગાડવાનું ને ભીનો થયેલો ચાંદલો સામેની છોકરીના કપાળે લાવવા એકબીજાનું માથું જોરથી અડાડવાનું.

સરોજ પણ કોઈ વાર ચાંદલો ભૂલી જાય તો એ પ્રવૃત્તિમાં જોડાતી.

વર્ગશિક્ષક કરતાં પણ સુમન મૉનિટરની બીક સૌને લાગતી, કારણ તે બધા જ વિષયમાં હોશિયાર હશે. તે લેસન તપાસતી તે પણ કારણ હશે. સરોજને પણ તેની બીક લાગતી.

સુશીલાબહેન અને સાવિત્રીબહેન ઉનાળામાં સવારની સ્કૂલ એટલે ૭ વાગ્યે સ્કૂલે જાય ને ૧૧ વાગ્યે છૂટી જાય. જ્યારે પેલી કન્યાશાળા તો ઉનાળામાં પણ ૧૧ થી ૫ જ રહેતી. તેમાં કોઈ ફેરફાર થતો ન હતો.

સવારે સાત વાગ્યા પછી ઘરમાં સરોજ તો એકલી પડે. જોકે સામેવાળાં બહેન વાળના ચોટલા ગૂંથી દે, કોઈક વાર જમાડે પણ ખરાં. પછી શાળાએ જવા સરોજ ઘરે તાળું મારીને દફતર લઈને બારણામાં બેસે.

ઉનાળામાં દરરોજ સરોજ જ એકલી ૧૧ વાગ્યે ભણવા જાય ને બંન્ને બહેનો તો ઘરે આવી જાય. તે સરોજને ના ગમે. એટલે ઘણી વાર તાળું મારી દફતર હાથમાં લઇને જવાની તૈયારી તો કરે પણ, 'મારે જ એકલીએ જવાનું' એવા વિચારનું દબાણ વધતાં સરોજે એક ઉપાય શોધી કાઢ્યો.

તાળું મારી, દફતર હાથમાં લઈ બારણામાં જ બેઠેલી, નવ વરસની નાનકડી એ સરોજ ૧૧-૩૦ થતાં જ દૂરથી બન્ને બહેનોને આવતાં જોઇને રડવાનું શરૂ કરે 'મારે ભણવા નથી જવું.'

એકબે દિવસ તો એ જીદને ચલાવી લેતાં. ને રજા પડતી. પણ એ ક્રમ દિવસે દિવસે વધવા લાગ્યો.

બન્ને બહેનો તાપમાં ચાલીને આવે. ભૂખ લાગી હોય, રસોઈ બનાવવાની બાકી હોય ને તેમાં વળી આ સરોજ રોજ રોજ રડીને શાળામાં ન જવાની જીદ કરતી. એટલે બન્ને બહેનો વઢે, મનાવે, જીદ વધે તો શિક્ષામાં થપ્પડ પ્રસાદી પણ દઈ દે.

દરેક વખતે જીદનો વિજય થતો તેવું ન હતું. મનાવી-પટાવીને પણ સરોજને મોકલતાં, પણ હદ થતાં માર પાડવા માંડ્યો.

માર એટલે એક-બે થપ્પડ જ. પણ નવ વરસની એ સરોજને એમાં માનહાનિ લાગી હશે તે એક વાર થપ્પડ પડતાં જ તે ઘરમાંથી તરત નીકળી ગઈ.

'છોડી દો સ્વજનોને' એવું કંઇક મનમાં ઉગ્યું હશે ને બીજી બાજુ 'માતાપિતા તો મારા પક્ષે જ છે ને' એવો વિશ્વાસ હશે.

એટલે પાસે જ કપૂરા જવાનો જે રોડ હતો ત્યાં કપૂરા ભણી ચાલવા માંડી. બહેનો પાછી લાવવા માટે પાછળ દોડે. પણ એ તો ચાલવા માંડી. ઠેઠ કપૂરા સુધી પાછી ના વળી, ના ઊભી રહી.

તે દિવસોમાં બળદગાડાની જ અવરજવર અને તે પણ છેક નહીંવત્. ચાલતા માણસો પણ ભાગ્યે જ મળે. બસ કે સ્કૂટરનો તે જમાનો ન હતો. રસ્તે મીંઢોળા નદી પણ આવે. ચઢતાં ઉતરતાં ડર લાગે તેવી કોતરડી પણ આવે.

એવા એકાંત જેવા લાગતા રસ્તેથી પસાર થઈને સરોજ એકલી કપૂરા પહોંચી ગઈ. ના કોઈ સંગાથ હતો, ના કોઈ ડર હતો, કે શું થશે તેની ચિંતા હતી.

દોઢ કલાકમાં તો કપૂરા ઘરે પહોંચી ગઈ. ઘરમાં સૌએ જાણ્યું. રાત તો અમે રહ્યાં. જમ્યાં. સુઈ ગયાં. પણ સવારે બાપુજી જાતે ઘોડાગાડીમાં પાછા વ્યારા મૂકી ગયા.

ને નાનકડી સરોજે કામચલાઉ તો જાણી લીધું, માની લીધું કે ભણવા તો જવું જ પડશે.

એટલે પાછું એક-બે અઠવાડિયા નિયમિત શાળામાં જવાનું શરૂ થઇ ગયું.

વળી પાછું મનમાં કંઈ આવી ગયું તો પાછું એ જ રટણ, 'ભણવા નથી જવું.'

ફરી થપ્પડ મળી. કપૂરા ઊપડી ગયાં. હવે તો જાણે તે વાત સહજ લાગી. ફરી પિતાજી સરોજને મનાવી-પટાવીને વ્યારા મૂકી ગયા.

ત્રીજી વાર જ્યારે એનું પુનરાવર્તન થયું ત્યારે કપૂરાના ઘરમાં અમે સંધ્યાકાળે દાખલ થયા. વાત એમ હતી કે રોજ ચાર વાગ્યે વ્યારા મ્યુનિસિપાલટીના નળનું પાણી ભરવાનું. તેમાં સરોજને પણ મદદ કરવી પડતી. તેમાંથી કંઈક રીસ ચઢી એટલે નવ વરસની એ સરોજ વ્યારાનું ઘર છોડીને કપૂરા સંધ્યાકાળે પહોંચેલી.

આ રીતે ત્રીજી વાર સરોજને આવેલી જાણીને બાને ગુસ્સો આવ્યો. બા વાડામાં જ હતાં. સરોજ પણ ઝાંપેથી વાડામાં થઈને જ ઘરમાં પ્રવેશતી હતી. ત્યાં જ બાએ ગાલ પર એક થપ્પડ મારી.

ખોટી ટેવ પડી છે. થપ્પડથી પાઠ ભણશે, એવા હેતુથી બાની પણ અણધારી, ના કલ્પેલી પ્રસાદી મળી. અને એ સ્વમાની સરોજ ઘરમાં પણ ના ગઈ. ના પાણી પીધું, ના જમવા રોકાઈ. તરત જ પાછું વ્યારા ભણી ચાલવા માંડ્યું.

અંધારું થઇ ગયું હતું. બાએ પાછી વાળવા પ્રયત્ન પણ કર્યો પણ એ જીદ ને એ રીસ કંઈ સામાન્ય ન હતાં. વ્યારાના રસ્તે અંધારે એકલી એ તો બસ ચાલવા જ માંડી.

કપૂરાથી સાંજનું દૂધ – વ્યારા હોટેલમાં વેચવા માટે નોકર દીનાભાઈ રોજ જતા. તેને બાએ ભલામણ કરી કે અમારે ત્યાંની સરોજ એકલી જ વ્યારા જવા નીકળી છે, રસ્તે મળે તો સાચવીને ત્યાં પહોંચાડજે.

થોડી જ ક્ષણોમાં દીનાભાઈ મળી તો ગયા. પણ તેની સાથે એક શબ્દની પણ વાતચીત ના કરી. રીસ, જીદ, હિંમત ને પોતાની મસ્તીમાં મસ્ત બનીને સરોજ તો પાછી વ્યારા પહોંચી ગઈ!

રાત પડી ગઈ હતી. બન્ને બહેનોએ ફાનસના અજવાળે જોઈ લીધું કે બહેન તો પાછાં આવી ગયાં છે! એટલે કંઈ પણ ઠપકો આપ્યા વગર જ ઘરમાં આવવા દીધી.

અને તે દિવસથી પાછો નિશાળે જવાનો ક્રમ ચાલુ થઇ ગયો. અરે, અતિનિયમિત થઇ ગયો.

શિક્ષાના પ્રસાદની અને અણધારેલી બાની થપ્પડ પ્રસાદીથી અભ્યાસમાં નિયમિતતા આવી ગઈ.

જરૂરી હશે તો એવો પ્રસાદ પણ પામતા રહ્યા. પણ નાનકડી એ બાળકીના મનમાં એવી તે વળી શાની રીસ ને જીદ ચઢતી કે તેને ઘર છોડવાનો જ વિચાર આવતો?

તે ઉંમરે, તે જાતે જ ઘર છોડવાનો નિર્ણય લઇ શકતી. હિંમતથી ઘર છોડી પણ દેતી. સ્વજનોના આવકારનો અભાવ જોતાં કપૂરાનું ઘર પણ છોડી દેતી.

એ ઉંમરે એ બાળકીને ક્યાં કોઈની સલાહ લેવાની હતી? પોતે જ પોતાના મનના રાજા ! પોતાનું ધાર્યું જ કરવાની વૃત્તિ અને તેને જ વળગી રહેવાની દૃઢતા. એ હિંમત, એ જીદ, એ રીસ, એ સંકલ્પશક્તિ બાળપણથી જ જાણે બીજરૂપે વેરાયેલી હતી.

બાળમાનસમાં નાના નાના પ્રસંગો જ કેવો વૈરાગ્ય જગાડી જતા એની ઝલક અહીં જોવા મળે છે.

*

બીજો પણ એવો પ્રેરક પ્રસંગ સ્મરણમાં જડાઈ ગયો છે. વેકેશનમાં બાપુજીના બહેનને ઘેર ચાર-પાંચ દિવસ સાવિત્રીબહેન સાથે રહેવા ગયેલાં.

ત્યાં પણ કામ તો એક જ હતું. રમવાનું. ફળિયાના બાળકો જોડે રમતાં. આગળના હીંચકાની આસપાસ પણ રમતાં.

એક બાળકને મોઢા પર ગરમીથી ફોલ્લો થયો હતો. આ બાળ સરોજે તે જોયો.

સરોજને થયું એ ફોલ્લો મને પણ નાક પાસે થાય તો કેવું સારું! બસ આ વિચાર મનમાં પ્રવેશતાં જ એક જ વાક્યનું રટણ સતત થવા માંડ્યું, ‘મને પણ નાક પાસે એવો ફોલ્લો થાય તો કેવું સારું, મને પણ નાક પાસે એવો ફોલ્લો થાય તો કેવું સારું’. આ ધૂન શરૂ થઇ.

એક-બે દિવસ એ ધૂનમાં વીતી ગયા ને આશ્ચર્ય સાથે સરોજે ધ્યાનથી જોયું તો પોતાના નાક પાસે એક ફોલ્લો થયો !

તોફાની સરોજની કેવી ધૂન, કેવી માંગણી. અરે આ તે કેવી પ્રાર્થના!

પરંતુ એ ધૂન, માગણી કે પ્રાર્થના શ્રી હરિએ સાંભળી લીધી!

બાળમાનસમાં તે જ ક્ષણથી જાણ્યેઅજાણ્યે જડાઈ ગયું કે ભગવાન આપણે માંગીએ તે આપે છે. પ્રાર્થનાનો પ્રયોગ કરીએ તો પ્રત્યુત્તર પામીએ છીએ તે સત્ય એ ઉંમરે જ સમજાઈ ગયું, વણાઈ ગયું. અંતરમાં તે ઘટના કોતરાઈ ગઈ.

નવ વરસની ઉંમરનું એ પણ એક કીમતી ભાથું જ હતું ને!

નવ વરસની એક નાનકડી બાળકીની કલ્પના તો કરો. નાનકડી એ બાળકી અંધારે એકલી વનવગડે વૈરાગી બનીને મક્કમતાથી પગલાં પાડતી ચાલી રહી છે. સહજ રીતે સૌને છોડી દેવાની એ વૈરાગ્યભરી મસ્તી જ અધ્યાત્મ જગતની સર્વોત્તમ અવસ્થાને પામવા પાયો બનીને જાણે કાર્યરત થઇ રહી છે.

ફક્ત નવ વરસની એ વયમાં કેવી હિંમત, કેવી સંકલ્પશક્તિ, કેવી સહજ નીતરતી વૈરાગ્યવૃત્તિ ! બધું જ જાણે અદ્વિતીય છે. અલૌકિક છે.

નવ વરસો વાયુવેગે વહી ગયાં. લાડકોડની એ અવસ્થા પરિસમાપ્તિ ઉપર છે.

નવ વરસના એ નાનકડા જીવનને દૈવી સંપત્તિથી સજાવવાના પ્રયત્ન પૂ. પિતાજીએ જ કર્યા છે. જીવનના રાહબર ઘરમાં જ હતા. પિતાના સ્વરૂપે જાણે એક સાચા શિક્ષક અમને જન્મથી જ પ્રસાદીમાં પ્રાપ્ત થયા હતા. અમારું એ પરમ પ્રારબ્ધ હતું.

* * હરિઃ ૐ * *

## દસથી બાર વરસ

હવે બાળકથાનો ત્રીજો વિભાગ પ્રારંભ પામે છે.

દરેક વિભાગમાં સ્મરણીય સ્મરણો છે જ. એ સ્મરણોને આ પૃષ્ઠો ઉપર ગૂંથવાના પ્રયત્ન શ્રી ગુરુભગવંતના જ લાગે છે.

તો જ આ શરીરનાં ઠેઠ અઠ્ઠાવનમાં વરસે બાળપણને સંભારવાનું ને તેને પૃષ્ઠો પર ઉતારવાનું કાર્ય શ્રી ગુરુભગવંતે જ માંડ્યું છે. એમને જેટલું યાદ કરાવવું હશે તેટલું યાદ કરાવશે, લખશે, લખાવશે.

આ સ્મરણો વળી શા માટે લખવાનાં? મન એવા પ્રશ્ન પણ ક્વચિત્ કરે છે. પણ તરત જ મન એક જ પ્રત્યુત્તર વાળે છે. આપણે શું? એ જાણે ને એમની યોજના જાણે !

કદાચ બાળપણની મહત્વની પવિત્ર નિર્મળ ને નિર્દોષ ધરતી ઉપર સંસ્કારના બીજ ને સુટેવોની ખેડ કેવું ને કેટલું શકવર્તી કાર્ય કરી શકે તે સૌને બતાવવાનો શ્રી ગુરુભગવંતનો શુભ આશય હશે.

આપણે તો ગુરુભગવંતના લહિયા બનીને કાર્યરત થવાનું છે. જે કંઈ પ્રેરક ભાથું મળે તે પ્રસાદ. બાકીનું બધું સૂપડીમાંથી ઉડાડી દેવાનું.

ચાલો તો હવે દસમા વર્ષના દ્વારે આવી ગયા! ‘દશમું વરસ દર્શનીય બની રહે, સ્મરણીય બની રહે સૌને માટે!’ એવી પ્રાર્થના સાથે આ કલમ હવે આગળ યાત્રા કરશે.

વીતેલાં એ નવ વરસનાં સર્વ ક્ષેત્રના સર્વ સહાયક સ્વજનોને સ્મરણ સાથે સાદર વંદન કરી લઈએ.

*

કન્યાશાળામાં અનેક રજાઓ પડી હશે છતાં પાસ થઈ ગયા. ને હવે જાણે મોટા થયા એવું સૌને લાગ્યું હશે.

કન્યાશાળામાં સાત ધોરણ હતાં. પણ ફક્ત ચોથું જ ધોરણ ત્યાં ભણ્યાં.

પાંચમા ધોરણથી પેલી સરોજને મોટી સ્કૂલમાં બન્ને બહેનોની સાથે દાખલ કરવામાં આવી.

ફાર્મ પાસેનું ઘર ઘણું દૂર હતું. કોઈ પણ જાતની ત્યાં સગવડ ન હતી. છતાં નાછૂટકે ત્યાં એક વરસ રહેવું પડ્યું. પણ બાપુજીએ પછી એક ઘર શોધી કાઢ્યું.

તળાવને કિનારે ત્રણ-ચાર ઘર હતાં. તેમાનું જ એક ઘર સૂરતી બજારમાં ‘ધીરાકાકાની ચાલી’ના નામે ઓળખાતું. તે ઘરથી બે મિનિટના જ રસ્તે મસ્જિદ પણ હતી.

સામે નાનાલાલ માસ્ટર ને બાજુમાં એક માજી ને તેનાં બાળકો રહેતાં. પાસે જ વ્યારાનો કોટવિસ્તાર ને ઔદીચ્ય બ્રાહ્મણની વાડી હતી. એ ઘર એકંદરે સારું હતું. સ્કૂલથી નજીક હતું. વસ્તીની વચ્ચે હતું.

હવે ત્રણે બહેનો સાથે જ શાળાએ જાય છે ને આવે છે. માટે કોઈ પણ પ્રશ્ન ત્યાં ના નડ્યો.

એ ઘરમાંથી પાંચમું ધોરણ ભણ્યાં.

એક શનિવારે ઘરમાં અંધારું હતું તો લાઈટ કરવા જેવા સ્વીચ પાસે અમે ગયાં ને લાઈટ થઇ તો પગ પાસે કાળા રંગના ઊનના ચોટલા જેવું કંઇક પડેલું જોવામાં આવ્યું.

નીચા નમીને લેવા ગયા તો કાળો સાપ હતો! બૂમાબૂમ થઇ ગઈ. બધા ભેગા થઇ ગયા. સાપને મારી નાંખવામાં આવ્યો. બાજુવાળા માજીએ ત્રણે બહેનોને સૂચના આપી કે જ્યાં સાપ મારી નાંખ્યો તે જગ્યાએ ઘીનો દીવો કરો જેથી પાપ ના લાગે.

માજીની વાત કોઈ પણ દલીલ વગર સ્વીકારી લીધી. દીવો થઇ ગયો.

હાથમાં જો સાપ પકડી લીધો હોત તો? પગ પાસે જ હતો ને અંધારે પગ એના પર પડ્યો હોત તો ડંખ દેત. બધી જ શક્યતા હતી પણ શ્રી હરિએ રક્ષા કરી. એ નાનકડી સરોજને એક નવી દિશામાં વાળવા માટે પણ જીવાડવી જરૂરી હશે. તો જ રક્ષા થઇ ને!

*

અહીં બાજુમાં મસ્જિદ હતી. સાંજે નિયમિત નમાજ પઢતાં જે બાંગ પોકારવામાં આવતી તે બધા જ શબ્દો દરરોજ શ્રવણપટ પર અથડાતા એટલે સરોજને તે બધા જ શબ્દો મોઢે થઇ ગયેલા. આ રહ્યા તે શબ્દો: *અલ્લાહ હો અકબર અર રહેમાન્ અર રહીમ્*

દરરોજ મસ્જિદમાં જેવી બાંગ પોકારવાની ચાલુ થાય કે સરોજ તરત જ ઘરમાં બાંગ પોકારવા માંડે ! એ કામ ભૂલ્યા વગર કરે. બન્ને બહેનો વઢે, અટકાવે, સમજાવે, ધમકાવે કે, મુસલમાનની બાંગ બોલે તે મુસલમાન થઇ જાય. નકલ ના કરાય. પાપ લાગે. પણ એવી કોઈ શિખામણ કે સમજાવટ તે સમયે મનમાં ના ઊતરતી. બાંગ પોકારવાની એટલે પોકારવાની જ. એમાં કશું ખોટું ના લાગતું. જાણે તે એક પ્રિય પ્રવૃત્તિ હતી !

દયાળુ દેવને દ્વારે એ રીતે પોકારો પાડવાનો પ્રારંભ દસ વરસની ઉંમરથી જ જાણે થઇ ગયો હતો. પોકારો પાડવાની જાણે તે તાલીમ હતી. મસ્જિદની બાંગ કે મંદિરની પ્રાર્થના, બધું જ એ બાળકીને મન સરખું જ હતું, એવું લાગે છે.

એ બાળમાનસથી જાણ્યેઅજાણ્યે થયેલી બંદગીનો જ જવાબ આ વર્તમાન જીવન હશે. મસ્જિદના અલ્લાહ ને મંદિરના મહાદેવ બાળમાનસને એક જ લાગે ને?

*

સામેના ઘરમાં શ્રી નાનાલાલ માસ્ટર રહેતા. તેમને ત્યાં વૈષ્ણવ મંડળનાં ભજનો થતાં, તેમાં કોઈક વાર જતાં એવું યાદ છે. એ રીતે સૂરતી બજારની વૈષ્ણવની હવેલીમાં પણ એકાદ વાર ગયાં છીએ. બાકી બીજા કોઈ મંદિરે જવાનું યાદ નથી. અહીં પણ ઘરમાં નાનકડી દેવમંદિરની જગ્યા તો હતી જ. સવાર-સાંજ દીવો પ્રગટાવવાનું કાર્ય પણ કોઈ કોઈ વાર અમારે ફાળે આવતું હતું.

તળાવને કિનારે એ ઘરમાં થોડુંક રહ્યા પછી હાઈસ્કૂલથી છેક નજીક ઘર મળી ગયું.

વ્યારા ઊનાઈ રોડ પર થિયેટરની પાસે અફીણવાળાની ચાલમાં ત્રણ રૂમનું સરસ નવું ઘર હતું તેમાં ભાડે રહેવાનું થાય છે.

એટલે દસ વરસમાં આ ત્રીજું ઘર છોડવાનું થયું. કપૂરાનું, ફાર્મ પાસેનું ને આ તળાવવાળું ઘર પણ છોડ્યું. કોઈ પણ ઘરનાં વળગણને શ્રી હરિએ જ જાણે સહજ રીતે હળવા કરવાની યોજના બનાવી લાગે છે.

અહીં આ ઘરની આસપાસ આઠ ઘર એકસાથે હતાં. આખી ચાલમાં બધા લગભગ શિક્ષિત ને સારા સંસ્કારી ગણી શકાય તેવા જ પરિવારો હતાં.

છેક બાજુમાં બન્ને બાજુ વૈષ્ણવ શાહ પરિવાર જ હતો. શરૂઆતમાં દિલ્હીમાં સ્થિર થઇ રહેલો મથાઈ પરિવાર પણ થોડોક સમય પાડોશી તરીકે રહેલો. તે ઘરના સૌ ખૂબ સારું શિક્ષણ પામ્યા હતા. ચોથું ઘર પારસી ફોજદાર ડોલીબહેનનો પરિવાર હતો. પાંચમું ઘર અનાવિલ બ્રાહ્મણ, છઠ્ઠું ઘર શુક્લ પરિવાર, સાતમું ઘર પણ બ્રાહ્મણ પરિવાર, આઠમું ઘર જૈન પરિવાર હતો.

સર્વક્ષેત્રના શિક્ષિતોનો અહીં મંગલ મેળો હતો. સૌ શાંતિ, પ્રેમ ને સંપથી રહેતા હતા.

ઘણાનાં ઘરોમાં મતભેદ ચાલતા હશે, પણ એકંદરે એ વિસ્તારમાં સંપ ને સ્નેહના દર્શન થયાં કરતાં.

સૌ ભાડે જ રહેતા હતા. કેટલાક એમાં બદલાયા પણ હતા. પારસી ને બદલે પટેલ, ને મથાઈ ને બદલે વૈષ્ણવ પણ આવ્યા. અરસપરસ કોઈ કોઈનાં સગા ન હતાં. છતાં એકબીજાના ઘર સાથે સંકળાયેલા હતાં.

એ ઘરો સાથે અમારે પણ સારો સંબંધ હતો. પરંતુ કદી કોઈના ઘરે પાણી પીવાનું કે જમવા જવાનું ના થયું કે ના કદી એમના ઘરની કોઈ વસ્તુ અમારા ઘરમાં ખાવાના પદાર્થ તરીકે આવી. આચારસંહિતાનો અહીં સહજ રીતે અમલ થતો હતો. કોઈને ઘેર ના ખવાય એવી પણ એક તાલીમ બાળમાનસને મળી હતી.

કપૂરાથી જ વિવિધ જાતનું ભરપૂર ખાવાનું આવ્યા કરતું. દર શનિવારે સવારની શાળા એટલે કપૂરાથી બાપુજી જ ઘોડાગાડીમાં ટિફિન લાવતા. અને એ રીતે કપૂરાથી ચાલુ દિવસોમાં પણ વિવિધ વાનગી આવ્યા કરતી. એટલે એવી કોઈકને ઘેર ખાવાની કે પાણી પીવાની ઈચ્છા પણ થતી ન હતી.

કેવું સરસ એ બાળપણનું ભાથું હતું. હોટલો એક-બે હતી પણ તે તો તે જમાનામાં બગડેલા હોય તે જ હોટલનું ખાય, એવી એક હવા હતી. એટલે હોટલનું તો નામ પણ ના લેવાય. ઘરના જ પવિત્ર સાત્વિક ભોજનનો આગ્રહ અહીં સહજ ટેવ બનીને બાળજીવનમાં વણાઈ ગયો હતો. આચારસંહિતાનો પ્રથમ પાઠ શુદ્ધ સાત્વિક આહારનો હતો. એ પણ એક નોંધપાત્ર ઘટના જ ગણાય ને?

*

અહીં એ સર્વ ઘરો જાણે એક એક નવી નવી પરંપરાના પ્રતિક-શાં હતાં. સર્વ ક્ષેત્રના એ શિક્ષિત પરિવારોનો સહવાસ જાણે બાળમાનસને વિશાળતા ને ઉદારતાના પાઠો શીખવતો રહ્યો.

અલગ અલગ સંપ્રદાય, અલગ અલગ જ્ઞાતિ ને અલગ અલગ રીતરિવાજોને બાળપણથી જ મૂલવવાની એક તક અહીં મળી.

એ ઘરોમાં ગુરુમુખ, નિમ્મી, ચંદ્રિકા વગેરે બાળકો સરોજની ઉંમરના હતાં. એટલે બહાર ઓટલે કંઇક રમતાં હોઈશું. પણ એ બધા ઘરમાં આવે કે રમે કે જમે એવું ના બનતું. એટલે કે, એ મિત્રતા સાવ સાધારણ હતી. નિકટની ન હતી.

શાળામાં વળી બે-ચાર બહેનપણીઓ હતી. માલતી કોરાન્તે, અનિલા શાહ, સુરભિ શાહ, પુષ્પા ગાંધી. પણ તે બધાં પણ કંઈ અતિ નિકટનાં ના ગણાય.

પુષ્પા ગાંધીના ઘરે બજારમાં કોઈ વાર લેસન કરવા જતાં, તો અનિલાને ઘેર એકાદ વાર ગયેલાં. સુરભિનું તો ઘર જ જોયું ન હતું. પણ માલતી કોરાન્તેનો જરા નજીકથી પરિચય હતો.

માલતી મહારાષ્ટ્રિયન હતી. એના પિતાજીની નાનકડી દુકાન પૂતળા પાસે સ્કૂલથી પાસે જ હતી. એટલે નાની રિસેસમાં ને ઘણી વાર મોટી રિસેસમાં તે દુકાને માલતી જોડે જવાનું થતું.

શા માટે જતા? તે સમયે દુકાનમાં પાણી ભરવાનો નળનો સમય હતો. નળ દૂર હતો. પિતા વૃદ્ધ હતા તો સરોજ તે પાણી ભરવામાં મદદ કરતી. મદદ કરવા જ જતી હતી.

માલતીના ઘરે કદી ગયાં નથી. તે પણ અહીં ઘરે આવતી હોય તેવું સ્મરણમાં નથી.

*

એક સ્મરણ જાત્રાનું છે. વ્યારામાં પોષ મહિનામાં દર વરસે જાત્રા એટલે કે મેળો ભરાય. તે મેળો પંદર દિવસ ચાલતો. સ્કૂલની પાછળ જ તે ભરાતો. તેમાં ચકડોળ, સરકસ ને જાતજાતની દુકાનો મંડાતી.

શનિવાર હતો. ૧૧ વાગ્યે સ્કૂલ છૂટી ગઈ. ઘરે આવી ગયાં. સવારે જ શાળામાં માલતી જોડે તે દિવસે નક્કી કરી લીધું કે આજે આપણે બન્ને જાત્રામાં ફરવા જઈશું. તે મુજબ યોજના પાકી થઇ ગઈ.

ઘરમાં જણાવેલું એટલે એક-બે આના વાપરવા આપેલા તે લઈને માલતી ને સરોજ બપોરે જ ચાર વાગ્યે જાત્રામાં ફરવા ઊપડ્યાં.

પૈસા તો પેલું પટપટીયું નામના રમકડાં તથા ચકડોળમાં વપરાઈ ગયા. પણ જાત્રા આખી જોવાની તો બાકી રહી એટલે આગળ ચાલ્યા. જાતજાતની દુકાનો ને કોઈક જાહેરાત કરતા ઊંચા ઊંચા માણસો ચાલતા તે બધું જોવાની મજા તો આવે જ ને.

ત્યાં વળી સરકસનું બોર્ડ પણ વાંચવા મળ્યું ને નવાઈની વાત તો એ હતી કે ત્યાં દરવાન તરીકે માલતીના કોઈ ઓળખીતા જ ઊભા હતા.

માલતીને પૂછ્યું, ‘સરકસ જોવું છે? અંદર બેસવું છે? ૧૫ મિનિટ પછી આવજે, જગ્યા હશે તો બેસાડી દઈશું. ફરી આવો ત્યાં સુધી.’

એટલે પાછાં ફરવા ગયા. છ વાગ્યાનો સમય થયો એટલે માલતી ને સરોજ હાજર થઇ ગયા ને વગર ટિકિટે, મફત, સંબંધીના સામેથી આવેલા આમંત્રણનો સ્વીકાર કરી લીધો.

અંદર પાટિયા પર બેસી ગયાં. છ વાગ્યાનો ખેલ શરૂ થયો. હાથી, ઘોડા, રીંછ, વાનરો ને કસરતોથી ભરપૂર એ સરકસ જોવાની મજા પડી.

ઘરેથી ચાર વાગ્યાની નીકળેલી સરોજ જાત્રામાંથી હમણાં આવશે, હમણાં આવશે એમ માનતી બન્ને બહેનો રાહ જોતાં રહ્યાં. સાત વાગ્યા. અંધારું થવા આવ્યું. અરે, આઠ થઇ ગયા. હવે તો સરોજ નક્કી ખોવાઈ જ ગઈ હશે. ભૂલી પડી હશે ! છેવટે તેઓ સરોજને શોધવા નીકળી પડ્યાં. સાથે બાજુવાળા ચૂનીભાઈનો સેવક બાબુ પણ શોધમાં જોડાયો.

પૂરા એક કલાક સુધી જાત્રાનો ખૂણેખૂણો શોધતા રહ્યા. ચિંતા વધવા લાગી. પછી યાદ આવ્યું, કદાચ આ સરકસમાં બેઠી હોય તો ! ચાલુ ખેલે અંદર તો તપાસ કરવા પણ ના જવા દે. એટલે સૌ શો છૂટવાની રાહ જોતાં દ્વારે ઊભાં.

નવ વાગ્યા, શો પૂરો થયો. નીકળતાં લગભગ ૯-૧૫ થઇ ગયા. પણ માલતી–સરોજને બહાર નીકળવાની ક્યાં ઉતાવળ હતી? શાંતિથી સૌ નીકળ્યા પછી બન્ને છેલ્લે નીકળ્યાં.

કારણ સરકસનો શો પૂરો થયા પછી પણ ત્યાં પ્રાણીઓ ને બાળકો તો મંચ ઉપર નવા શોની તૈયારી માટે હોય જ ને ! તો તેમને જોવાનું કામ પણ માલતી ને સરોજ પાસે હતું ને! એટલે છેલ્લે બહાર નીકળ્યાં.

ત્યાં જ શોધનારા સૌ મળ્યા ને સૌને હાશ થઇ. સાવિત્રીબહેન વઢ્યાં. ત્યારે જ ખ્યાલ આવ્યો, ભાન થયું કે, ‘અરે.. રે નવ વાગી ગયા! આપણે તો ચાર વાગ્યાનાં ઘરેથી નીકળેલાં. આપણે તો ભૂલી જ ગયાં કે સૌને ચિંતા થાય. સૌ વાટ જોતાં હશે. સૌ શોધવા પણ નીકળશે.’

હાશ ! આખરે સરોજ મળી ગઈ એવા સંતોષ સાથે સરોજને વાજતેગાજતે ઘેર લઇ ગયાં! માલતી એને ઘેર ગઈ.

સરકસ જોવામાં સરોજ ખોવાઈ ગઈ? અરે! સંસારેથી ખોવાઈ જવા જ સર્જાયેલી આ સરોજ ઘર ભૂલી જાય ને સ્વજનો પણ ભૂલી જ જાય તેમાં શું આશ્ચર્ય? સૌને લાગે કે સરોજ ખોવાઈ ગઈ. પણ સરોજ એની બાળદુનિયામાં મસ્ત બની સૌને ભૂલી જાય છે. એ જ તો એના બાળપણની વિશેષતા છે, જેનો આ જીવનમંચ પર આજે વિસ્તાર છે.

કોઈક પ્રસંગ મળતાં જ સ્વજનો, ઘર, સઘળું વિસ્મૃત થઇ જતું ! કેવું સરસ અલિપ્ત અળગું અળગું રહેતું એ બાળજીવન હતું !

દશમા વર્ષના દ્વારે એ મસ્ત બની જતું. મન સાચે જ પ્રભુપ્રેમની મસ્તીમાં મસ્ત રહેવાની જાણે તાલીમ લઇ રહ્યું હતું.

પ્રારંભ તો કોઈક પ્રિય વિષયથી જ હોય ને ! પછી એ સરકસને બદલે સંસારના જન્મમરણનું સરકસ અલિપ્ત રહીને જોવાનો અભ્યાસ પડી જાય. જન્મમરણના સરકસમાં વળી સહજ રીતે સૌ છૂટી જાય. શો પૂરો થતાં જ નવો જન્મ, નવો પાઠ, નવો યુગ, નવો અભિનય, નવા પાત્રો. સરકસ જોવા બેઠા તે પણ જાણે એક દૃષ્ટાભાવ કેળવવાની તાલીમ જ હતી ને?

*

આ ઘરમાં મુંબઈથી પ્રસિધ્ધ થતું ‘જન્મભૂમિ’ વર્તમાનપત્ર અતિનિયમિત આવતું. તે પણ દરરોજ વાંચવાનો નિયમ હતો. કોઈએ એ નિયમ આપ્યો ન હતો. કદાચ એમાં પણ બાપુજીના જ સંસ્કારો કામ કરતા હશે.

તે ઉંમરે સમજાતું તો ના હોય છતાં એ વાંચીને જ સ્કૂલે જવાનું બનતું. ખાસ તો તે દિવસોમાં દેશનેતા જવાહરલાલ નહેરુ ગમતા હતા. કદાચ તેમને બાળકો ખૂબ ગમતાં એટલે પણ ! તેમના બાળકો સાથેના ફોટા તેમજ તેમની રશિયાની વિદેશ મુલાકાતના ફોટાઓ ‘જન્મભૂમિ’માંથી કાતરથી કાપીને ભેગા કરવાનું બનતું. પછી તે બધા ફોટાને એક નોટમાં લગાડી દેવાનું થતું.

જાણે તે શોખ હતો. ફોટાઓનો અને તેના આલ્બમ બનાવવાનો. કોઈએ આ શોખ કેળવવા માટે પ્રેરણા ધરી ન હતી. અંતરથી જ તે શોખ જાગ્યો. અને તે શોખ ક્રમે ક્રમે વધતો જ ગયો. ‘અખંડ આનંદ’ માસિક પણ આવતું. તેમાં મધ્યમાં ચાર ચિત્રો દર વખતે જુદાં જુદાં ને સરસ ચિત્રો આવતાં. તે પણ ખૂબ

ગમતાં. જૂના અંકોમાંથી તે ચિત્રો કાઢી લઇને, ભેગા કરવાનો પણ એક શોખ હતો. એમાં બે ચિત્રોનું સ્મરણ છે. એકમાં રાજસ્થાનના લોકો ઊંટ પર આવી રહ્યા છે, ને બીજું ચિત્ર આદિવાસી માતા અને તેના બાળકનું છે.

દસ વરસની ઉંમરે અચાનક જાગેલો એ શોખ વધતો જ ગયો. વય વધતાં તેના વિષયો બદલાતા રહ્યા. આજે સંતજીવનદર્શન કરાવતાં વિવિધ સ્વરૂપોની સજાવટ એ બાળપણના બીજનું વટવૃક્ષ છે. એ કાર્ય માટે જ આ શોખ શ્રી હરિએ જ જગાડ્યો હશે.

દરેક પ્રવૃત્તિ, દરેક શોખ, દરેક પ્રસંગ ભલે તે નાનકડા બીજરૂપે હોય પણ તે સર્વ શ્રી હરિની જ યોજનાના ભાગરૂપે હોય છે. એ સત્યને સ્વીકારવું જ રહ્યું.

*

આ ઘરમાં રહીને છઠ્ઠું ને સાતમું ધોરણ ભણ્યાં. એટલે દિવસેદિવસે મોટાં થતાં ગયાં, પરિણામે બહેનોએ નાનાં નાનાં ચાર કામ કરવાનાં અમારે માટે ફાળવેલા :

૧. કચરો કાઢીને રોજ પોતું લગાવવાનું

૨. રોજ ગરમ પાણીનો બમ્બો ભરવાનું

૩. સગડી સળગાવવાનું

૪. રોજ સાંજનું રસોડું ધોવાનું.

આ ચાર કામ અતિનિયમિત થતાં એવું તો કંઈ સ્મરણ નથી, પણ મનાવી પટાવીને એ કામ કરાવી લેતાં હશે. રોજ સાંજે રસોડું ધોવાનું, તો એક ડોલ જોરથી આખા રસોડામાં ઢોળીને સાવરણાથી ધોઈ નાખવાનું કામ તો ચોક્કસ યાદ છે. કારણ, તે કામ બે જ મિનિટમાં થઇ જતું.

બીજાં બધાં જ કામો ફરજીયાત હતાં પણ નાનકડા બાળમાનસમાં ઈચ્છા જાગે તો કરવાનાં, નહીં તો હક કરીને ન કરવાનો પણ એક સ્વભાવ હતો. પરિણામે વઢતાં-લડતાં પણ તે કામો બહેનો ઉપાડી લેતાં હતાં.

ત્રણે બહેનો અભ્યાસ તો કરે પણ સૌથી ઓછું લેસન ને સૌથી ઓછું વાંચવાનું ને રમતમાં જ ભણવાનું કામ નાનકડી સરોજને હતું. એટલે શાળાએથી આવીને લેસન કરીને મુક્તિનો આનંદ માણવાનું બનતું. પરીક્ષા હોય તો સાવિત્રીબહેન કડક બનીને વાંચવા બેસાડતાં. કારણ સાવિત્રીબહેન પોતે અભ્યાસમાં ભારે જાગ્રત, નિયમિત, ચોક્કસ હતાં. ખૂબ વાંચતા. ખૂબ મહેનત કરતાં. અંગ્રેજી ને ગણિત તેમને ખૂબ ગમતાં. તે જરા સ્વતંત્ર મિજાજનાં એટલે તેમને માટે ટ્યૂશન પણ રાખતાં.

સામે રોડ ક્રોસ કરીએ એટલે શ્રી સત્યેન્દ્ર ડે નામે બંગાળી શિક્ષક હતા. તે ગુજરાતી બોલવાનો સરસ પ્રયત્ન કરતા પણ તેઓ શાળામાં અંગ્રેજી વિષયના જ શિક્ષક હતા. પાંચ, છ, સાત ધોરણમાં તે વરસોમાં અંગ્રેજી ન હતું.

શ્રી ડે સાહેબ સાવિત્રીબહેનને ટ્યૂશન માટે ઘરે બોલાવતા તો ઘણીવાર સરોજને ત્યાં ફરજીયાત બેસાડતા. શ્રી ડે સાહેબ જાણતા કે આ છોકરી સાવિત્રીબહેનને ઘરે વાંચવા દેતી નથી. તોફાની છે. ઘણી વાર એમને ઘરે જવાનું બનતું. ત્યાં જઈ વાંચવું પણ પડતું, કારણ ડે સાહેબનો થોડો ડર લાગતો.

અમારા ઘરમાં આગળના ભાગમાં એક મોટું ટેબલ હતું. બે સાદી ખુરશી અને એક આરામખુરશી પણ રહેતી હતી.

સરોજનાં તે દિવસોમાં બે મુખ્ય કામ હતાં. મોટેમોટેથી ગાવાનું ને પેલા ટેબલ ઉપર હાથથી સતત તબલાં વગાડવાનું. આખો દિવસ એ કામ સતત ચાલતાં. બહેનો વઢે કે રોકે છતાં એ કામ તો સતત ચાલતું.

ટેબલ ઉપર એક નાનું એલાર્મ ઘડિયાળ હતું. તેના બટન ઉપર પણ સતત તબલાં વગાડવાનું બનતું.

ઘરમાં મોટેમોટેથી ગીતો ગાવાનાં ને સતત વગાડવાનું. ગીતોને બદલે ઘણી વાર કોઈ એક નામ પણ સતત તાલમાં ગાવાનું બનતું. 'વિમલ પ્રભાકર લેલે, વિમલ પ્રભાકર લેલે, વિમલ પ્રભાકર લેલે.' બસ આવા નામની પણ એક ધૂન ચાલુ થતી. તાલબદ્ધ રીતે તે મોટેમોટેથી ગાવાનું.

એ નામ ક્યાંથી આવ્યું? સુશીલાબહેનની એક સખી, વિમલબહેન પ્રભાકર લેલે નામે હતાં. તે સામે જ રહેતાં હતાં. તેનું નામ રાગમાં ગોઠવીને ગાવાનું ગમતું. ત્રણ શબ્દ ને દરેક શબ્દે બબ્બે તાલ, બસ ઘરમાં સરોજ જાણે હરતોફરતો રેડિયો બની જતી. આખો દિવસ એનું ગાવાનું, વગાડવાનું ચાલુ જ રહેતું.

એ જ પ્રવૃત્તિ જાણે બાળપણની પ્રિય રમત જેવી બની ગઈ હતી. પછી ભલેને પરીક્ષા હોય કે સાવિત્રીબહેન કંઈ અગત્યનું લેસન કરતાં હોય, કે ગંભીરતાથી વાંચતાં હોય, એ કશું જ નહીં જોવાનું. બસ પોતાની ધૂનમાં મસ્ત. જો સાવિત્રીબહેન વઢે તો તે પ્રવૃત્તિનો અવાજ વધી જતો.

ગાવાની, વગાડવાની સતત પ્રવૃત્તિ વચ્ચે કેવી રીતે વંચાય? એટલે ઘણી વાર સાવિત્રીબહેન બાજુવાળાના ઘરમાં માળ ઉપર, પાછલા રૂમમાં વાંચવા જતાં. તો તે સમયે સરોજ વાડામાં કપડાં સૂકવવાની દોરી પકડીને ત્યાં મોટેમોટેથી સતત ગાવા માંડતી. જેથી માળ પરનાં સાવિત્રીબહેનથી ના વંચાય. બસ, એવી તોફાની ટેવ, સાવિત્રીબહેન માટે તો ભારે પજવણી જેવી જ હતી.

તે દિવસોમાં કેવું તોફાન ! કેવી ધમાલ ! કેવી ધૂન ! ટેબલ પર તબલાં વગાડતી ને પાછળ વાડામાં દોરી પકડીને ગાતી સરોજ આજે પણ આ સામે જ દેખાય છે!

બાળપણનાં એ તોફાનોનાં સ્મરણો હૈયે એવાં કોતરાઈ ગયાં છે કે આ કલમ તેનું આબેહૂબ વર્ણન કરવા શક્તિમાન થઇ છે.

પોતાને તો વાંચવાનું ન હોય, પણ બીજા પણ ના વાંચે તે માટે સતત તોફાન કરતાં કરતાં પજવણી કરવાની મજા પડતી.

સાવિત્રીબહેન વઢતાં, ધમકી આપતાં કે, 'બાપુજીને કહી દઈશ. તારા શિક્ષકને કહી દઈશ.' પણ તે શબ્દોની, તે વઢની કે ધમકીની કોઈ અસર ન થતી. ગાવાનું એટલે ગાવાનું જ ! બસ તોફાન, તોફાન ને તોફાન !

તોફાનમાંથી જ નિવૃત્ત ના થવાતું એટલે જ કોઈ નિકટની બહેનપણીઓ પણ ના થઇ. આ ગાવાનું, વગાડવાનું, પજવવાનું આ ત્રણ જ જાણે સરોજની બહેનપણી જેવાં હતાં.

*

સરોજને વાળ ગૂંથતા પણ ના આવડતું એટલે એ કામ પણ સાવિત્રીબહેનને જ કરવું પડતું. રોજ સવારે પોતાના નિત્યક્રમમાં નાની બહેનના વાળ ગૂંથવાનું પણ એક કામ હતું. સવારે તે સાત વાગ્યે ચોટલા ગૂંથી દે. એકદમ કઠણ ચોટલા તે ઉપર રિબિન બાંધી દે ને પછી તો અમારે રમવાનું જ કામ હોય. એટલે એક નવી રમત પણ અચૂકપણે નિયમિત રમતાં.

અને તે રમત ચોટલા છોડી કાઢવાની. પાંચ-સાત મિનિટમાં તો સરોજના ચોટલા છૂટી જતા. છૂટા વાળ લઈને તે સાવિત્રીબહેન પાસે પહોંચી જતી ને ફરી ચોટલા તરત જ ગૂંથાવી દેવાની જીદ શરૂ કરતી !

બહેન થાકી-કંટાળીને ફરી ચોટલા ગૂંથી દે. ફરી પંદર-વીસ મિનિટ વીતે એટલે ફરી વાળ છૂટા, ફરી જીદ, હઠ ! ગમે તે કામ મૂકીને પણ ધાર્યું કરાવતી એ સરોજ કેવી તોફાની હશે, કલ્પના તો કરો !

નિશાળે જવા ૧૦-૪૫ વાગ્યે ઘરેથી નીકળવાનું તો ત્યાં સુધીમાં પાંચથી સાત વાર વાળ છોડી નાંખવાની તોફાની રમત પણ બાળસરોજની સાચી સંગાથી જ હતી ને. એ તોફાની ટેવને પોષવી પડતી બહેનોએ. કારણ કે છૂટા વાળ તો સુઘડતાની નિશાની ના ગણાતી. માટે ફરજીયાત વારે વારે વાળ ગૂંથવા જ પડતા.

જાણે નાનકડી સરોજને વાળનું બંધન પણ ના ફાવતું હોય તેમ વારેવારે વાળને છોડીને વાળને મુક્ત કરવાની મજા માણતી. એ તોફાની ટેવ કેવી નિર્દોષ હતી!

સાવિત્રીબહેનના અભ્યાસમાં, પરીક્ષામાં, ગંભીરતામાં વારેવારે ખલેલ પાડવાની એ મસ્તી. આજે તો લાગે છે કે એ બાળસરોજની ભૂલ હતી. પણ સ્વભાવ જ તોફાની તો તેનો બીજો ઉપાય પણ શો હતો?

સાવિત્રીબહેન વઢતાં ને કહેતાં; 'હવે ચોટલા નથી ગૂંથી આપવાની. જાતે વાળતા શીખ. તારી આ વાત બાપુજીને જ કહી દઈશ. હવે જો વાળ છોડી નાખે તો તારા વાળ જ કાપી કાઢીશ. બોડી કરી દઈશ.'

પણ એવી વઢની પણ કોઈ અસર ના થતી. બાપુજીનો પણ ડર ના લાગતો. ને વાળ કપાવવાની તો ત્યારે ક્યાં ફેશન હતી? સાવિત્રીબહેન તો વાળ જ સફાચટ કરીને માથું બોડકું કરી નાખવાની ધમકી આપતાં પણ એ બધાં જ તોફાનો યથાવત્ ચાલુ જ રહ્યાં.

જાણે જીવનનો એ તોફાની યુગ હતો ! બાળજીવનમાં કેવાં તોફાનો હોય તેનાં વર્ણન માટે પણ એ તોફાનો જરૂરી હશે. ચમકદમક વગરનું તે વળી બાળપણ કહેવાય? બાળપણ તોફાનોથી ધબકતું હોય તો તે આખા જીવનને પણ ધબકતું રાખતું હશે !

*

તે દિવસોમાં ચલથાણથી બાપુજીનાં બહેનના પૌત્ર શ્રી ઈશ્વરભાઈ અમારી સાથે ભણવા માટે રહેવા આવ્યા. તેઓ દશમા ધોરણમાં અમારી જ નિશાળમાં દાખલ થયા. એમના અંગ્રેજી વિષયના શિક્ષક શ્રી સત્યેન્દ્ર ડે હતા અને ભૂગોળના શિક્ષક શ્રી જયદેવભાઈ હતા. તે બન્ને એમના મિત્રો પણ હતા.

ડે સાહેબ તો છેક નજીકના સામેના રોડ પર રહેતા હતા. એટલે તે તો કદી ઘરે ના આવતાં, પણ પેલા જયદેવભાઈ લગભગ રોજ રાતે ઈશ્વરભાઈ જોડે બેસવા આવતા. નિશાળની, રાજકારણની, વિદ્યાર્થીઓની વાતો કરતા. વાતોમાં એક-બે કલાક રોજ વિતાવતા. એક આરામખુરશીમાં જ તે બેસતા.

તેમનું શરીર ખૂબ ભારે હતું. કફની, ધોતી ને લીલી બંડી તે પહેરતા. તેમના ખિસ્સામાં કાયમ ખાટીમીઠી ટીકડીઓ રહેતી એટલે તે પણ અમને મળતી.

દરરોજ તે આવે ને આગળના રૂમમાં જ આરામખુરશી પર બેસે એટલે સાવિત્રીબહેનને ભણવા, વાંચવા ને લેસન કરવામાં વિક્ષેપ પડતો.

ઈશ્વરભાઈના મિત્ર એટલે તેમને કેવી રીતે ના પાડે? તો સાવિત્રીબહેનના પણ એ શિક્ષક જ હતા, એટલે વિદ્યાર્થી તરીકે પણ તેમનાથી કશું ના કહેવાય. અમે સૌ તેમને કહેવા માટે નાનાં પડીએ. દરરોજ આવે ને કલાકો સુધી બેસે એટલે અમે એમનું નામ 'ગુંદરિયાકાકા' પાડેલું. સાવિત્રીબહેન જરા કડક એટલે તેમને તો આ વિક્ષેપ ભારે લાગતો. પરિણામે એક ઉપાય સાવિત્રીબહેને જ શોધી કાઢ્યો ને તે ઉપાય આ સરોજે પાર ઉતાર્યો.

આરામખુરશી એ યોજનાનું સાધન બની. સરોજે શ્રી જયદેવકાકાનો આવવાનો સમય થયો એટલે આરામખુરશીની એક લાકડી કાઢી નાખી ને એનું કાપડ પાછું જેમ હતું તેમ જ રાખી દીધું.

અને જેવા શ્રી જયદેવકાકા આવ્યા ને આરામખુરશી ઉપર બેઠા કે અંદર ફસાઈ ગયા!

અમે તો સાવિત્રીબહેન જોડે અંદરના ઓરડામાં જતાં રહેલાં. કાકાને ઈશ્વરભાઈએ જેમતેમ કાઢ્યા, કારણ તેમનું શરીર ઘણું સ્થૂળ હતું.

આ ઉપાય શ્રી ઈશ્વરભાઈ કે બીજા કોઈ સ્વજન વડીલો ન જાણે એ રીતે અજમાવેલો. બાપુજી જાણે તો વઢે. એ ઉપાય સાવિત્રીબહેનનો અભ્યાસ ના બગડે માટે જ અજમાવેલો. તેઓ ત્યાર પછી કેટલા દિવસ આવ્યા કે ના આવ્યા તેનું સ્મરણ નથી. પણ આ સ્મરણ પણ તોફાન વિભાગનું એક પ્રકરણ હતું માટે એનું લેખન પણ કરવું જ પડે ને?

*

એ ઘરમાં સાવિત્રીબહેન દરરોજ હિસાબ લખવાનું કામ કરતાં. રોજ રાતે ત્રણે બહેનો વચલા ઓરડામાં પલંગ પર બેસે ને પાકીટ, નોટ, પેન હાજર કરી પાકીટના પૈસા ગણતાં. કોણે, કેટલાં, ક્યાં વાપર્યા તેની નોંધ થાય.

કોઈકોઈ વાર એક-બે પૈસા ઘટે એટલે સાવિત્રીબહેને પૂછવું ના પડે, સીધી એમની આંગળી જ સરોજ બાજુ વળે એટલે સરોજે ફક્ત ડોક જ હલાવવાની ને હા પાડવાની. એટલે સાવિત્રીબહેન તરત જ એ પૈસા સરોજના નામે ખર્ચમાં લખી દેતાં. પણ ઘણીવાર કોઈ ખર્ચ થતો પણ બે-ત્રણ દિવસે હિસાબ લખાતો તો ભૂલી જવાતું કે પૈસા ક્યાં ખર્ચાયા?

પણ પછી તેનો પણ એક સરસ ઉપાય મળી ગયો, ને હિસાબનો કાયમ જ મેળ બેસી જવા માંડ્યો.

એ ઉપાય શોધનાર સાવિત્રીબહેનના બહેનપણી જ્યોતિબહેન શુક્લ હતાં. તેમણે સરસ વાત કરી. જે જે રકમ સામે ખર્ચની વિગત યાદ ના આવે તો તે રકમ સામે ભ.ખ. લખી દેવું એટલે બધો મેળ પડી જાય.

આ ભ.ખ. સાવિત્રીબહેને પણ હિસાબમાં જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં ત્યાં અપનાવવા માંડ્યું ને હિસાબ સરસ બેસી જવા માંડ્યો.

આ ભ.ખ. એટલે 'ભગવાનને ખબર'!

ઘરમાં સૌ પ્રામાણિક હતા. એટલે આ ભ.ખ. મંત્ર ઉપયોગી થતો. પણ એ મંત્ર કોઈ જાહેર સંસ્થા કે અજાણ્યાઓ સાથે એ મંત્ર ઉપયોગી ના ઠરે.

ભગવાનને તો ખબર જ છે કે એ પૈસા કોણે, ક્યારે, ક્યાં, કેટલા વાપર્યા. એટલે ‘ભગવાનને ખબર’ એ જાણે અમારા એ ઘરનો હિસાબ માટે મહામંત્ર મળી ગયો !

ત્રણે બહેનો ખૂબ પ્રામાણિક હતાં. આ તો ઘરનો જ હિસાબ હતો. માટે એ રીત ત્યાં ઉપયોગી થતી.

‘ભગવાનને ખબર’, કેવી સરસ રીત હતી ! હિસાબમાં હરિસ્મરણને જોડવાની !

દરરોજના જીવનહિસાબમાં શ્રી હરિના સ્મરણને જોડવાની જાણે એ અમૂલ્ય શીખ બાળપણમાં મળી હતી.

*

એ ઘરમાં દરરોજ કપૂરાથી જ ઘરનું દૂધ આવતું. તે દૂધ બીજે દિવસે સવાર સુધી ચલાવવાનું. શાકભાજી, ઘી પણ ઘરનાં જ આવતાં.

દૂધ સવારે ને સાંજે ભોજનમાં ઉપયોગી થતું. એ ઘરની લાઈનમાં એક અનાવિલ બ્રાહ્મણ પરિવારનાં શ્રી તારાકાકી જાણતાં હતાં કે આ ઘરે ત્રણ બહેનો જ રહે છે. ને તેમણે ઘેર ઘરનું દૂધ કાયમ હોય જ છે.

એટલે ઘણી વાર તે મીઠી મીઠી વાતો કરીને દૂધ લઇ જતાં. મહેમાન આવે ત્યારે ખાસ.

પણ તે ક્રમ વધવા લાગ્યો ત્યારે બન્ને બહેનો આનાકાની કરતાં. કારણ સાંજે ભોજનમાં દૂધ ના રહેતું. બધું જ પેલા કાકી ઠાલવી જતાં.

એટલે બહેનો ના પાડતી, દૂધ નથી. ને ત્યારે ત્યારે આ સરોજ તારાકાકીને કહી દેતી, ‘કાકી, દૂધ તો છે, ચાલો હું આપું.’ ને એમને તો એ ગમતું જ હતું.

‘ઘરમાં છે તો આપી દેવું, ભલે આપણી ભોજનની થાળીનો એક ભાગ હોય !’

બાળપણની આ આપી દેવાની, વહેંચવાની ટેવ પણ પાયામાં પથરાયેલી છે, તે પણ નોંધપાત્ર છે ને?

*

વ્યારાના બજારમાં ભાગ્યે જ જવાનું બનતું. બન્ને બહેનોને કંઈ કામ માટે બજારમાં જવાનું હોય તો તેમને સરોજનું કામ પડતું હતું.

બન્ને બહેનોને થેલી ઊંચકવાની શરમ આવતી, કારણ માર્ગમાં વર્ગના વિદ્યાર્થીઓ પણ રહેતા હોય. એટલે સરોજને મનાવી-પટાવી કહેતા, ‘જા, આ થેલી લઈને અમારાથી આગળ જઈને પેલી દુકાને ઊભી રહેજે. જો આ કામ કરે તો તને આજે એક પૈસો આપીશું.’

ને એ સરોજ બન્ને બહેનોની આજ્ઞાનું પાલન કરતી. એક પૈસો મળવાનો છે માની ખુશ થઇ જતી.

નાનપણમાં એ રીતે પ્રસન્ન થઇ જવાનો સ્વભાવ હશે એવું લાગે છે.

*

દર શનિવારે કપૂરાથી જે ટિફિન આવતું તે જમીને લેસન કરીને બપોરે કપૂરા જવાનું બનતું. ચોમાસામાં તો કાચા રસ્તા પર ઘોડાગાડી પણ ના ચાલે. ત્યારે ચાલતાં આવવાનું ને જવાનું પણ બનતું.

બાકીના દિવસોમાં ઘોડાગાડીમાં. તે દિવસોમાં કપૂરામાં બે જ ઘોડાગાડી હતી. એક પારસીને ત્યાં ને એક બાપુજીને ત્યાં.

બાપુજી ઘોડાગાડીમાં લઇ જતા ને પાછા મૂકવા પણ આવતા. તો ચાર માઈલના એ રસ્તામાં બાપુજીનું શિક્ષકરૂપ પ્રગટ થતું.

કપૂરાના ઘરેથી જેવી ઘોડાગાડી ચાલુ થાય એટલે બાપુજી ગામનો હવાડો ભરવાનો રંહેટ બતાવતા. તેમાં પાણી ભરાય ને ઉપર આવતા તે ખાલી થાય. એ ઘટમાળ બતાવતા. અને રસ્તે જૂની કવિતાની પંક્તિઓ મોઢે કરાવતા;

*છે માનવી જીવનની ઘટમાળ એવી,*

*દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.*

નાનકડાં અમને કંઈ બહુ સમજ તો ન પડતી. પણ બાપુજી સરસ ગાઈને સમજાવતા ને ગવડાવતા ને મોઢે કરાવતા. બીજી પણ એક ટૂંક આજે પણ સ્મરણમાં છે;

*સુખ સમયમાં છકી ન જવું, દુઃખમાં ન હિંમત હારવી,*

*સુખદુઃખ સદા ટકતા નથી એ નીતિ ઉર ઉતારવી.*

અને એ જ રીતે વેકેશનમાં કે શનિ-રવિ કપૂરાની આસપાસ જે આશ્રમો હતા. મઢી આશ્રમ, વેડછી આશ્રમ, બોરખડી આશ્રમ, ત્યાં પણ લઇ જતા. ગાંધીમેળામાં પણ દર વરસે લઇ જતા. ખાદી ખરીદતા ને ખાદી પહેરાવતા.

એક વાર તો સાવિત્રીબહેન સાથે અમને મુંબઈ પણ ફરવા બાપુજી લઇ ગયેલા.

માટુંગાના સ્ટેશન સામે નારણબાગમાં જ સાત-આઠ દિવસ રહેલા. બાપુજીના બહેનના દીકરા ત્યાં જ રહેતા. ઇલેક્ટ્રિક ગાડીને જોવાની મજા માણેલી. મુંબઈના જાણીતા સ્થળો, રાણી તળાવ, બૂટ હાઉસ, માછલીઘર, ચોપાટી, બધે જ ફરવા લઇ ગયેલા.

શાળામાંથી પ્રવાસ ગોઠવતો તો તેમાં પણ પોતાનાં બાળકોને અચૂક મોકલતા હતા ને પોતે પણ સમય કાઢી આ રીતે ફરવા લઇ જતા હતા.

આદર્શ શિક્ષકના રૂપમાં પિતાજીએ બાળપણને ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

શનિ-રવિની રજામાં કે વેકેશનમાં કપૂરાની અમારી વાડીમાં ઘેંટા-બકરા બેસાડવા ભરવાડો જો આવ્યા હોય તો સાંજે તેમના મુકામ ઉપર પણ અમને લઇ જતા. ને કાઠીયાવાડી ભરવાડોના રીતરિવાજ, ગીતો, ભજનો કે દોહાનો પણ પરિચય કરાવતા. અરે, તેમની બકરીનું દૂધ પીવા આગ્રહ કરતા, તો ના ભાવે તોપણ અમારે પીવું પડતું. લોકજીવનની ભાતીગળ સંસ્કૃતિનો પણ પરિચય પોતાના સંતાનોને કરાવવાનું પિતાજી ચૂકતા ન હતા.

*

વ્યારા ઘરની પાછળ જ થિયેટર હતું. પણ કદી ત્યાં સિનેમા જોવા જવાનું બન્યું નથી. બાપુજીનો પ્રભાવ જ એવો હતો કે તેમને જે ગમે તે જ કામ કરવાનું. ગામમાં પણ ભવાઈ કે કઠપૂતળીના ખેલો આવતા હતા પણ તેમાં પણ ના જવાય. એવી એક પ્રણાલિકા જ હતી.

એટલે હોટલ, થિયેટરો, ભવાઈ કે કઠપૂતળીના ખેલો, એ સર્વ સાધનોથી એ ઉંમરે પણ અલિપ્ત રહી શક્યાં. જેમ ચા કે કોફીનાં વળગણો ના વળગ્યાં તેમ બહારનું પણ કોઈ આકર્ષણ ના વળગ્યું.

જાણે ગળથૂથીમાં જ પિતાજીએ સતત સર્વ પ્રકારે સુસંસ્કૃત થવાની ઔષધિ ધરી. અને તે તાલીમ પ્રેમથી જ મળી. ધાકધમકી, દબાણ કે વઢીને નહીં, સહજ રીતે એવી સમજણ મળી હતી.

પિતાજીની વાત્સલ્યધારા સાથે સમજણની પણ એક સહજ નિયમાવલિ બાળપણમાં મળતી રહી.

*

ગાંધીવાદી વિચારધારા ને ધાર્મિક સંસ્કારોનો પ્રભાવ બાળકોના ઘડતરમાં વણાઈ ગયો હતો. એ જ રીતે ભૂતપ્રેત કે કાળા દોરાની અંધશ્રદ્ધા, માન્યતાઓથી પણ બાળકોને મુક્ત રાખવાનું શિક્ષાકાર્ય બાપુજીનું જ હતું.

થિયેટરથી પાછળ થોડેક દૂર એક મોટું ઘર હતું. લોકો તેને 'ભૂતિયું ઘર' તરીકે ઓળખતા ને શાળામાં પણ વાત થતી કે ત્યાં દિવસે પણ ના જવાય. ને રાતે તો ના જ જવાય. ભૂત છે, તે આપણને બીવડાવે.

પરંતુ એવી વાતો અમને કોઈને ડરાવી ના શકતી. ઘણી વાર કપૂરા જવા ચાલતા જવાનું થતું તો એ ઘર પાસેથી જ સીધા જકાતનાકે નીકળી જવાનું. પણ ડર ના લાગતો.

બાળપણથી જ બાપુજીએ સમજાવેલું કે કાળા દોરા જ રક્ષા કરે એવું નથી. 'રખેવાળું શ્રી રામનું' એમ માની-મનાવી બાપુજી કાળા દોરા કોઈના પણ હાથમાં જોતા તો તરત જ જાતે કાપી નાખતા.

પોતે તો એવી માન્યતાઓથી મુક્ત રહેતા પણ અમને બાળકોને પણ એનું જીવનભર નીડરતાનું ભાથું ને શ્રી રામમાં શ્રદ્ધા બંધાવવામાં સફળ રહ્યા.

*

વ્યારાના એ ઘરમાં રહીને ધોરણ પાંચ, છ, સાત ભણ્યાં. ત્રણ વર્ષમાં કદી શાળામાંથી ફરિયાદ નથી આવી, કે લેસન ના લઇ જવાથી વર્ગમાંથી કદી અમને બહાર કાઢવામાં આવ્યા. નથી ટ્યુશન લીધાં કે નથી નાપાસ થયાં. સહજ રીતે અભ્યાસ ચાલુ રહ્યો. વરસો વીતી ગયાં. ને સાતમું ધોરણ પાસ પણ થઇ ગયાં !

બાળપણના એ જીવનમાં પિતાજીએ શ્રી તુલસીકૃત રામાયણમાંથી નાવિક ને શબરીનો પ્રસંગ પણ અમને મોઢે કરાવેલો. રામાયણના અભ્યાસી પિતાજીનો એ પ્રસાદ જાણે શ્રદ્ધા ભક્તિ ને સમર્પણની સંપત્તિ વધારવા સતત સહાયક બની ગયો.

દસ, અગિયાર ને બારમા વરસનાં આવાં અનેક સંસ્મરણો પોતાનો એક થાળ લઈને આ પૃષ્ઠો ઉપર પ્રગટ થાય છે.

સાચે જ બાર વરસમાં જે વાતાવરણ, જે શિક્ષણ, જે શાળા કે જે શિક્ષકો મળ્યા તે સૌએ પોતાની વિશેષતાઓ આ બાળ સરોજના જીવન ઉપર પાથરી. તોફાન, જીદ, રીસ છતાં સાથે સાથે સારી ટેવોનું પણ ભાથું બંધાતું રહ્યું.

*

આ સરોજ જરા તોફાન ઓછું કરે. જરા કોઈ આશ્રમશાળામાં તાલીમ લે, જરા ઘરથી છૂટી પડે તો તેનો સારો વિકાસ થશે એવી શુભ ભાવનાથી પિતાજીએ પોતાની રીતે યોજના બનાવવા માંડી.

સૂરતમાં તે સમયે દીકરીઓને ભણવા, રહેવાની સુવિધાવાળું કોઈ સ્થાન ન હતું. એ રીતે વડોદરામાં પણ 'આર્ય કન્યાવિદ્યાલય' સિવાય બીજી કોઈ સંસ્થા ન હતી. તેથી જ એનાથી પણ આગળ વધીને નડિયાદ આગળ ભણવા મૂકવાનું પાકું કરી લીધું.

નડિયાદમાં 'વિઠ્ઠલ કન્યા વિદ્યાલય' ગાંધી આદર્શોથી ધબકતા આશ્રમી જીવનની સરસ તાલીમ આપે છે એવી તપાસ થઇ ગઈ. અને હવે વ્યારાનું એ ઘર, વ્યારાની એ શાળાને છોડવાનો ફરી એક અવસર સરોજના જીવનમાં આવીને ઊભો !

બાર વર્ષમાં ગૃહત્યાગની, સ્વજનોની સ્નેહજાળને છોડીને ઊડવાની, જન્મભૂમિ કે સખી કે શાળા સઘળું જ સલામી ભરવાનું સ્થળ છે. એવી શ્રી હરિની જ ઘડતરની નવી યોજના મુજબ બાર વર્ષના એ બાળને હવે આશ્રમી જીવનની સર્વોત્તમ તાલીમ ધરવા જ શ્રી હરિ જ પોતાના ધારેલા સ્થળે લઈ જશે.

વારેવારે એવા પ્રસંગો જાણે ગુરુ બનીને શ્રી હરિ ધરતા રહ્યા. હરિ કેવી અનહદ, અલૌકિક, અજાણ કૃપા વરસાવી રહ્યા હતા, તે તો આજે આ લેખન કરતાં ખ્યાલ આવે છે.

સર્વપ્રકારની સજ્જતા સાધનાક્ષેત્રે સાધકને સહાયક થતી હોય છે, એવી સજ્જતા આ બાળને પણ ધરી રહ્યા હતા.

પિતાજીની શુભ ભાવના સરોજનો સર્વાંગી વિકાસ થતો રહે એવી હતી. આખરે એ ભાવના જગાડનાર કોણ? એ સર્વ દોરી જેમના હાથમાં હતી તે તો સદ્‌ગુરુ ભગવંત જ હતા.

સઘળું નાટક પૂર્ણ થાય પછી જ તેના લેખકો, તેના સહાયક પાત્રો મંચ ઉપર પધારતાં હોય છે. ત્યારે જ શ્રોતાઓ-દર્શકોને જાણ થાય કે આ આખી યોજનાની સૂત્રધાર તો કોઈ વિશેષ વ્યક્તિ છે!

બસ એ જ વાતનું અહીં પુનરાવર્તન છે. બાર વર્ષમાં પાયાનું ચણતર રામાયણના બે પ્રસંગોના પ્રસાદથી પિતાજીએ કરી લીધું છે. નાવિકના જીવનની સમજ, 'પગ મને ધોવા દ્યો, રઘુરાય.' એ પદથી પિતાજી સમજાવતા રહ્યા, મોઢે કરાવતા રહ્યા. નાવિક બનીને આ નાનકડી સરોજ પણ શ્રી રામને વશ કરે એવી એક પાકી ગણતરી પિતાજીની હશે જ.

એ જ રીતે શબરીની ભક્તિનો પ્રસંગ પણ આશ્રમ ભજનાવલિનાં ભક્તિપદો ગાઈ ગાઈને બાળમાનસમાં પાથરવાનો પ્રયત્ન પિતાજીનો હતો. શબરીની નવધા ભક્તિને પિતાજી સરસ વિસ્તારથી સમજાવતા હતા.

શબરી જેવી ભક્તિ પોતાનાં બાળકોમાં ઊતરે એવી સંસ્કારોની સંભાળ નિત્ય રાખતા હતા. શાસ્ત્રોના સર્વોત્તમ આદર્શો સંતાનોને સમજાવતા, જેથી શબરી બની તેઓ શ્રી રામને આંગણે ઉતારી શકે. જીવ શિવને પામી શકે. ઓળખી શકે. કેવી કેવી શુભ ભાવનાઓ, શુભ અપેક્ષાઓ પિતાજીએ પોતાનાં સંતાનો માટે રાખી હશે?

બાર જ વર્ષમાં સંસ્કારથી સજાવટ કરીને જીવને જાણે, વિઠ્ઠલ કન્યા વિદ્યાલય, વિઠ્ઠલે સર્જેલું અને પોતાની કન્યા માટે ઉઘાડેલા વિદ્યાલયમાં જાતે શ્રી વિઠ્ઠલપ્રભુ જ પ્રતીક્ષા કરતા હશે એમ માની ત્યાં જ મુકવાની યોજના પાછળ પણ શ્રી વિઠ્ઠલનાથની જ યોજના હતી ને?

અને હવે આ બાર વર્ષની કલમયાત્રા – જીવનયાત્રા હવે તેરમા વર્ષમાં પ્રવેશ પામશે.

બાળજીવનના મધુર, મંગલ, આનંદપ્રદાયક સ્મરણો જીવનભર મનઅંતર ઉપર કોતરાઈ જાય છે. જેમ હજારો વર્ષ જૂની કોતરણી જોવા દેશવિદેશથી લોકો અજંટા-ઈલોરામાં ઊતરી પડે ને ઝીણવટથી જોઇને કંઇક પામ્યાનો પરમ સંતોષ લઈને પાછા પોતાના સ્થાને પહોંચી જાય. તેમ અહીં પણ આ કોતરણી જૂની છે, પુરાણી છે, પૂર્વાશ્રમની છે. એ બાર વર્ષમાં સૌથી વધુ ટાંકણા શિલ્પી બનીને પિતાજીએ જ માર્યા છે. પરિણામે પ્રતિમા બનાવતાં વાર ના લાગે, વધુ મહેનત ના કરવી પડે. પિતાજી શિલ્પી બનીને જીવનમૂર્તિ ઘડતા રહ્યા.

પ્રેમથી સરોજનો ઉછેર થયો. જીદ, રીસ સઘળું સૌ હસી-હસીને. પાછા સરોજના સર્વાંગી વિકાસ માટે પણ પિતાજીના હૈયે ચિંતા હતી. તેથી જ કપૂરાથી વ્યારા ને વ્યારાથી હવે ઠેઠ નડિયાદ પોતાના નાના સંતાનને પહોંચાડવા પ્રવૃત્ત થયા.

બાર વર્ષના એ નાનકડા જીવનમાં કેટલીક વાતો કેવી અદ્‌ભૂત હતી?

૧. સાપથી રક્ષા થઇ

૨. બંદગીની નકલ

૩. સરકસમાં ખોવાયા

૪. ફોટાઓનો સંગ્રહ શોખ

૫. મસ્તી–તોફાન

૬. હિસાબમાં હરિનું સ્થાન

૭. બાપુજીએ શીખવેલી કાવ્યપંક્તિ

૮. રામાયણનો નાવિક ને શબરીનો પ્રસંગ – મુખપાઠ

૯. હોય તો તે આપી દેવાની ટેવ

૧૦. ગાવાનો – વગાડવાનો શોખ

૧૧. મુંબઈ ફરવા ગયા

૧૨. ઘર છોડવાની તાલીમ.

બાળજીવન હવે ઘરનું બારણું છોડશે. પિતાજી બારણાની બહાર આ બાળ સરોજને પધરાવશે. હવે સરોજનો લાડકોડનો સમય પૂરો થશે, એક નવા જ આશ્રમી વાતાવરણમાં એ પ્રવેશ કરશે. આશ્રમને જ ઘર માનવું પડશે. ત્યાં માતાપિતા, બહેનો નહિ મળે. ત્યાં કોઈ રીસ કે જીદ વધાવનાર નહિ હોય.

એકલાં સરોજને જ શા માટે વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં પહોંચાડવાની પ્રવૃત્તિ હતી? એ પ્રવૃત્તિ પાછળ પણ શ્રી હરિની જ યોજના હતી ને સર્વપ્રકારની તાલીમથી સજ્જ કરવાનું પણ શ્રી હરિનું કાર્ય બાકી હતું ને? તેથી જ એ આશ્રમી જીવન પ્રસાદીરૂપે ધર્યું.

બાર વર્ષની બાળકથા અહીં સમાપ્ત થઇ રહી છે.

ઘડતરમાં જેમનો જેમનો અમૂલ્ય ફાળો હતો તે સૌને વંદના ! શ્રી હરિની એ મંગલ યોજનાને પણ વંદન !

* * હરિઃ ૐ * *

# પોયણાંના શુભ્ર સરવર જલ સમાં સ્વજનો

## પૂર્વસૂરિ – વંદના



બાપુજી (શ્રી કાલિદાસભાઈ)

બા (શ્રી ભીખીબા)

નાના (શ્રી ગોપાલજી)

પિતામહ (શ્રી ભૂલાભાઈ)

પ્રપિતામહ (શ્રી ગોપાલદાદા)

**બાપુજી**



પિતાશ્રી કાલીદાસ

અમારા જીવનમાં સૌથી વિશેષ પ્રભાવ જો કોઈનો હોય તો તે અમારા પિતાજી શ્રી કાલિદાસભાઈનો છે. અમે સૌ એમને 'બાપુજી' કહેતાં.

એક આદર્શ રાહબરરૂપે એમના જ શ્રી અંકે પ્રગટ થવાનું પરમ ભાગ્ય પ્રાપ્ત થયું એ પરમપૂજ્ય બાપુજીની વિશેષતાને વાગોળવાનું સત્કર્મ-યજ્ઞકર્મ હવે આ પૃષ્ઠો ઉપર પ્રારંભ પામશે.

બાપુજી બાળપણથી જ પ્રિય લાગ્યા. લાડ લડાવતા, વાત્સલ્યગંગમાં સદા સ્નાન કરાવતા. પિતાની પીઠ જાણે સમગ્ર સૃષ્ટિનું સામ્રાજ્ય ધરનારી હતી!

સમજતાં થયા ત્યારથી બાપુજીનું સ્મરણ મધુર મંગલ જ રહ્યું છે. નાનકડા સંતાન તરીકે કદાચ વધુ વ્હાલ પામ્યાં હોઈશું તેથી મધુર સ્મરણો જ મળ્યાં હશે.

ઘરમાં બાપુજી જ સૌનાં નામ પાડતા. ભક્ત સમાજ ને ગામનાં સામાન્ય નામો કરતાં તે નામો અલગ ને અર્થસભર હતાં. 'સરોજ' નામ પણ બાપુજીએ જ પ્રસાદી સમું આપ્યું છે. રામાયણમાં 'ચરણસરોજ', 'પદસરોજ' શબ્દ ઘણીવાર આવે છે, તો તે શબ્દ પ્રિય લાગ્યો હશે.

કમળ જેવા સુંદર અલિપ્ત, દર્શનીય જીવનની પ્રેરણા સરોજ નામમાંથી બાપુજીને મળી હશે. નામ જાણે સતત જાગ્રત રાખવાની એક સીડી સમું છે.

પિતાજીના મધુર કંઠે જ પ્રભાત પ્રારંભ પામતું. ઋષિમુનિના આશ્રમનું જાણે તે પ્રત્યેક પ્રભાત હતું.

બાપુજીનો કંઠ મધુર હતો. ઘણું બધું કંઠસ્થ હતું. એટલે શ્લોકો, ભજનો, ચોપાઈ એમના શ્રીમુખેથી અનવરત વહ્યાં કરતાં.

બાળપણમાં પીઠ ઉપર ચઢીને પેલી સરોજ વાડામાં જતી. ત્યાં બાપુજીના જ અંકમાં બેસતી. એ શિક્ષક-પિતાની એક જ વિદ્યાર્થી સાથેની શાળા જાણે સવારે શ્લોકો શીખવતા શરૂ થતી !

શ્લોકો બોલાઈ જાય ત્યાં સુધી લાકડાં સંકોરતા રહેવાનું, તાપતાં રહેવાનું, પછી શૌચક્રિયા માટે ઊઠવાનું. તે પતાવીને આવીએ એટલે વાડાની ટાંકીના નળે માટીથી હાથ ધોવાના ને બન્ને પગ પણ ફરજીયાત બાપુજી ધોવડાવતા.

સ્વચ્છતાની તાલીમ આપતા બાપુજી એમ કહેતા, 'જો પગ કોરો રહી જાય તો કળી પ્રવેશે !'

બાપુજી ઘોડાગાડીમાં સરસ કાવ્યપંક્તિઓ સમજાવતા, શીખવતા.

ભોજન માટે બેસે તો  થાળીમાં જમણી બાજુ જ વાડકી, પછી જે જે ને જેટલાં શાક હોય તે, પછી જ રાઇતું, પછી ચટણી ને પછી જ પાપડ મૂકતાં શીખવતા. ને પાણીનો પ્યાલો ડાબી બાજુ જ મુકાવતા. પીરસતાં થાળીને વાસણ કે ચમચો ન અડવો જોઈએ એ વાત પણ શીખવતા. પાણીના પ્યાલાને હોઠે ના અડાડવો. પાણી અધ્ધરથી પીવાનું ને તે પ્યાલો પણ માંજી જ કાઢવાનો. આ બધી ભોજનસમયની ચોકસાઈ પિતાજીનો પ્રસાદ છે.

પલાંઠી વાળીને શાંતિથી ઉતાવળ વગર પદ્ધતિસર ભોજન લેવાનું. બધું ભેગું ન કરવું, અલગ અલગ જ લેવું. ભોજન સમયે સબડકા ના બોલાવવા, આંગળા પણ ના ચાટવાં. એઠું નહીં મૂકવાનું. ભોજન માટે બેસે ત્યારે ગરમ રોટલી વણવાની ને એક એક જ પીરસવાની. એ રીતે દાળ પણ ગરમગરમ ને થોડી થોડી જ પીરસવાની. જેથી કોઈ એઠું ના છોડે ને અન્નનો બગાડ ના થાય. ઓ હો હો ! કેટકેટલું બાપુજી શીખવતા! જાણે ભોજન કેમ લેવું તેની હાલતીચાલતી પાઠશાળા જ બાપુજી પોતે ન હોય !

*

બાપુજી જાહેર સેવાક્ષેત્રની એક અગ્રગણ્ય વ્યક્તિ હતી. બાળપણથી ઘણી જ અવરજવર જોઈ છે. બાપુજીનો એક નિયમ, ઘરમાં કોઈ પણ આવે એટલે 'નમસ્તે' કહેવાનું, પાણી આપવાનું ને પ્રેમથી બેસાડવાના. પછી તે જાણીતા હોય કે અજાણ્યા હોય, નવા હોય કે જૂના હોય, સ્નેહી હોય કે સંબંધી હોય, નાના હોય કે મોટા. પાસે જઈને, સૌને હાથ જોડીને નમસ્તે કરવાના !

ઘરે રાનીપરજ એટલે કે આદિવાસી કોમના માણસો તો આવતા જ પણ ગામના તલાટી કે સરપંચ, પોલીસપટેલ, મામલતદાર કે નિશાળના નિરીક્ષકો કે ગામમાં શીતળા ટાંકનાર કે ડી.ડી.ટી. છાંટનાર, ગાય-બળદની નાળ જડનાર મુસ્લિમ હોય કે આશ્રમમાંથી આવતા હરિજનો હોય, તે સૌ માટે એ ઘર વિશ્રામગૃહ જ બની રહેતું અમે જોયું છે.

તે દિવસોમાં એવા કોઈ પણ માણસને લોકો બાપુજીનું ઘર જ બતાવતા. પછી તે બંગડી વેચનારો ગુલાબ કાવરીવાળો હોય કે, મરીમસાલા વેચનાર મોહન મારવાડી હોય. સૌને અહીં ભોજન મળતું. પછી ૧૧ વાગ્યા હોય કે ૧ વાગ્યો હોય ! અને રાતવાસો કરવો પડે તો ધર્મશાળાની જેમ ગાદલાં, ઓશીકાં, ચાદરો, ઓઢવાનું સઘળું મળતું.

ભોજન માટે ઘણી વાર ધાર્યા કરતાં સંખ્યા વધી જતી છતાં બાપુજીને કોઈ ચિંતા ના થતી. એવો વિશ્વાસ કે બા એ બધું સાંભળી લેશે. આવનારાની જાતજાતની પરેજીવાળી રસોઈ બનાવવાનું કાર્ય પણ બાએ ઉપાડવું પડતું.

એક વાર તો અમે રજામાં ત્યાં હતા. રાતે નવ વાગ્યે વેડછીથી શ્રી નારાયણ દેસાઈ (શ્રી મહાદેવભાઈ દેસાઈના સુપુત્ર) ની ચિઠ્ઠી આવી. 'આવતીકાલે સવારે ૭ વાગ્યે શાંતિ સેનાના ૧૦૦ સભ્યો કપૂરા આવીને આગળ જશે.' બસ આ ચિઠ્ઠીનો હેતુ-અર્થ સમજતાં ક્યાં કોઈને વાર લાગે? રાતે સાત વાગ્યે મોડામાં મોડા બધા જ નોકરો ઘરે જતા રહે. સવારે ૧૦૦ સભ્યોને કંઇક તો આપવું જ પડે ને? તો આ સરોજ ને ગંગાભાભી રાતે દળવા બેઠા. હાંડવાનું દળ્યું ને પલાળ્યું ને ચાર વાગ્યે હાંડવો વાડામાં ચૂલા પર મૂકાઈ ગયો. સવારે સાત વાગ્યે ૧૦૦ સભ્યોને દૂધ અને હાંડવો અલ્પાહારમાં અપાઈ પણ ગયાં. ચિઠ્ઠીનો અર્થ બાપુજીને કહેવો ના પડતો. સૌ જાણી જતા, સમજી જતાં. બાપુજીના નિયમને આજ્ઞાંકિત બનીને પાળતા. અતિથિને આવકારવાની એ પ્રણાલિકાનું પૂર્ણપણે પાલન કરતા ને કરાવતા. આવનારા પણ સરસ રીતે ટેવાઈ ગયા હતા. સૌને એવો વિશ્વાસ કે કાકાને ત્યાં ઓટલો ને રોટલો બન્ને મળશે જ.

બાળપણથી એ ઘર જાણે વિવિધ જ્ઞાતિના, વિવિધ ક્ષેત્રના સભ્યોનું 'સંમેલન તીર્થ' સમું હતું. એમાં ભૂદેવો પણ આવતા તો તેમને માટે અલગ રસોઈ થતી. બાપુજી પણ સૌને ઊભા રહીને ધ્યાન-પ્રેમથી જમાડતા.

જાણે એ નાનકડું અન્નક્ષેત્ર હતું. હજારોને પરિતૃપ્તિ ધરનારું. હજારોની હાશ એ ક્ષેત્રને મળતી રહી. માતા અન્નપૂર્ણા બનીને સૌને દીપાવતા રહ્યાં.

ઘરમાં ખેતીકામમાં દેખરેખ માટે ભૈયાજી રહેતા હતા. અબદુલ્લા ભૈયાજી મુસ્લિમ હતા. હરિદાસ વળી સૌરાષ્ટ્રના હતા. ડાહ્યાભાઈ વળી વલસાડના હતા. જુદાં જુદાં સ્થળોના, જુદી જુદી જ્ઞાતિના, સૌ વારાફરતી રહ્યા પણ સૌની એકસરખી સંભાળ ! તેમના ભોજનની થાળીમાં પંક્તિભેદ કદી ના થતો. દૂધ પણ તેમને ફરજીયાત આપવાનું જ. આખો દિવસ મજૂરો પર દેખરેખ રાખે તો પૌષ્ટિક ખોરાક તો તેમને મળવો જ જોઈએ. એ આગ્રહ પણ બાપુજીનો જ હતો. દર મહિને સૂરતથી ગાય-બળદ ને ઘોડાના પગે નાળ જડવા આવતા નાળબંધકાકા મુસ્લિમ હતા. તેમનો મુકામ બાપુજીને જ ઘેર રહેતો. તેમના ભોજનમાં પણ ફરજીયાત દૂધ મૂકવાનું જ. અતિથિ જેવા તે કાકા જાણે પરિવારના સભ્ય જેવી સર્વ સંભાળ પામતા.

તે દિવસોમાં કોઈ યાત્રાએ જતું તેવું સાંભળેલું ન હતું. બા, બાપુજીએ ચારધામ યાત્રા માટે પ્રસ્થાન કર્યું તો આખું ગામ વળાવવા આવેલું. વ્યારા સ્ટેશને પણ ઘણા બધા મિત્રો મળવા આવેલા. ચારધામ યાત્રાએથી આવીને ગામના દરેક ઘરે એક એક જગન્નાથજીનું પાત્ર વહેંચેલું. ગંગાજળ પણ ઘરમાં કબાટમાં રહેતું. કોઈનું પણ મરણ થાય એટલે સૌ અહીં ગંગાજળ લેવા આવતા. ગંગાજળનો મહિમા પણ રામાયણમાંથી પામ્યા હશે. બાપુજી પોતે ૧૫ વરસની ઉંમરે કાશી (બનારસ) સંસ્કૃતનો અભ્યાસ કરવા ઘરમાં કોઈને કહ્યા વગર ઘર છોડીને પહોંચી ગયેલા ને બનારસ રહ્યા. મણીકર્ણિકા ઘાટ પર સંસ્કૃતમાં શાસ્ત્રચર્ચામાં પણ શ્રોતા બનવાનું સદ્‌ભાગ્ય પામ્યા હતા. એટલે પણ ગંગાજળનો મહિમા બાળપણથી એમના અંતરે વસ્યો હશે. નાનકડાં અમને એવી ખબર કે આ ગંગાજળ કોઈ ગુજરી જાય ત્યારે તેમના મોઢામાં મૂકવા માટે કામ લાગે. ગંગાજળનું નામ સાંભળવાનું ને દર્શન કરવાનું તો બાળપણથી એ રીતે પ્રાપ્ત થયેલું.

બાપુજી દર વરસે ગાંધીમેળામાં સાવિત્રીબહેન સાથે અમને પણ ફરવા લઇ જતા. એવી કોઈ ખાસ વસ્તુ તે ખરીદી આપતા તેવું યાદ નથી પણ એક બે પુસ્તકો ને ખાદી ખરીદેલી એવું યાદ છે.

શાળામાં પ્રવાસો ગોઠવાતા તેમાં અમને બાળકોને પિતાજી અચૂક મોકલતા.

ચોમાસામાં અતિનિયમિત ભાગવત વાંચીને સમજાવતા. દર ચૈત્ર માસમાં નવાહ્ન રામાયણ પારાયણ કરતા. દરરોજ સંસ્કૃતમાં વિષ્ણુસહસ્ત્રનામ મોઢે બોલતા. પ્રભાતની પ્રાર્થનામાં તેઓ શ્લોકો, ભજનો ગાતા. ને ‘ૐ નમો ભગવતે વાસુદેવાય’ની માળા મોટેથી બોલીને કરતા. અને આખો દિવસ નવરાશની પળોમાં ધાર્મિક ગ્રંથો, વિનોબાજીનું તેમજ ગાંધીજીનું સાહિત્ય વાંચતા. બાપુજી જુદાં જુદાં ભજનો પણ શીખવતા. તેમાં ગુજરાતી, હિન્દી-સિન્ધી ભજનો પણ હતાં.

*તેરા મકાન આલા, જીત્થે, કિત્થે વસી ભી તૂ.*

*

*હલો તો આસમાન વેખું, આગા હલી પસુ*
*આસમાન મીંડ્યો હિ તારન, તારન તરન ભી તૂ.*

એ ભજન આજે પણ યાદ છે. એનું કારણ પણ બાપુજીની જ તાલીમ હતી.

રેડિયો પર નિયમિત શાસ્ત્રીય સંગીત પણ બાપુજી સાંભળતા ને સવારે ભજનો પણ સાંભળતા. બાપુજીને રેડિયો પરનાં પદ ગમી જતાં તો તે ઉતારીને સંતાનોને આપતા.

એમાંનું જ પદ આ રહ્યું. જે એમણે ૭૨, ૭૩ વરસની ઉંમરે સાંભળેલું ને ઉતારી લીધેલું.

*‘વાળજે તું વાળજે, વેગ મનના વાળજે.’*

*

બાપુજીના જાહેર સેવાના ક્ષેત્રો વિવિધ હતાં :

વ્યારા તાલુકા કોંગ્રેસ સમિતિના તેમજ મઢી સહકારી જીનના પ્રમુખ તો હતા જ. પણ વ્યારા સહકારી જીન, મઢી સુગર ફેક્ટરી અને વ્યારાની સ્નેહકુંજ સોસાયટીના સર્જનમાં પણ બાપુજીનો સિંહફાળો હતો. વેડછી ને મઢી આશ્રમના સક્રિય ટ્રસ્ટી હતા. વ્યારા તાલુકાના જંગલ વિસ્તારોમાં સહકારી મંડળીઓના સર્જનમાં પણ બાપુજીના જ પ્રાણવાન પ્રયત્નો હતા.

ખેતીવાડી ક્ષેત્રે નવા નવા પ્રયોગોનો પ્રારંભ કરનારા વ્યારા તાલુકામાં બાપુજી જ હતા. ખેતી માટે જંગલો ખરીદવાનો શોખ હતો. ઘાટ, પીપલવાડા, ખરજઈ આ ત્રણ જંગલનાં ગામોને ખેતીલાયક બનાવવા તે યુગમાં પૂનાથી, મુંબઈથી ટ્રેક્ટર ને બુલડોઝર પણ લાવતા. એ ત્રણ ગામ જાણે બાપુજીની સર્વોત્તમ ખેતીની સ્વપ્નસૃષ્ટિ હતી. બાપુજીનો જીવનનો યુવાનીકાળ ખેતીની સમૃદ્ધિમાં ઘસાઈને ઊજળો થઇ ગયો.

અરે! મુંબઈથી ટ્રક ભરીને ગાય ને વાછરડાં ખરીદીને લાવેલા. પશુધનને પ્રેમથી ઉછેરો, પાલન કરો. ભારતના પશુધનનું જતન કરવાની, સેવા કરવાની એમની એક આગવી વિશેષતા હતી.

બાપુજીની એવી અનેકવિધ વિશેષતાને લીધે વિશેષ વ્યક્તિઓ પણ કપૂરા પધારતી.

શ્રી ગાંધીજી, શ્રી સરદાર, શ્રી વિનોબાજી, શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી મોરારજી દેસાઈ, શ્રી જીવરાજ મહેતા, એવાં તો અનેક નામો ગણાવી શકાય. સૌ આતિથ્ય પામતા.

આદિવાસીઓના વિકાસમાં પણ સેવા કરવાની હોંશ. પરિણામે જંગલ વિસ્તારમાં સહકારી મંડળીની સ્થાપના કરવા કોઈક જામીન જોઈએ તો તે જમાનામાં બાપુજી એક લાખ રૂપિયાના જામીન પણ થયેલા. કેટલી મોટી રકમના જામીન થવાની હિંમત પરહિત માટે, આદિવાસીઓના વિકાસ માટે કરતા. લોકસેવા જાણે એમના જીવનનું અવિભાજ્ય અંગ હતું.

મઢી સહકારી જીનનું પ્રમુખપદ સંભાળવું પડ્યું તો તે પદ ઉપરથી પણ એક પણ પાઈ પોતાના અંગત ખર્ચ માટે ના વાપરી. ઘરેથી જ પોતાનો ખર્ચ દર અઠવાડિયે આવીને લઇ જતા. કેવી પ્રમાણિકતા, નિસ્વાર્થ સેવાની શિક્ષા એમના જીવનમાં જોવા મળી!

*

ધીરુભાઈના શબ્દોમાં એક પ્રસંગ જોઈએ

“અમે જ્યારે નાના હતા ત્યારે નવરાત્રિ સમયે બાજીપુરાથી કપૂરામાં ઘેરૈયા આવેલા. બધાને આંગણે રમતા રમતા રાત પડી ગઈ. તે સૌએ રાતે રામલીલા કરવી ને રાત પણ કપૂરામાં જ ગાળવાનું નક્કી કર્યું.

રાતના સમયે શ્રી રામભાઈ ગોવિંદજીને બારણે વચલે ફળીયે ૯ વાગ્યે રામલીલા શરૂ થઇ અને ગામમાંથી બધા છોકરા જાય તેમ હું પણ ગયો. અને ઓટલા પર બેસીને જોવા માંડ્યો. તે વખતે પૂ.મામાએ જાણ્યું કે હું રામલીલા જોવા ગયો છું. તરત જ હાથમાં ફાનસ લઈને ત્યાં આવ્યા. મને શોધી કાઢીને તરત જ ઉઠાડીને સાથે જ ઘરે લઇ ગયા.”

ગ્રામસંસ્કૃતિમાં તે સમયે ભવાઈ કે રામલીલા પણ પ્રચલિત હતાં. ગામમાં અવારનવાર એવા હલકા મનોરંજનના કાર્યક્રમો પણ થતા. પણ પોતાના બાળકોને કદી પણ ત્યાં ના જવા દેતા. એ રીતે દરેક બાળકને કેળવણી જ એવી આપી હતી કે એવા કાર્યક્રમોમાં જવાની હિંમત જ ના કરતા.

એ રીતે ઘરનાં દરેક બાળકે બાળપણથી જ જ્યાં જવાનું હોય તે કહીને જવાનું. જેમ કે કાકાને ઘરે રમવા જવું હોય તો પણ ઘરમાં કહીને જવાનું અને જો કહ્યા વિના જાય તો બાપુજી જરૂર ઠપકો આપીને શિક્ષા કરતા.

એક વાત અગત્યની છે કે બાપુજી કે બા કદી પોતાના સંતાનોને માર ના મારતાં. બાપુજીએ તો કદી કોઈને માર માર્યો હોય એવું બન્યું નથી. બા કોઈક વાર હદ થાય તો એકાદ થપ્પડ આપતાં. કદી ઉગ્ર ન થનાર બાની એક થપ્પડ જ સૌની આંખ ઉઘાડી દેતી. સામાન્ય ઘરોમાં જેમ માતાપિતા મારપીટ કરે છે તેવી મારપીટ એ ઘરમાં કોઈએ કદી અનુભવી નથી. બાપુજી તો કોઈ બાળક જીદ કરે તો સોટી બતાવે ને તેને રાગમાં ગાય : *સોટી સોટી આવજે, સરોજને મારજે.*

બસ, આ રીતે ગાવાનું જ ! બાળક પણ જાણે કે બાપુજીની સોટી કદી આપણને વાગવાની નથી, પાસે આવવાની નથી. એટલે બાપુજી મારશે એવો ડર તો કોઈને ન હતો. પણ વઢશે, ઠપકો મળશે એવો ડર તો સૌને લાગતો.

એકવાર સુશીલાબહેન વચલે ફળીયે એમની બહેનપણી જોડે ભજનમાં ગયેલા. ઘરમાં કોઈને જણાવેલું નહીં. પૂછ્યા વગર ત્યાં પહોંચી ગયેલાં! ભજન પૂરા થતાં રાતે નાનકડાં સુશીલાબહેન આવ્યાં તો

બાપુજીએ બારણું ના ખોલ્યું, ના ખોલવા દીધું. બહાર બાંકડે રાત વિતાવવાની આવી. એક કલાક પછી બાપુજી જ ઘરમાંથી ઊઠીને બહાર ગયા ને ઠપકો આપ્યો ને ઘરમાં લઇ આવ્યા.

શારદાબહેન પણ નાનાં હતાં તો બહેનપણી જોડે બોર ખાવા ગામમાં દૂર બોરડી હતી ત્યાં ગયેલાં. ઘરમાં જણાવ્યું ન હતું. બાપુજીએ જાણ્યું એટલે વઢયા. બસ, વઢ જ બાળકોને માટે પર્યાપ્ત થઇ રહેતી. બાળક કદી પછી તે કામ ના કરે. વારેવારે કહેવું ના પડતું.

બાળકોને તો કદી ના મારે પણ ઘોડાગાડીના ઘોડાને પણ કદી ચાબુક ના મારે. બાપુજી ઘોડાગાડી ચલાવે એટલે ઘોડો પણ જાગી જતો ને ધીરે ધીરે ચાલતો. જીદ કરતો, 'નથી જવું' એમ વિચારીને તોફાને પણ ચઢતો. જાણે ઘોડો બાપુજી પાસે એ રીતે લાડ કરતો! ત્યારે મોટાભાઈ વામનભાઈના એક અવાજે ઘોડો સીધો થઈને ચાલવા માંડતો.

*

બાપુજી અંધશ્રદ્ધાના પણ ભારે વિરોધી હતા. ઘરમાં નાનાં બાળકો હતાં છતાં કદી કોઈના હાથમાં કાળો દોરો, માદળિયાં કે નજર ઉતારવી એવાં કોઈ સાધનો એ ઘરમાં ના વાપરતાં. બાળકોને ઓરી-અછબડા કે શીતળા થતા તો પણ ફરજીયાત સ્નાન કરાવતા. વૈદ્યની સંપૂર્ણ સારવાર કરતા ને કરાવતા. કુદરતી ઉપચારોમાં શ્રદ્ધા એટલે તે જ પ્રયોગ કરતા. પોતાના જ કાકાના દીકરા પંડિત ગોવિંદરામ વૈદ્યરાજ હતા, એટલે બાપુજી પણ વૈદ્યકીય ઉપાયો જાણતા ને અજમાવતા.

શારદાબહેન દશ વર્ષના હતાં ત્યારે બાજીપુરા ચોથું ધોરણ ભણવા ગયાં. તે સમયે પણ શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો, ગરબા, નાટક થતા. શારદાબહેને પણ ભાગ લીધો હતો. વાલીઓને પણ આમંત્રણ હતું તો બાપુજી ત્યાં ગયા. વાર હતી એટલે ઘરે ગયા. શારદાબહેન મોસાળમાં રહીને ભણતાં હતાં. ત્યાં ગયા તો શારદાબહેન મળ્યાં. તેમને તાવ આવતો હતો. બાજુવાળા વડીલ દાદીમાએ બહેનને તાવ ના આવે કે તાવ ઊતરી જાય તેને માટે કાળો દોરો બાંધેલો. બાપુજીએ એ જોયો કે તરત તેને તોડી નાખ્યો. ત્યાંના વડીલને ચિંતા થઇ કે, 'પાછો તાવ ચઢશે તો?' પણ બાપુજી સામે કોણ બોલે ! કાળા દોરા તે વળી તાવ મટાડે? વૈદ્યની દવા ને પ્રાર્થના જ ઔષધ, એવું માનનારા બાપુજી એવું કશું પણ ના ચલાવી લેતાં. જ્યાં જ્યાં અંધશ્રદ્ધા ત્યાં ત્યાં બાપુજીનો દૃષ્ટિકોણ ખંડનાત્મક રહેતો. પરિણામે એમના કોઈ સંતાનમાં આજે પણ ભૂતપ્રેતનો ડર પ્રવેશી શક્યો નથી.

*

ખેતીકામ કરતા મજૂરો માટે પણ ભારે હમદર્દી. એમને કપડાં, ભોજન, અરે માંદા પડે તો ઉત્તમ સારવાર આપવાનું બધું જ કાર્ય બાપુજી ફરજ માનીને બજાવતા. અરે! વાડીમાં ઘેંટા-બકરાં બેસાડવા સૌરાષ્ટ્રના ભરવાડો આવેલા તો સાંજે એક વાર તેમને મળવા નાના શારદાબહેનને પણ લઇ ગયાં! વાડીએ ગયા તો તે પરિવારની હીરાડોશી રડવા માંડી. એની દીકરી ખૂબ માંદી પડી ગઈ હતી. શારદાબહેનને ત્યાં જ રહેવા દઈ, બાપુજી તરત જ વાડી છોડીને ઘોડાગાડી લઈને વ્યારા ગયા. ડૉક્ટરને સીધા વાડીમાં લઇ આવ્યા ને ડૉક્ટરે સારવાર આપી. દર્દીને પતરાના ડેલામાં ખસેડીને ડૉક્ટરો દ્વારા દિવસો સુધી નિયમિત સારવાર આપીને તેને સાજી કરી, ત્યારે જ બાપુજીને શાંતિ થઇ. તે હીરાડોશી પછી તો ઘણીવાર ઘરે આવતાં ને કહેતાં,

'કાળુભા, તમે ના હોત તો મારી દીકરીનું શું થાત? તમે જ એને બચાવી.' બાપુજી કહેતા, 'બચાવનારો રામ!' સેવકોની પણ સર્વોત્તમ સારવાર કરવાની એવી આગવી વિશેષતા બાપુજીમાં હતી.

*

સ્વરાજની લડતમાં પોતાનાં બાળકોને ગાંધીજીની એક હાકલે શાળામાંથી ઉઠાડી લીધાં. અરે! લડતમાં સક્રિય ભાગ લેવડાવીને જેલવાસનું પણ સદ્ભાગ્ય સંતાનોને ધર્યું. ગાંધીજી ગોડસેની ગોળીથી વીંધાયા તો તરત જ પ્રાર્થનાસભામાં બાપુજી જોડાયા. અને પેપરો દ્વારા જ્યારે જાણ થઇ કે ગાંધીજીના વિરોધી જે વિચારસરણી ધરાવે છે, તેની સાથે આ આર્યકન્યા વિદ્યાલય સંકળાયેલી છે. એ જાણતાં જ પોતાની દીકરી સુશીલાબહેન ત્યાં ભણતાં હતાં તેમને, ફેબ્રુઆરીના પહેલા જ અઠવાડિયામાં ઉઠાડી લીધી! 'અભ્યાસ બગડશે, પરીક્ષા માર્ચમાં જ છે. બે ત્રણ મહિના પછી કાકા તમે લઇ જજો.' સંસ્થાના સંચાલકોની આવી કોઈ દલીલ બાપુજીના ગળે ના ઊતરી! ના જ ઊતરે ને! દેશભક્તિ-દેશદાઝ જેના રોમરોમમાં પથરાયેલી હતી તે એવું જ કરે ને ! એ સંસ્થાનો પણ જાણે બહિષ્કાર જ શોભે ! ગાંધીજી પ્રત્યે ને દેશ પ્રત્યે કેવો ભક્તિભાવ ! કેવો આદરભાવ !

પોતે ખાદી જ પહેરતા, રેંટિયો કાંતતા, કંતાવતા. ઘરમાં સૌને ખાદી જ પહેરાવતા. અરે! શારદાબહેનના લગ્નપ્રસંગે ખાદીનું પાનેતર પણ ખરું જ ! સામે પક્ષે જે કંઈ વહેંચણ (વહેંચવાનું હતું) તે પણ બધું જ ખાદીનું. સૌ સામાજિક વ્યવહાર પ્રસંગે ખાદી જ આપવાની ! સૂરતથી પાતળી ખાદીના તાકાઓ લાવી, તેને બોર્ડર છપાવેલી ને બોર્ડરવાળા સાડલા સામે પક્ષે વ્યવહારના નિયમ પ્રમાણે વહેંચનાર બાપુજીની ખાદી પ્રત્યે કેવી ભક્તિ હશે! દાદીમા આખો દિવસ રેંટિયો કાંતતા. પછી વળી બા કાંતતા, તો એ જ સૂતરને ફાળકા ઉપર કાંતી, આંટી બનાવીને વેડછી હાથશાળ ઉપર વણાવીને જે ખાદી તૈયાર થતી તે જ બાપુજી પહેરતા. કફની, ટોપી, બંડી, ધોતી સંપૂર્ણ ખાદીના ! હાથરૂમાલ કે સ્નાનના ટુવાલો પણ ખાદીના ને પલંગની ચાદર પણ ખાદીની જ ! ખાદી પ્રત્યે સન્માન, ભક્તિભાવ ને ખાદી જ અપનાવવાનો આદર્શ દેશભક્ત બાપુજીના અંતરે વસ્યો હતો.

ગાંધીભક્ત તરીકે બાપુજીનું જીવન ગાંધી આદર્શોને જીવન આંગણે ઉતારતું હતું. પોતાને જે વાત આદર્શ લાગે તેને વ્યાવહારિક જગતમાં સૌ કોઈ આચરે એવો પણ આગ્રહ રાખતા. ગાંધીજીનો જન્મદિન પણ બાપુજીને મન એક પવિત્ર મંગલ પર્વ જેવો જ હતો. વેડછી આશ્રમમાં ગાંધીજયંતીનો ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. બાપુજી સક્રિય સેવક અને આશ્રમના ટ્રસ્ટી પણ ખરા એટલે ત્યાં હાજરી તો આપવાની જ હતી. ઘરમાં ધીરુભાઈએ વાત જાણી કે મામા વેડછી જવાના છે. તો તેમને પણ ઈચ્છા થઇ વેડછી જવાની. ઘરમાં દાદીમા જમુનામા હતાં. તેમને ધીરુભાઈએ વાત કરી કે મારે મામા સાથે વેડછી જવું છે. દાદીમાએ એ રજૂઆત બાપુજીને કરી. પછી જે સંવાદ થયો તે આ મુજબ હતો :

બાપુજીએ કહ્યું: તમારે આવવું છે?

ધીરુભાઈ: હા.

બાપુજી: એક શરત છે. પાળશો?

ધીરુભાઈ: હા.

બાપુજી: ગાંધીજયંતી છે તો તમારે પણ ઉપવાસ કરવો પડે. જો તમે ઉપવાસ કરી શકતા હોવ તો લઇ જાઉં.

ધીરુભાઈએ એ શરત સાંભળી છતાં જવા તૈયાર થયા. બાપુજી ચાલતા જ જવાના હતા. એટલે ધીરુભાઈને પણ ચાલતા જ જવાનું હતું. વેડછી ચાર માઈલ હતું. ત્યાં પહોંચી ગયા. ઘણા બધા ગાંધીભક્તો, સેવકો, કાર્યકર્તાઓ ત્યાં મળ્યાં. સૌ સાથે ધીરુભાઈએ પણ મગફળી ને ખજૂર જ લીધાં. પાછા ચાલતાં જ મામા સાથે કપૂરા આવી પણ ગયા. ગાંધીજયંતી ને ગાંધીજી માટે કેવો આદરભાવ? ઉપવાસ કરવાનો ને સાથે આવનારને પણ કરાવવાનો જ. ગાંધીજયંતી મનાવવા વેડછી જવાનું જ. એ પવિત્ર ફરજ માટે પણ જાગ્રત.

*

બાપુજી નાના-મોટા સૌને શુદ્ધ ઉચ્ચાર સાથે જે નામ હોય તે જ નામથી બોલાવતા. જેમ કે બાજુમાં જ યોગેશ હતો. તેના ઘરમાં ને ફળિયામાં સૌ તેને 'યોગુ' કે 'યોગલો' કહેતા. એ રીતે 'ગુણિયો', 'દીનીયો'. ગામડામાં નામ બગાડવાની એક ખાસિયત. કપૂરામાં પણ હોય જ ને ! બાપુજી તે સૌને 'યોગેશભાઈ', 'ગુણવંત', 'દીનશાજી' કહીને જ બોલાવતા. અભ્યાસની વાતો પૂછતા. 'કોણ, કયા ધોરણમાં ભણે છે? તેના શિક્ષક કેવા છે? તે કેવું ગૃહકાર્ય આપે છે? ભણતાં બાળકોનું વાંચન કેવું છે?', વગેરે. નાની-નાની વાતો પૂછી-પૂછીને તેમના જીવનમાં મિત્રભાવે પ્રવેશવાની વિશેષતા પણ બાપુજીમાં હતી. એટલે અહીં ઉપરના પ્રસંગમાં પણ પોતાનો ભાણેજ જ હોવા છતાં તેમને સન્માનથી જ બોલાવવાનો આદર્શ શિષ્ટાચાર પણ સર્વ માટે અનુસરણીય છે. વિશેષ નોંધપાત્ર વાત તો એ છે કે પોતાના ધર્મપત્નીને પણ 'તમે' કહીને આદર ને સન્માનથી જ બોલાવતા. કદી તુંકાર એમના મુખમાં અમે સાંભળ્યો નથી.

*

અસ્પૃશ્યતા નિવારણના આંદોલનમાં ગાંધીજીની વિચારધારાને બાપુજીએ જીવનમાં ઉતારવા પ્રયત્ન કર્યા. કપૂરામાં જાહેર કૂવા ઉપર કે દરેક અંગત વાડામાં કૂવા ઉપર હરિજનોને પાણી ભરવાનો હક ન હતો. તેઓ કદી આ કૂવે ના ચઢી શકે. રૂઢિચૂસ્ત ભક્ત સમાજની આચારસંહિતામાં અભડાઈ જવાનું સૂક્ષ્મ ગણિત પણ કામ કરતું હતું. તે દિવસોમાં બાપુજીએ કપૂરા ગામમાં હિંમત કરીને હરિજનોને ગામના કૂવા પર ચઢાવીને પાણી ભરાવ્યું. લોકોનો ભારે વિરોધ છતાં એ કાર્યક્રમ સફળ બનાવ્યો. ગામનો સાર્વજનિક કૂવો બાપુજીના ફળિયામાં જ હતો. આજે પણ છે જ. સાર્વજનિક કૂવા પર હરિજન પ્રવેશ કરાવી તે જ મંડળીને બાપુજીએ એક બીજી દિશા ચીંધી. ભક્ત સમાજ હરિજનોને ઘરમાં પ્રવેશ પણ આપતો ન હતો. તે દિવસોમાં બાપુજીએ નીડરતાથી પોતાના ઘરમાં જ તે મંડળીને દાખલ કરીને, ઘરમાંથી પસાર કરાવીને વાડામાં જે ઘરનો કૂવો હતો તેના ઉપર પણ હરિજનો પાસે પાણી ભરાવ્યું. દાદીમા કડક હતાં. બાપુજીને કડક શબ્દોમાં વઢ્યાં. જોરજોરથી બૂમો પાડવા લાગ્યાં. પણ બાપુજીએ પોતાનું ધાર્યું જ કરી બતાવ્યું. વિરોધનો વંટોળ ક્યાંયે આડે ના નડ્યો. વિરોધો વચ્ચે પણ જે સત્ય સમજાયું તેને પકડી રાખવાની બાપુજીની મક્કમતા પાછળ મહામાનવની માનવતા છૂપાયેલી હતી.

હરિજનોને કૂવા પર ચઢાવવા કે ઘરમાં દાખલ કરવામાં જ્ઞાતિનો બહિષ્કાર પણ મળે એવો ભય હતો છતાં સઘળું સહી લઈને હરિજનોને ભાઈ માનીને ભેટવાની એમની પ્રવૃત્તિ સંપૂર્ણ સફળ થઇ. કપૂરા ગામમાં એ રીતે હરિજનોનો સ્વીકાર થયો ને બાપુજી જાણે હરિજનોના હૈયામાં પણ સ્થાન પામ્યાં.

*

તે જમાનામાં બાળલગ્નો થતાં. સમાજમાં સૌને એ વાત સામાન્ય લાગતી હતી. બાપુજી એ બાળલગ્નોના પણ વિરોધી હતા. અંભેટીમાં ભક્ત સમાજના પરિવારમાં કાળીદાસભાઈની દીકરી દેવીબહેનના બાળલગ્ન થવાનાં હતાં. તો બાપુજી એમના સાથી મિત્રો સાથે તે લગ્નનો વિરોધ કરવામાં, તે લગ્નને થતા અટકાવવા માટે કપૂરાથી ત્યાં પહોંચ્યા. કાળા વાવટા ફરકાવી, સમજાવી, બાળલગ્નને અટકાવવા પ્રયત્ન કરેલો. જેમના ઘરે લગ્ન હતાં તે ઘરના વડીલોની ગાળ પણ બાપુજીને મળી છતાં એક સુધારાવાદી સત્કર્મ કર્યાનો સંતોષ તો મળ્યો ને! અને પાછા કપૂરા આવી પણ ગયા.

પોતાના ગામમાં – કપૂરામાં જ જો બાળલગ્ન હોય તો ત્યાં પણ વિરોધ કરવાનું તેઓ ચૂકતા ના હતા. ફળિયામાં જ ભીખીબાના પિતરાઈ ભાઈનું પણ ઘર હતું. તેમના પુત્ર નાથુભાઈનું જ લગ્ન હતું. પણ તે બાળલગ્ન હતું. ભીખીબાને તો સામાજિક વ્યવહાર મુજબ જવું જ પડે. બાપુજીને પણ વ્યવહારની રીતે જવું જ પડે. પરંતુ બાપુજીએ તો કહી દીધું, ‘હું તો નથી જ જવાનો પણ તમારે પણ શા માટે જવું પડે? એ બાળલગ્નમાં તમારે પણ જવાની જરૂર નથી.’ અને બાપુજીની ઈચ્છા બાએ શિરોમાન્ય રાખી. એક બાજુ પતિની ઈચ્છા છે ને બીજી બાજુ ભાઈના ઘરે પ્રસંગ છે. પણ પતિપરાયણ બાએ કોઈ પણ દલીલ કે વિરોધ વિના એ વાત સ્વીકારી લીધી. બન્ને એ લગ્નમાં ના ગયાં. પરિણામે દિવસો સુધી કટાક્ષવચનો પણ સાંભળવા પડ્યાં. બાપુજીના સિદ્ધાંત સામે સગાં-વહાલાંનું, કટાક્ષબાણોનું કે વ્યવહારનું ગણિત પણ ના ફાવે. સિદ્ધાંતમાં ક્યાંયે બાંધછોડ કે છટકબારી નહીં ! સિદ્ધાંતનિષ્ઠાનો પાઠ જાણે ઘરમાં જ, બાપુજીના સ્વરૂપે જીવંત હતો.

*

૧૯૪૭ પછી જે ચૂંટણીઓ થતી તેમાં પણ પ્રામાણિકપણે મતદાન થતું. કપૂરામાં જ્યારે જ્યારે ચૂંટણી હોય ત્યારે પ્રામાણિક મતદાનની દેખરેખ પણ બાપુજી રાખતા. અમે પણ કોલેજમાં હતા પછી સાધના વિદ્યાભવનમાં હતાં, તો નિયમિત બાપુજીનો પત્ર આવી જ જાય, ‘આ તારીખે કપૂરામાં મતદાન છે, આવી જવું.’

જે પક્ષે દેશની સેવા કરી, જે પક્ષમાં સિદ્ધાંતવાદી નેતાઓ છે તે જ પક્ષને પોતે વળગી રહ્યા. મિત્રો છોડી ગયા છતાં પક્ષની નિષ્ઠામાં ના ડગ્યા. ચૂટણીમાં કોઈ પદ માટે ના ઊભા રહ્યા પણ દેશને સારા નેતા મળે તે માટેના સક્રિય પ્રયત્નો તો કાયમ કરતા જ રહ્યા. ચૂંટણીના દિવસોમાં પ્રચારકો, કાર્યકર્તાઓ, વ્યવસ્થાપકો સૌની અવરજવર ઘરમાં વધી જતી. રોટલો ને ઓટલો બન્ને પામી સૌ ઠરતા. જાણે પોતાનું જ ઘર છે, એમ માની એકત્વની, બંધુત્વની ભાવનાનું વિસ્તૃતીકરણ કરતા.

* * હરિઃ ૐ * *

## બા



માતાશ્રી ભીખીબા

સૂરત જિલ્લાનું બાજીપુરા ગામ. બાજીરાવ પેશ્વાના નામે વસેલું. સ્વરાજની લડતના જાણીતા સેનાની મકનજી સોલાનું એ ગામ! એ ગામ ભીખીબાનું જન્મસ્થાન. ખેડૂત તરીકે જીવન જીવનારા, પોતાના કામમાં મગ્ન રહેનારા એ ગોપાળદાદા ને લાડુમાનું લાડકું સંતાન. ગોપાળદાદાને ત્યાં ઘણાં વરસે દીકરીનો જન્મ થયો. સમાજમાં તે વખતે એક રિવાજ હતો, હજી પણ છે. જેને સંતાન ના હોય ને મોડા જન્મે, અથવા સંતાન જીવતાં ના હોય તો જે જન્મે તેનું નામ ભીખુભાઈ કે ભીખીબહેન પાડવામાં આવતું. તે બાળકનો 'ભીખના સંતાન' તરીકે ઉછેર થતો. સ્વજનો કે સંબંધી કોઈક તેને સવા વરસ કે પાંચ વર્ષ ભીખનો લે એટલે કે, દત્તક જેવું જ લેવાનું. પાંચ વર્ષનો થાય પછી મા-બાપ માને કે આ તો મને ભિક્ષામાં મળેલો છે, પ્રસાદીમાં મળેલો છે. ને પછી જ તેને પોતાનો માને. આ માન્યતા પાછળ સંતાનનું આયુષ્ય વધે એ જ હેતુ હશે. એ જ રીતે અહીં પણ દાદાએ દીકરીનું નામ 'ભીખી' (ભિક્ષામાં મળેલી) રાખ્યું. ત્યાર પછી બીજી દીકરીનો જન્મ થયો તેનું નામ જમુના. બે બહેનોને દાદાએ ખૂબ લાડકોડથી ઉછેરી. તે જમાનામાં દાદા શ્રીમંત ગણાતા.

ઘરમાં હરિકાકા જ શિક્ષક હતા. જેથી દીકરીને ફાઈનલ (સાત ધોરણ) સુધીનો અભ્યાસ કરાવ્યો ને શાળામાં ચાલતા સીવણ-ભરતના વર્ગની તાલીમ અપાવી. આઠમા ધોરણમાં જવાનું ભીખીબાને મન હતું. પણ ગામમાંથી કોઈ સંગાથ ના મળ્યો તેથી તે વિચાર બંધ રાખ્યો. શ્રીમંત પરિવારનાં એ દીકરી ભીખીબા તે અમારાં માતા. નાનકડી સરોજે જેના શ્રીઅંકમાં આંખ ઉઘાડી તે માતા શ્રી ભીખીબા જાણે પોતાના પૂર્વજો પાસેથી પ્રેમ ને ઉદારતાનો સંસ્કારવારસો લઈને જન્મ્યાં હતાં!

એ પ્રેમનું સ્વરૂપ કેવું હતું!

કપૂરામાં, જે પરિવાર પાડોશમાં વસતો હતો તેનાં ત્રણ બાળકો – ડાહ્યાભાઈ, સુખાભાઈ ને જીવીબહેનને માતાપિતાનું સુખ ના મળ્યું. એ ત્રણે બાળકો દાદીમાના અંકે જ મોટા થયા. પણ દાદીમા ખૂબ કડક હતાં. આર્થિક ભીંસ પણ ખરી. પાડોશમાં ભીખીબા, છાનાંમાનાં એ બાળકોને કંઇક ને કંઇક ખવડાવતા. પછી તો તે બાળકો મોટાં થયાં. લગ્ન કર્યા તો શ્રી ડાહ્યાભાઈનાં ધર્મપત્ની ધનીબહેન પગે તકલીફવાળાં હતાં.

પેલા કડક દાદીમાનો તાપ પેલા ધનીબહેન જેમતેમ વેઠતાં. પાણી ભરવાનું, વાસીદું વાળવાનું, કચરો કાઢવાનું પગને લીધે જરા ધીરેથી થતું. કડક દાદીમાના એ તાપમાં શેકાતા રહ્યાં. ભીખીબા ત્યારે પોતાના દીકરા વિઠ્ઠલભાઈને ધનીબહેનની મદદમાં મોકલતાં. વિઠ્ઠલભાઈ પાણી પણ ભરવા લાગે ને બધાં જ કામમાં તેમને મદદ કરવા લાગે. પાડોશીના પરિવાર માટે કેવો પ્રેમભાવ ને કેવી ઉદારતા!

વળી પિતાજી મોટા જમીનદાર એટલે ખેતમજૂરો પણ ઘણા. ઘણાં વરસો સુધી કામ કરનારા મજૂરો માંદા પડે કે એકલા પડે, અસહાય અવસ્થામાં મુકાય ત્યારે ત્યારે તે મજૂરોની સંભાળ પણ ભીખીબા રાખતાં.

ઘરમાં વરસો સુધી જેણે સેવક તરીકે સેવા આપી હતી તે આદિવાસી રેવા ડોશી વૃદ્ધ, એકલાં અને અશક્ત થઇ ગયાં. સંતાન ન હતું. સાથે સેવા કરનાર કોઈ ના હતું. તો ભીખીબા તે રેવા ડોશીને છાપરે નિયમિત સવાર-સાંજ જમવાનું પહોંચાડતા. તે જમવાનું પહોંચાડવાનું સેવાકાર્ય નાનકડી સરોજને ફાળે પણ આવેલું. ફળિયામાં આમતેમ રમતી સરોજને ૧૦ વાગ્યે એટલે બૂમ પાડીને ઘરમાં બોલાવતાં ને કહેતાં, 'જા રેવા ડોશીને ખાવાનું આપી આવ.' એ સરોજ, કપૂરાના ઘરમાંથી ઝાંપે થઇ નિશાળની સામે જે ઊનાઈ રોડ છે, તે પસાર કરીને તેના છાપરે જઈને ખાવાનું આપી આવતી. તેની ઝૂંપડીમાં કાથીનો ખાટલો, તેના પર તે બેઠી હોય! સફેદ જાડા જાડા વાળ, મોટી મોટી આંખ, લાલ જેવા રંગની ઓઢણી પહેરેલી હોય. પલંગ નીચે કાંસાનો મોટો વાડકો રહેતો તે વાડકો પાણીથી સરોજ વીંછળે ને પછી તેમાં કઢી, ભાત ને શાક મૂકી તે વાડકો પેલી રેવા ડોશીના હાથમાં આપવાનો. ખૂણામાં માટલી હોય, સાથે તુંબડી (સુકાયેલી દૂધીમાંથી પાણી પીવાનું સાધન બનાવેલું હોય તેને તુંબડી કહેવાય) હોય. તે પાણી એક બીજા માટીના વાસણમાં ભરી આપવાનું. તે રેવા ડોશી કોઈ વાર મોડું થઇ જાય તો અમને વઢતી. કદાચ બહુ ભૂખ લાગી જતી હશે. પણ આવું સેવાકાર્ય હોંશથી કરવાનું બનતું તે પણ ચોક્કસ યાદ છે. સેવાની આદર્શ શિક્ષા માતાની પ્રસાદી છે.

એ જ રીતે ભીખીબાનાં એક માસી ગામમાં જ રહેતાં હતાં. ગોમતીમા ને રામદાદા. તે ગોમતીમાના ઘરે પણ ભીખીબા કંઇક નવું બનાવ્યું હોય તો આપવા મોકલતાં. અઠવાડિયે એક-બે વાર તેમના ઘરે પણ સરોજને જવાનું બનતું ત્યારે ગોમતીમાના ઘરમાં કચરો કાઢવાનું કે એક-બે નાનાં વાસણો માંજવાનું કામ પણ કરવાનું બનતું.

એ જ રીતે વચલા ફળિયામાં ગોદાવરીમાસી ને ડુંગરી ફળિયે ગોવિંદમામાને, વહાલીમામી ને ધનીબહેનનાં ઘરોમાં પણ નાનકડી સરોજને કંઇક ને કંઇક ખાવાની વાનગી પહોંચાડવાનું સત્કર્મ મળ્યાં કરતું હતું. સગાં, સ્નેહી ને ખેતમજૂરો સૌને જાણે ભીખીબા અન્નપૂર્ણા બનીને સંતૃપ્તિ ધરતાં રહ્યાં. ઘરના સૌ બાળકો માટે કાયમ બારેમાસ મગસની લાડુડી ને શિયાળામાં ખજૂરપાક, મેથીપાક, અડદપાક પોતે જ બનાવતાં. સૌને ફરજિયાત ખવડાવતાં. દિવાળીના તહેવારે ઘરે જ પેંડા બનાવતા. બરફી, મૈસુર બનાવી ભોજનક્ષેત્રે વિવિધતા ધરતા.

બાપુજીના વિશાળ સેવાક્ષેત્રના મિત્રો તેમજ સેવકોની ખડેપગે સેવા કરી અર્ધી રાતે પણ અતિથિઓના વૃંદોને ગરમ ભોજન જમાડતાં ભીખીબા જાણે પ્રગટ અન્નપૂર્ણા જ હતાં. આંગણે આવનાર સૌને આશરો ધરતાં. બાપુજીના દરેક સત્કર્મ સેવાકાર્યમાં સમજપૂર્વક મૌન રહીને સહયોગ ધરનારાં બા સાચા અર્થમાં સહધર્મચારિણી હતાં.

૧૯૨૮ની બારડોલી તાલુકાની 'ના કર'ની લડતમાં બધાં જ ગામો ગાયકવાડી રાજ્યનાં ગામોમાં હિજરત કરી ગયાં. પરિવાર, ઘરનું રાચરચીલું, પશુધન સઘળું લઈને પોતાનાં ગામ છોડવાં પડ્યાં. તેમાંના કેટલાક પરિવાર કપૂરામાં આવ્યા. બાના ઘરમાં તે સૌ પણ સમાયા. સૌને પોતાના કરી સમાવ્યા, રાખ્યા, સંભાળ્યા. તેમની સર્વપ્રકારની જરૂરિયાતો પૂર્ણ કરી.

*

બાપુજીના બહેન નાનકડાં ત્રણ સંતાનોને પૃથ્વી પર છોડી સ્વર્ગવાસી થયાં. દીકરી પાંચ વરસની મણીબહેન, દીકરો ધીરુભાઈ ત્રણ વરસના ને સવા વરસના દીકરા વલ્લભભાઈ. એ ત્રણે બાળકોને ભીખીબા કપૂરા લઇ આવ્યાં. નાનકડાં વલ્લભભાઈને પાતળા મળની સતત તકલીફ રહેતી. તેમની નાજુક તબિયત જોતાં ભીખીબાએ પોતાના દીકરા વિઠ્ઠલભાઈને માતાનું દૂધ છોડાવીને ગાયના દૂધ પર ચઢાવ્યો ને પેલાં વલ્લભભાઈ જે માત્ર સવા વરસના હતા તેમને ભીખીબાએ સ્તનપાન કરાવ્યું.

દૂધમાતા તરીકે સાચી માતા બની પ્રેમરસ ને સંસ્કારોનું સિંચન ભીખીબાએ એ બાળકોમાં કર્યું. ત્રણે બાળકોને પોતાના માની મોટા કર્યા. માતાની મમતા ને પિતાનું છત્ર એ બાળકો આ ઘરમાં પામ્યાં. ત્રણેના લગ્ન થયાં ત્યાં સુધી કપૂરા જ રહ્યાં. ને પછી એ ત્રણે 'મામી : મારી માતા' ને 'મામા : મારા પિતા' માની એમના વાત્સલ્યભાવને માણતાં એ ઘરને પોતાનું જ ઘર માનતાં. મામાનાં બાળકો પોતાનાં જ સગાં ભાઈબહેનો છે એમ સમજી સંપ ને સ્નેહના સુરીલા સંગીતનું શ્રવણ કરતાં કરતાં એ ઘરમાં સર્વોત્તમ છાંયડી પામ્યાં. સ્વપ્ને પણ ક્યાંયે કોઈ વાતે અભાવ ના પામ્યાં. સંતોષ ને શાંતિ પામ્યાં.

ભીખીબાએ જાણે પોતે જ હરતાંફરતાં બાળઉછેર કેન્દ્ર બની ત્રણે બાળકોનું માતૃપદ દીપાવીને એમને માતાનું મહાસુખ ધર્યું. એ ત્રણે બાળકોને હૂંફાળી ગોદ ધરી. જીવની જેમ એમનું જતન કર્યું. હે ભીખી બા! આપનું આ એક જ યજ્ઞકર્મ તમારા જન્મને સફળ, સાર્થક કરે એવું પ્રાણવાન ને પ્રેરક છે. ભલે તમે બીજા હજારો સત્કર્મ ના કર્યા હોય.

સમાજના વ્યવહારો પણ ભીખીબા જ સંભાળી લેતાં. બાપુજી એમના સેવાક્ષેત્રમાં કાર્યરત રહેતા. બાપુજીની એવી એક માન્યતા હતી કે સોનું જીવનમાં જરૂરી નથી. એની ખરીદી કરવામાં પૈસા વ્યર્થ જાય છે. પરંતુ સંતાનોના લગ્ન પ્રસંગે તો સમાજના મોભા પ્રમાણે એમને દીપાવવાં જ જોઈએ એવી બાની માન્યતા હતી. શ્રી વામનભાઈના લગ્નપ્રસંગે બાપુજીએ વિચારેલું કે આવનાર પુત્રવધૂને ઘરેણાંની શું જરૂર! લગ્નને દિવસે એ વિધિમાં વેવાઈને સામાપક્ષે જઈને કહી દઈશું કે અમે તો સાદાઈમાં માનીએ છીએ માટે અમે કશું લાવ્યા નથી. પણ આ વાત બાને યોગ્ય ના લાગી. એમણે બાપુજી ના જાણે એ રીતે પોતાના પિયરથી મળેલા સોનામાંથી પૂત્રવધૂ માટે ઘરેણાં તૈયાર કરાવી જ રાખ્યાં હતાં! એટલે લગ્નને દિવસે બાપુજી તો તે પ્રસંગે સામે પક્ષે કહેવા જવા તૈયાર જ હતા, પણ બાએ એ પ્રસંગ દીપાવ્યો. લોકમાનસને એવા આદર્શો ના સમજાય અને વળી આપણે ગરીબ હોઈશું એવી પણ છાપ પડે. અથવા કંજૂસ છીએ એવી પણ વાતો થાય તો? માતાએ એ પ્રસંગ સંભાળી લીધો તો પાછો બાપુજીએ તેનો સખત વિરોધ પણ ના કર્યો. માતાની વાત વધાવી લીધી. ઘરના બધા જ મંગલ પ્રસંગો બાજીપુરાની ઘરેણાંની સંપત્તિથી જ દીપાવવાનું કાર્ય ભીખીબાએ પોતાની આગવી સૂઝથી કર્યું. જેથી પોતાના સંતાનોને કોઈ ટીકા કે નિંદાનો ભોગ ના બનવું પડે.

બાપુજીના આદર્શોને ભીખીબા વ્યવહારિક ભૂમિકા પર હળવા બનાવી સમાજ સાથે કદમ મિલાવવા મૌન રહીને પોતાની રીતે સર્વોત્તમ પ્રયત્ન કરી જાણતાં. સહધર્મચારિણી તરીકે આદર્શ પૂર્ણ કરવા તેઓ પોતાની રીતે સર્વોત્તમ રીતે પ્રયત્નશીલ રહેતાં. ભીખીબાની અજાણ્યાઓ માટે એક છાપ પડે કે એ ખૂબ ઓછાબોલા ને શાંત છે. એ છાપ સાચી પણ છે. પણ સગાંસ્નેહીઓ જોડે તો સૌથી વધુ વાત બાપુજી કરતાં પણ બા જ કરતાં. મળવા આવનાર સૌ પાછળ હિંચકે બેઠેલાં બા પાસે જ કલાકો સુધી બેસતા. સુખદુઃખનાં સંગાથી બા સૌ સ્નેહીઓને શાંતિ ને ધીરજથી સાંભળતાં.

પોતાના સંતાનોને ભીખીબા કદી મારતાં નહીં. ઘણી માતાઓ ઉગ્ર બનીને ઘરકાર્યનો બોજો વધતાં – સઘળો રોષ બાળક પર ઠાલવે, એવાં એ ન હતાં. બાળકોને પ્રેમથી સમજાવી-પટાવીને જ ઉછેરતાં. કદી કોઈ સંતાનને બાનો ડર ના લાગતો. નાનકડી સરોજની તો રીસ ને જીદ જ જુદાં હતાં, એટલે એક જ વાર, એક જ થપ્પડ, પ્રસાદી પામ્યાંનું સ્મરણ છે. અતિશાંત સ્વભાવના ભીખીબાએ જીવનમાં એક જ થાપડ સરોજને પ્રસાદીમાં આપી તો જ પેલો અભ્યાસ પણ નિયમિત થયો ને? હદ થાય તો જ સપાટી પર સહેજ એની અસર થતી. બાકી ભીખીબાના અંતરજગતમાં તો મૌન ને શાંતિ અકબંધ રહેતાં.

ભીખીબાની એક વિશેષતા એ પણ હતી કે તેઓ મૌન રહીને શાંતિથી સઘળું સહી લેતાં. ના કદી કોઈના ઉપર દોષારોપણ કરતાં, ના કદી કોઈને કડક શબ્દોમાં ઠપકો આપતાં, ના કદી ફળિયામાં કે પાડોશમાં ઝગડો કરતાં. શાંત. બધું જ સમજે. કોણ કેટલા પાણીમાં છે તે માપી લેતાં પણ સઘળું જાણે સહી લેતાં. જાણ્યા પછી મૌન રહેવું ખૂબ અઘરું. એ અર્થમાં એમણે સહનશક્તિનો સદ્‌ગુણ અદ્‌ભુત રીતે કેળવ્યો હતો. કોઈ ટીકા કરતું તો એક જ વાક્ય બોલતાં, ‘જે બોલે તેનું મોં ગંધાય. આપણે શું?’ ટીકાની સામે વળતી ટીકા કે આક્ષેપ કરવાનું તો જાણે એમના લોહીમાં જ ન હતું.

બાપુજીની સાદાઈમાં બા પણ સૂર પુરાવતાં એવું લાગે છે. કારણ વસ્ત્રોની પણ ખૂબ ઓછી જરૂરિયાત. ભીખીબાને શ્રીમંતાઈ વારસામાં મળી હતી છતાં ક્યાંયે શ્રીમંતાઈનું પ્રદર્શન કે ઉછાંછળાપણું ના જોવા મળ્યું. પોતાના વસ્ત્રો પણ જરાક ફાટેલા હોય તો જાતે જ સાંધી લેતાં. રોજ બપોરે સુકાઈ ગયેલા કપડાં બા જ વાળતાં ત્યારે સોયદોરાનો ડબ્બો સાથે જ લઈને બેસે. ઘરના કોઈના પણ વસ્ત્રો ક્યાંક ફાટ્યાં હોય તો તે સાંધી લેતાં. બટન તૂટ્યાં હોય તો તે નવાં લગાવી દેતાં. મૌન રહીને સેવા કરી લેતાં.

કરકસર ને સાદાઈ તો એમનાં વસ્ત્રો પરથી દેખાઈ આવતી. પરંતુ પોતાના પિયરમાંથી મળેલા સુવર્ણ અલંકારોથી તો કાયમ માટે સજ્જ રહેતાં. બન્ને હાથમાં સોનાની ત્રણ ત્રણ બંગડી ને એક-એક ગૂંથળીવાળી પાટલી ને ગળામાં પણ ચેઈન. હાથે વીંટી, નાકમાં ચૂની ને સોનાના બાજુબંધ પણ એમના અંગે જીવનભર શોભતાં રહ્યાં. અરે! જીવનભર પોતાના બ્લાઉઝને સોનાનાં બટન જ કરાવ્યાં. શ્રીમંતાઈને વધાવી જાણી. શ્રી લક્ષ્મીજીના વૈભવને દીપાવી જાણ્યો. ‘હે માતા! તમે તો સૌભાગ્યના સઘળા શણગારોને સાર્થક કર્યા.’

*

પશુધન વધારવાનો બાપુજીનો શોખ બાનો કાર્યબોજ વધારતો રહ્યો, પરંતુ તેમાંથી થતી આવક બાના હાથમાં રહેતી. આડોશપાડોશમાં જે બે પરિવારો આર્થિક રીતે નબળા હતા તેમને તે રકમ ઉછીની

આપવાનું કાર્ય બા જ કરતાં. બાજુમાં લાડુબહેન કે સુખાભાઈને ઘણી વાર જરૂર પડતી તો એ આખું તંત્ર બા જ સંભાળતાં. બા આપતાં પણ કદી કોઈને એ વાત કહી સંભળાવીને યશ ના લેતાં. પોતે સહાય કરી છે એવો ભાર પણ તેમને ના લાગવા દેતાં. પણ તેનો હિસાબ રાખતાં. રસોડાના બારણાની પાછલા ભાગે સફેદ ચાકથી હિસાબ લખેલો જોવા મળતો. એકાદ નાની નોટ જેવું પણ રાખતાં. બાના અક્ષર સારા હતા. હિસાબમાં ચોક્કસ હતાં.

ઘરની વાડીના કેળાં, કેરી, ચીકુ ગાડાં ભરીને ઘેર આવતાં. બા જ તેને ગોઠવતાં, પકવતાં, વહેંચતા. રોજરોજ તેની સંભાળ રાખવાનું સઘળું કામ કરતા. કાચાં કેળાંને મોટી મોટી કોઠીમાં ગોઠવી. ફરતે બે-ત્રણ દિવસ ફાનસ રાખી પછી કાઢીને તેના ઉપર કંતાન વીંટીને વારાફરતી ૩૦, ૩૫ કેળાંના કાતરાને પકવતાં. એ જ રીતે કેરીને ઓરડામાં હરોળમાં ગોઠવીને રોજરોજ તેમાંથી બગડી જવા આવતી કેરીનો નિકાલ કરવાનું એવું નાનું નાનું કામ બાના હાથે જ પૂર્ણ થતું. પાકેલાં કેળાં અને કેરી ફળિયામાં પાંચ-પાંચ કે દસ-દસની સંખ્યામાં વહેંચવાનું, ગામમાં નિકટના ઘરોમાં તે પહોંચાડવાનું, વળી શાળાનાં બાળકો માટે એકસામટી પકવણી કરવાનું કામ પણ બા જ કરતાં.

વામનભાઈની સહાય લઈને દર સિઝનમાં બાપુજીની યાદી પ્રમાણે મિત્રોને કેરીના ટોપલા પારસલ કરાવવામાં પણ રોજરોજ બાની મદદ ને બાપુજી વ્યારામાં સૌને કેરીનો પ્રસાદ પહોંચાડતા, તેમાં પણ બાની જરૂર તો પડતી જ. 'આજે બાબુભાઈ ને જેસુભાઈને કેરીઓ આપવાની છે.' તો વળી એક દિવસ કહે, 'ઝીણાભાઈ ને નરોત્તમભાઈ પણ રહી ગયા છે. આજે વળી હોમીભાઈને મળવાનું છે, તો તેને માટે ૧ ટોપલો. તો વળી, સૂરતના બજારમાં જમુભાઈ ને પેલા પ્રેસવાળા નાનુભાઈ, મિલવાળા ઈશ્વરભાઈ ને પેલા બચત યોજનાવાળા ઇન્દ્રવદનભાઈ, ઉત્તર બુનિયાદીવાળા નીલમબહેન, રાજેન્દ્રભાઈ. સૌને કેરીનો પ્રસાદ ટોપલા ભરીભરીને બાએ તૈયાર કરી આપવાનો રહેતો. આ બધાં કામો લાગે નાનાં પણ સમય ને પરિશ્રમ માંગી લે તેવાં. પણ એવાં કામોથી તેઓ કદી ના થાકતાં, ના કંટાળતાં. હા, કદીક બોલતાં કે, 'તારા બાપુજીનો અર્ધો પાક ભાઈબંધ દોસ્તારોને વહેંચવામાં જ પૂરો થાય.'

*

બાના કર્મઠ સ્વભાવનું દર્શન સૌને માટે સહજ હતું; સુલભ હતું. તેને કોઈ જાહેરાતની પણ ક્યાં જરૂર હતી! કે તેની પ્રસંશા થાય તેવી પણ કોઈ ઈચ્છા એમને ન હતી. આખો દિવસ સતત કામ રહેતું. નોકરચાકરોનું સુખ હતું છતાં જવાબદાર વ્યક્તિ તરીકે સાથે રહીને કામ કરતાં-કરાવતાં ભીખીબાને જાણે ક્ષણનો પણ વિરામ ન હતો. છતાં અચૂક સમય કાઢીને રેંટિયો ચલાવતાં, પૂણી બનાવતાં, પૂણીનું રૂ પીંજતાં, સૂતરને ફાળકા ઉપર વીંટી આંટી બનાવતાં અને સમય કાઢીને પોતાને જે ભરતગૂંથણનો શોખ હતો તેને પણ ન્યાય આપતા. પાઈનેપલના ડબ્બા મુંબઈથી આવતા તે ડબ્બા પર જે પેકિંગ આવતું તે પેકિંગ ઉપર પાઈનેપલની વેલ દોરેલું ચિત્ર હતું. તે ચિત્રની છાપ લીધી ને નાનકડી શારદાબહેનના ફ્રોક ઉપર તેને ઉપસાવીને આખા ફ્રોકની ફરતે બોર્ડર બનાવીને તેને તે જ રંગમાં ભરી. ડીઝાઇન શોધવાની ને તેને પોતાના બાળકના ફ્રોક ઉપર ભરવાની કલાત્મક સૂઝ ભીખીબામાં હતી તે જોવા મળે છે. ઘરમાં ચાદરો ઉપર પણ ફૂલ

ને વેલ ભરતાં. ટેબલક્લોથને પણ ફૂલોના કુંડાની છાપ દોરીને જાતે ભરતાં. કપૂરાના ઘરમાં ભરેલી ચાદર ને ટેબલક્લોથ બાની સ્મૃતિ સમાં આજે પણ છે.

તે દિવસોમાં બા ઘરે જ સાબુ પણ બનાવતાં. દિવેલી મંગાવીને દિવેલ પણ ઘરે જ તૈયાર કરતાં. અને એ રીતે બાળકોના વાળના આરોગ્ય માટે કોપરેલ લાવીને તેમાં આમળાની પડી, દૂધી, લીમડો, ભૃંગરાજ વનસ્પતિ - આ બધું નાખીને માથામાં નાંખવાનું ધુપેલ પણ ઘરે જ બનાવતાં.

*

સર્જનાત્મક પ્રવૃત્તિ પણ જાણે એમનો પ્રાણ હતો. શ્રીમંત પરિવારના એ વહાલસોયા સંતાન ભીખીબાએ બાપુજીના ઘરમાં સર્વક્ષેત્રે, સર્વપ્રકારે સર્વ પ્રવૃત્તિમાં સર્વશ્રેષ્ઠ સફળતા પ્રાપ્ત કરી. ભીખીબાનો કંઠ સરસ હતો. એમને તાલબદ્ધ રીતે, મધુર કંઠે, પ્રભાતિયાં ગાતાં સૌએ સાંભળ્યા છે. ફળિયામાં કે ઘરમાં લગ્નપ્રસંગ હોય તો લગ્નના એ ચાર-પાંચ દિવસો સૌ ભેગા મળીને પ્રભાતે પ્રભાતિયાં ગાતાં. ઘણીવાર ભીખીબાને હિંચકે બેસીને ઝીણું ઝીણું મધુર મધુર ગણગણતાં તો અમે પણ સાંભળ્યા છે. એમને કેટલાંક પદો પ્રિય હતાં, જે અવારનવાર ગાતાં. બધા પદો મોઢે જ હતાં. એમના પ્રિય પદો આ હતાં :

૧. *જાગો રે જશોદાના જીવન*

૨. *આટલો સંદેશો મારા ગુરુજીને કહેજો*



૩. *રામસભામાં અમે રમવા*

૪. *કૂવાના કાંઠડે બે સાધુ વૈરાગી,*
*બહેન મને પાણીડા પાઓ.*
*રાસ ના પહોંચે ઘડૂલો ના ડૂબે.*

આ સિવાય પણ ભક્તસમાજના લગ્નપ્રસંગે ગવાતાં, શ્રી હરિની લીલાનું વર્ણન કરતાં પદો તેમને મોઢે હતાં. પ્રસંગે ગાવા એક નોટ પણ રાખતાં. તેમાં પણ લખી રાખતાં. પદો ગાવાનો શોખ એ રીતે પ્રસંગોએ પાંગરતો.

કેટકેટલી વિવિધતા ને વિશેષતા લઈને ભીખીબા, માતાનો શ્રેષ્ઠ અભિનય સફળ કરવા પૃથ્વી પર પધાર્યાં હતાં !

*

ભીખીબા સ્વરાજની લડતમાં પણ પોતાનો નાનકડો ફાળો નોંધાવતા. ગામડાંઓમાં દારૂના પીઠાં (કેન્દ્રો) ચાલતાં. વ્યસનમુક્તિ માટે જાગ્રત નાગરિકો તે પીઠા પર પિકેટિંગ કરતાં. દારૂ પીવા આવનારને સમજાવીને વાળવાનું કામ ભીખીબાએ પણ કર્યું હતું. ભલે એ કામ નાનું લાગે પણ એ સમાજસેવાનો જ એક પ્રકાર હતો ને?

નિત્ય પ્રભાતે ભીખીબા સમયસર ઊઠી જતાં. સ્નાન કરીને પહેલું કામ ઘરના વાડામાંથી ગુલાબ, મોગરાનાં ફૂલો થાળીમાં ઉતારવાનું કરતાં. પછી દેવસ્થાને (દેવમંદિરે) તે ફૂલો સરસ રીતે ગોઠવતા. દેવમંદિરમાં રામાયણ ને ગીતાના ગ્રંથો પણ સ્વચ્છ વસ્ત્રમાં વીંટેલા હતા. તે ગ્રંથ ઉપર પણ મધ્યમાં ગુલાબ ને આજુબાજુ મોગરા ધરાવતાં. દેવમંદિરમાં મધ્યમાં શ્રીરામ હતા. ડાબી બાજુ શંકર ને જમણી બાજુ

બાળકૃષ્ણનાં સ્વરૂપો હતાં. તે ત્રણે સ્વરૂપો ઉપર એક એક ગુલાબનું ફૂલ પધરાવતાં ને ઘીનો દીવો કરી હાથ જોડતાં. ત્યાર પછી દીવાનખંડે જે ફૂલોની ભરેલી ફૂલદાની હોય તેને પાછળ લઇ જતાં. પાણી કાઢીને તેમાં પેલા ફૂલો ને તાજું પાણી ભરતાં. ફૂલોને એક માળી બનીને કલાત્મક રીતે ગોઠવતાં. વાસી ફૂલોને પણ પાંદડા તોડીને ચાલે ત્યાં સુધી ફરી ગોઠવતાં. અને તે ફૂલદાની સજાવીને આગળ એક ગોળ ટેબલ ઉપર મૂકતાં ને બીજી ફૂલદાની સોફાની સામે લીલા કાચના ટેબલ ઉપર મૂકતાં. ફૂલદાનીની ફરતે મોગરા કે પારિજાતનાં નાનાં નાનાં ફૂલોથી નવી નવી ડીઝાઇન બનાવતાં. કેટલીકવાર ફૂલથી 'ૐકાર' લખતાં. કેટલીકવાર 'શ્રી રામ' પણ લખતાં. જેટલાં ફૂલો હોય તેવી ને તેટલી ડીઝાઇન બનાવતાં. ભીખીબા જાતે જ વાડામાં રસ લઈને ફૂલઝાડનું જતન કરતાં. સફેદ, ગુલાબી, લાલ ગુલાબ, ગુલછડી, પારિજાત, મોગરાના પણ વિવિધ પ્રકાર, વેલીવાળા સુગંધિત ફૂલોના છોડનું સંવર્ધન ને સંરક્ષણ કરતાં. જેમનું જીવન સુગંધિત હોય તેને સુંગંધિત ફૂલો જ જાણે પ્રિય હોય એવું સત્ય ભીખીબાના જીવનમાં પ્રગટ થતું જોઈ શકાય છે.

બારણે આવેલા ભિખારી કે બહુરૂપી કે લાલ કપડામાં આવતા કાવડવાળા બાવા, સૌને યથાયોગ્ય આપવાનું યજ્ઞકાર્ય પણ ભીખીબા કરતાં રહેતાં. બાજુના ગામ દેગામાથી કે વ્યારાથી દર અગિયારશે અને વાર-તહેવારે ભૂદેવો આવતા. તેને પણ સૂપડામાં ચોખા, દાળ, લોટ ને ઘી આપીને હાશ લેવાનું કે આશીર્વાદ પામવાનું કાર્ય પણ ભીખીબા કરતાં રહેતાં. કપૂરાનું એ ઘર જાણે 'સૌની પરિતૃપ્તિ પામતી પરબડી' સમું બનાવવામાં ભીખીબાનો ઘણો મોટો ફાળો છે.

સામાજિક વ્યવહારો સાચવવા ભીખીબા સગાંસ્નેહીઓને મળવા પણ જતાં. ૧૯૩૭-૩૮ની વાત છે. સુશીલાબહેન છ-સાત વર્ષના હશે. ભીખીબા જોડે રાજપીપળાનાં ગામોમાં કોઈની ખબર લેવા કે મળવા ગયેલાં. સગાસ્નેહીઓ નાનાં સુશીલાબહેનને પણ બે પૈસા, એક આનો (જેનો જેવો ભાવ ને જેવી જેવી સ્થિતિ) આપતા તો સ્નેહીઓની ભેટ, જે સુશીલાબહેનને મળેલી તે, કુલ અગિયાર રૂપિયાની થઇ. પાછા કપૂરા આવવા સૂરત આવીને રાત રહેવું પડે. તો બીજે દિવસે સૂરતના બજારમાંથી કપૂરાના ઘર માટે એક મોટી ટકોરાવાળી ઘડિયાળ ખરીદી. પેલા અગિયાર રૂપિયા સ્નેહીઓનાં સંભારણાં – ઘડિયાળરૂપે કાયમી કરી દીધાં! કપૂરાના ઘરમાં એ ઘડિયાળ આજે પણ સરસ રીતે સેવા આપી રહી છે. તેના રૂપરંગ જેવાં હતાં તેવાં જ છે. કેટલી બધી ઉપયોગી તે વસ્તુ? ઘરમાં શું, કેવું, કેટલું, કેવું રીતે, કઈ રકમમાંથી વસાવવું એની સૂઝ પણ ભીખીબામાં હતી. માત્ર અગિયાર રૂપિયાની એ ઘડિયાળ છેલ્લા સાઠ વર્ષથી ઘરમાં સેવા આપતાં આપતાં એ ઘરના ભૂતકાળને વર્તમાનમાં વાગોળતી. કંઈ કેટલાંયે સ્મરણો એના અંતરે રમતા હશે ! સાઠ વરસથી દર કલાકે ટકોરા મારતી એ ઘડિયાળ સૌને જગાડતી રહી છે. જાણે કહી રહી છે કે, 'સ્નેહીઓનાં સંભારણાં આ રીતે પણ ચિરસ્થાયી કરી શકાય. શીખજો સૌ ભીખીબા પાસે !'

ભીખીબાની સહનશક્તિ પણ અદ્‌ભુત હતી. વરસોથી બન્ને પગે વાની વેદના હતી છતાં કદી ક્યાંયે ફરિયાદનો સૂર ના ઉચ્ચારતાં. નાનાં નાનાં દર્દોને તો સહજ રીતે ખંખેરી કાઢતાં. દિવસે કદી વિશ્રામ ના કરતાં. કંઇક ને કંઇક કામ કરતાં હોય. કામને શોધતાં રહેવાની પણ એમની પ્રિય ટેવ હતી.

*

ક્ષમાનો સદ્‌ગુણ ભીખીબામાં સોળે કળાએ ખીલ્યો હતો. તે સદ્‌ગુણ પણ પ્રસંગે જ પરખાતો. કપૂરાનું ઘર છે. ઉનાળાનો ભરબપોર છે. વાડામાંથી ધીરુભાઈ ઘરમાં દાખલ થાય છે ત્યાં તેને નાનકડાં સુશીલાબહેનનો રડવાનો અવાજ સંભળાય છે. ઘરમાં બીજું કોઈ નથી. એટલે ધીરુભાઈ સુશીલાબહેનને છાનાં રાખવા હાથમાં લે છે. પણ રડવાનું ચાલુ જ છે. ધીરુભાઈ વિચારે છે, ખૂબ તાપ છે. ગરમી સહન ના થતી હશે. લાવ આ પાસે મુકેલા મોટા તપેલાના પાણીમાં એને ઝબકોળું જેથી તેને ઠંડક થાય. એટલે ધીરુભાઈ તેને પેલા તપેલાના પાણીમાં ઝબકોળે છે, કે રડવાની ચીસ વધુ તીવ્ર થાય છે. થયું કે પાણી ઠંડુ લાગ્યું હશે માટે હશે. તો ધીરુભાઈ ફરી ઝબકોળે છે. ત્યાં જ ભીખીબા માળ ઉપરથી સાબુ લઈને ઝડપથી ઉતર્યા. જોયું તો સુશીલાબહેન રડે છે. ધીરુભાઈ ઝબકોળે છે. અરે! એ પિત્તળનું મોટું તપેલું તો ઉકળતા પાણીનું છે. સખત તાપમાં તેની વરાળ ધીરુભાઈને દેખાતી નથી. એ પાણીમાં તો ચાદરો બોળવાની છે, ધોવા માટેની! ઉકળતા પાણીમાં ઝબકોળાયેલા સુશીલાબહેનને તરત જ ભીખીબાએ ઊંચકી લીધાં. અર્ધું શરીર ભારે દાઝી ગયું છે.

ભાણેજ ધીરુભાઈને એક પણ શબ્દ ઠપકાનો ના કહ્યો. તરત જ આગળના હિંચકે દીકરીને પાતળા ખાદીના કટકામાં વીંટીને સતત હીંચકા નાખી તેની ભારે અગનવેદનાને શાંત કરવાના કામમાં ભીખીબા જોડાઈ ગયાં. પોતાના મામીએ એક પણ શબ્દ ઠપકાનો ના કહ્યો. ધીરુભાઈને પોતાની ભૂલ તો સમજાઈ હતી પણ વેળા તો વીતી ગઈ. આજે ૮૬ વરસે પણ ધીરુભાઈ એ પ્રસંગ ભૂલ્યા નથી. મામીના હેતને ભાવભરી વંદના આજે પણ કરતા રહ્યા છે. ઓ હો હો! પોતાની દીકરીને ભૂલમાં પણ દઝાડનાર પાત્ર સામે હે ભીખીબા, તમે કેવો મૌન-ક્ષમાનો સંદેશો ધરી દીધો છે ! હે ક્ષમાની મહાદેવી ભીખીબા ! આપના ચરણે લક્ષકોટી પ્રણામ કરીએ તોપણ તેની કોઈ કિંમત નથી. ક્ષમાના સદ્‌ગુણને કેટલી હદ સુધી વિકસાવી શકાય તેનું સર્વોત્તમ સ્વર્ગીય દર્શન આપે કરાવ્યું! અમને સૌને પણ આ પ્રસંગ જગાડનારો બની રહો. ક્ષમાનો એકડો અમારી જીવન સ્લેટ પર ઘૂંટાવતા રહો!

ભીખીબાને હિંમતનો સદ્‌ગુણ પણ જાણે વારસામાં મળ્યો હશે, એવું લાગે છે. એક વાર ઓરણા ગામમાં કોઈ નિકટના સગાનું મરણ થયું તો ત્યાં ભીખીબાને જવાનું હતું. સાવિત્રીબહેન એક વરસના એટલે તેમને સાથે લઇ જવા એક નોકર હતો. ગામમાંથી પણ ત્રણ-ચાર બહેનો હતાં. વ્યારાથી બારડોલી ટ્રેનમાં ગયાં પણ બારડોલીથી ઓરણા ચાલતા ગયાં. ઓરણામાં સૌને મળ્યાં. વળતા બીજે દિવસે વ્યારાથી ઊતરીને કપૂરા ચાલતા જ આવવાનું હતું. પરંતુ બીજે દિવસે વરસાદને લીધે મીંઢોળા નદીમાં પૂર આવ્યું. ચાલતાં નદીપાર થાય તેવું ન હતું. જેણે પાર કરવી હોય તેને પેલા રાનીપરજ ભાઈઓ તુંબડા બાંધીને પાર કરાવતા. ભીખીબાએ જાણ્યું કે કપૂરા જવા બીજો કોઈ માર્ગ નથી. નદી તો પાર કરવી જ પડે. તો ભારે હિંમત કરીને તુંબડાના સહારે સામે પાર જવા પાણીમાં ઝંપલાવ્યું. સાથે પેલો ભાઈ મદદમાં હતો. ભીનાં વસ્ત્રો સાથે નાની એક વર્ષની દીકરીને પણ પાર ઉતારી દીધી. તુંબડા પરથી હાથની પકડ છૂટી ગઈ તો? ઘસડાઈ જવાનો કે સામે જ મરણને ભેટવાનો જાણે એ પ્રયોગ જ હતો ને ! કપૂરા જવાનું જ છે. હિંમત કરી તો શ્રી હરિએ પણ હાથ ઝાલ્યો ને પાર ઉતારી દીધાં !

* * હરિઃ ૐ * *

## નાના (શ્રી ગોપાલજી)

અમારાં માતાનું નામ ભીખીબા. તેમના પિતાજીનું નામ ગોપાલજી ને માતાનું નામ લાડુબા. તેઓ બાજીપુરા રહેતાં. બાજીપુરામાં સાથે બીજા ત્રણ ભાઈઓ પણ હતા. શ્રી હરીભાઈ, શ્રી મથુરભાઈ ને શ્રી ભીખુભાઈ. દરેક ભાઈને દીકરાનું સુખ હતું. શ્રી ગોપાલજીને ઘરે દીકરીનો પ્રસાદ પ્રભુએ દાનમાં ધર્યો. સંતાન જીવતાં ના હોય અથવા જે પહેલું સંતાન હોય તેનું નામ 'ભીખુ' કે 'ભીખી' પાડવાનો રિવાજ તે કાળે હતો. એટલે શ્રી ગોપાલજીને ઘેર આ પ્રથમ દીકરી હતી, તો 'ભીખી' નામ 'ભિક્ષામાં પ્રાપ્ત થયેલી' કે 'ભિક્ષુ બનાવી તેને જિવાડવાનો સંકલ્પ' આ નામના ઇતિહાસમાં વણાયેલો છે.

ગોપાલજીની દીકરી ભીખી કપૂરા શ્રી ભૂલાજીના પુત્ર કાલીદાસ જોડે વળાવી. કપૂરા ને બાજીપુરા નજીક જ ગણાય. વરસો પહેલાં ગ્રામજનો ચાલતાં જ એક ગામથી બીજે ગામ જતાં. ભીખીબહેન પણ એ રીતે પિયર બાજીપુરા આવે ને થોડા દિવસ પિયર રહીને કપૂરાથી કોઈ સ્વજન તેડવા આવે તેની જોડે પાછા કપૂરા જાય. દીકરી ભીખીબહેનને વળાવવા સૌ ઓટલે આવે. કેટલાક વળી ઝાંપે કે પાદરે જાય પણ પિતાશ્રી ગોપાલજી તો આ દીકરીને વળાવવા એથી પણ આગળ વધતા. બાજીપુરાથી દેગામા ને રૂપવાડા થઈને કપૂરા ચાલતાં જવાનું તો ઠેઠ દેગામા સુધી મૂકવા જતા. ને દેગામાથી છૂટા પડતાં પણ દૂર દૂર સુધી દેખાતી બંધ થાય ત્યાં સુધી પોતાની દીકરીને દૃષ્ટિથી વહાલ વરસાવવાનું યજ્ઞકાર્ય કરતા.

દીકરીને વહાલભરી વિદાય આપવા સૌ કોઈ ઓટલે જતા હશે. કેટલાક વળી ઝાંપે પણ જતા હશે. પણ અહીં તો આ પિતા બાજીપુરાથી દૂર જે દેગામા હતું ત્યાં સુધી, એટલે કે, અર્ધે સુધી વળાવવા જતા. કેવો વહાલનો દરિયો એ પિતાના હૈયે હિલોળા લેતો હશે ! જરા કલ્પના તો કરો. પોતાની અતિપ્રિય દીકરી દૂર દૂર રસ્તે જઈ રહી છે ને તેને એક પિતા વહાલથી અનિમેષ નજરે નિહાળ્યા જ કરે ! કફની, ધોતિયું, માથે પાઘ, ખભે ખેસ ને હાથમાં ડાંગ જેવી લાકડી લઈને ઊભેલા એ પિતા, આંખમાં ઊમટેલાં વિદાયનાં વહેણને ખાળવાનો પ્રયત્ન કરી રહેલા એ પિતા જાણે ભાવિ પેઢીના સૌ પિતાને વહાલનો અનોખો સંદેશો ધરી રહ્યા છે. દીકરીને વહાલ કેવું, કેટલું, ક્યારે, કઈ રીતે કરી શકાય તેનું શ્રી ગોપાલદાદા જાણે પ્રત્યક્ષ પ્રમાણ હતા. આવા હતા એ પ્રેમાળ પૂર્વજો. પવિત્ર વહાલની દીક્ષાની શિક્ષા ધરનાર હે દાદાજી ! આપના ચરણે પ્રણામ હો ! પ્રણામ હો ! પ્રણામ હો !

*

શ્રી ગોપાલદાદાનો સ્વર્ગવાસ થતાં લાડુમા એકલાં પડ્યાં તો ભીખીબહેનનાં બે બાળકો વામનભાઈ અને શારદાબહેનને બાજીપુરા ભણવા માટે મૂક્યાં જેથી લાડુમાને સંગાથ રહે ને બાજીપુરામાં સાત ધોરણ સુધીની શાળા હતી. તો બન્ને બાળકો ત્યાં ભણે એવી પણ એક યોજના હતી. દર પંદર દિવસે ભીખીબા પોતાના માતા લાડુબાને અને પોતાનાં બન્ને બાળકોને મળવા ચાલતાં જતાં. વળી શાકભાજી પણ કપૂરાથી મોકલતાં તો લાડુબા ઓટલે જ શાકભાજી ઠાલવીને ફળિયાના સૌ સગાંનો સરખો ભાગ પાડી સૌને વહેંચતા. પોતાનો પણ સરખો જ ભાગ રાખતાં. કેટલાક ટકોર કરતાં કે તમે તો તમારો ભાગ વધુ રાખો. પણ લાડુમાની એ ઉદારતા કાયમ માટે રહી. સૌને એકસરખો ભાગ. શું એ કોઈ દેવી હતાં? કે જે આવા યજ્ઞકાર્યના આગ્રહી

હતાં ? પોતાની દીકરીના ઘરની પ્રસાદી સૌને વહેંચીને જાણે પોતાની દીકરી માટે આશીર્વાદની વર્ષાનું સાટુ વાળી લેતાં કે શું ? પરંપરાગત જાણે કોઈ આદર્શ આચારસંહિતા શ્રી લાડુબા પાળી બતાવતાં હોય એવું સત્ય સહેજે સમજાય છે.

લાડુબાની છત્રછાયામાં બન્ને બાળકોએ અભ્યાસ પૂર્ણ કર્યો ને લાડુબાનું આરોગ્ય બગડવા માંડ્યું. દર પંદર દિવસે માતા તો આવતાં. એક-બે દિવસ રહેતાં પણ હવે સેવા જરૂરી બની. તો ભીખીબહેન પોતાની માતાને કપૂરા પોતાને ઘરે જ લઇ આવ્યાં.

લાડુબા કપૂરા જ રહ્યાં. દીકરીએ સરસ સેવા કરી. ભીખીબહેને બબ્બે વૃદ્ધ માતાને સંભાળ્યા. પોતાની માતા લાડુબાને અને પોતાના સાસુ જમનાબાને પણ ! બંનેની એકસાથે સેવા કરી. ને છેક ટૂંકી સામાન્ય માંદગી સાથે એક દિવસ બપોરે ૧૨ વાગ્યે લાડુબાએ અંતિમ વિદાય લીધી. તેમનો અગ્નિસંસ્કાર થયો. સાંજની સમૂહપ્રાર્થના પણ થઇ. ગામના સૌ છૂટા પડ્યા ને તે જ રાતે ૧૨ વાગ્યે જમુનાબાએ પણ અંતિમ વિદાય લીધી ! બન્ને માતાઓ સાથે જ રહ્યાં, સાથે જ સેવા પામ્યાં ને સંપ ને સ્નેહની સુવાસ માણવા જાણે સાથે જ અંતિમ વિદાય પણ લીધી. પૂર્વજોની એ પ્રાણવાન પેઢીનો સૂર્યાસ્ત થઇ ગયો. કેવા પ્રેરક આદર્શ પૂર્વજોની પરંપરામાં આવવાનું થયું છે તે જાણીએ તો તેમનું મૂલ્ય પ્રતીત થાય છે અને ગૌરવ અનુભવાય છે. હે પૂર્વજો! આપના પાવન ચરણે પ્રણામ હો ! પ્રણામ હો ! પ્રણામ હો ! પ્રેમ અને ઉદારતાના પવિત્ર સંદેશાઓ અમને પણ ઝીલવાની શક્તિ આપતા રહો. એ જ પ્રાર્થના છે.

*

ગોપાલદાદાની બીજી પણ એક વિશેષતા જાણવા જેવી છે. ગોપાલદાદા તે જમાનામાં શ્રીમંત ગણાતા. દર મહિને એક વાર સૂરત જતા ને ત્યાંથી કાજુ, દ્રાક્ષ, બરફી ખાસ લાવતા. ને બન્ને દીકરીઓને સૂકો મેવો પણ ખવડાવતા ને બરફી સાથે તે દિવસે પૂરી પણ બનાવીને ભોજન લેતા. વિવિધ વાનગીના દાદાજી શોખીન હતા. તાજાં જ શાકભાજીના આગ્રહી હતા. તે જમાનામાં મહિને એક વાર સૂરત જવું તે ઘણી મોટી વાત ગણાતી. શ્રીમંતોને જ તે પોસાતું. દાદાજી એ રીતે પુરુષાર્થથી પામેલી લક્ષ્મીને સારીરીતે વાપરી જાણતા. તે જમાનામાં દાદાજી પોતાની બન્ને દીકરી ભીખીબહેન ને જમુનાબહેનને મુંબઈ જોવા પણ લઇ ગયેલા. ત્યારે સાથે સીધુંસામાન પણ લઇ ગયેલા. જાતે જ રસોઈ બનાવીને ત્રણે જમતાં ને મુંબઈમાં ફરતાં. આચારમાં અન્નની પવિત્રતા પણ પૂરેપૂરી રાખતા. મુંબઈ જવાનું તો જાણે પરદેશ જવા જેટલું દૂર મનાતું, પણ તે સદ્‌ભાગ્ય પણ બાળકોને આપેલું.

દાદાજીના સ્વર્ગવાસ પછી લાડુમા પાસે વામનભાઈ અને શારદાબહેન ભણવા રહ્યાં તો દિવાળીમાં પણ ફટાકડા અને કનકતારા લાડુમા લઇ આપતાં. એ જ રીતે, નોકર પાસે ખેતી કરાવતાં ને નોકરોને સરસ રીતે સંભાળતાં. નોકર માટે પણ આપણા જેવું જ જમવાનું, પૂરી મુઠિયાનું ભોજન. બારડોલી કે સૂરત કપાસનું ગાડું રવાના કરવાની કાળજી રાખતાં. ગામમાં જ તલનું તેલ કાઢવાની ઘાણી હતી તો તે તેલ પોતે હાજર રહીને કઢાવતાં ને તે જ વાપરતાં. બાજીપુરાની શાળામાં જે શિક્ષક પોતાના દોહીત્રોને ભણાવતા તેને પણ દર વરસે ભોજન માટે આમંત્રણ આપતાં ને ભોજન બાદ દક્ષિણા પણ આપતાં. લાડુમા એ બાળકોને સરસ સાદા

વાક્યોમાં શીખ પણ આપતાં. 'નાણું નવ જગ્યાએ મૂકવું' એવાં અનેક સૂત્રો શીખવતાં. જીવનઘડતરના પાઠ શીખવતાં.

ગોપાલદાદાએ પોતાની હાજરીમાં જ જમીન ને ઘરના સરખા ભાગ કરીને વહેંચેલા. એક ગણતરી એવી હતી કે અમારી બન્ને દીકરીને ભાઈ નથી તો આ ભાઈનાં બાળકો જ એમને પણ સંભાળશે.

શ્રીમંત દાદાની વિશેષતા અને શ્રીમંત દાદીમાની જીવનના આદર્શોને ગૂંથવાની કળાની પરંપરાનું સઘળું ભાથું ભીખીબામાં સાંગોપાંગ ઊતરતું જોવા મળે છે.

* * હરિઃ ૐ * *

## પિતામહ (શ્રી ભૂલાભાઈ)

અમારા દાદાજી શ્રી ભૂલાભાઈ અને દાદીમા શ્રી જમુનાબહેન. ભવાટવિમાં ભૂલા પડેલા, પરિવારમાં પણ જાણે ભૂલા પડ્યા ને પુત્રરૂપે આવ્યા માટે તેનું નામ ભૂલાભાઈ. પવિત્ર યમુના નદીનું, ભગવાન શ્રીકૃષ્ણ સાથે ગૌરવવંતી બનેલી એ લોકમાતાનું નામ અહીં જમુનાબહેન મળ્યું. સાચે જ શ્રી ભૂલાજી જાણે સંસારમાં ભૂલમાં આવી ચઢ્યા હતા. એ તો સ્વભાવે અલિપ્ત, સત્સંગી, ધર્મપરાયણ જીવન જીવનાર ને ખેતીને જંજાળ ગણનાર સરળ ભોળા ખેડૂત હતા.

એમની કેટલીક વિશેષતાઓ એમને ભક્તપુરુષ તરીકેનું ગૌરવ ધરતી હતી. નિત્ય પ્રભાતે સ્નાન પછી શ્રી દાદાજી પ્રભાતિયાં ગાતાં ગાતાં ગાદી પાસે બેસી ગોપીચંદન ઘસીને તેનું તિલક કપાળે, નાક ઉપર, કાન ઉપર, હાથ ઉપર અને હૃદયપ્રદેશે લગાવી પોતાના શ્રીઅંગને પવિત્ર, સંસ્કારિત કરતા. પછી એક બે પદો પણ ગાતાં. એમનું પ્રિય પદ હતું;

*પ્રાતઃ સમે રઘુવીર જગાડી કૌશલ્યા મહતારી,*
*ઉઠો લાલજી ભોર ભયો હૈ સુરનરમુનિ હિતકારી.*

*બ્રહ્માદિક ઇન્દ્રાદિક દેવતા સનકાદિક મુનિચારી*
*વાણીવેદ વિમલ જશ ગાવે, રઘુકુલ જશ વિસ્તારી.*

*બંદીજન, ગાંધર્વ ગુણ ગાયે, નાચત દે દે તાલી,*
*સેના સહીત શિવદ્વારે ઠાઠે, હોત કુતૂહલ ભારી.*

*ભરત શત્રુઘન ચામર છત્ર લિયે, જનકસુતા લિયે ઝારી*
*મેવા પાન લિયે કર લછમન, ભર કંચન કી થારી.*

*સુન પ્રિયવચન ઉઠે રઘુનંદન, નયનન પલક સમારી*
*ચિતવત અભય કિયે હૈ સચરાચર, મુદિત ભયે નરનારી.*

*કરી સ્નાન દાન નૃપ દીન્હો, લેકર તિલક સમારી,*
*જય જયકાર કરત જન મોઘા, તનમનધન બલિહારી.*

*

દરરોજ સાંજે અતિનિયમિત જમુના મા સાથે સંધ્યા આરતી કરતા જ ! રામકબીર ભક્ત સમાજની પરંપરાગત જે આરતી ગવાતી તે ગાતા. પ્રારંભ ગુરુવંદનાથી થતો.

(૧)

શ્રી ગુરુને પાયે લાગું, પહેલાવ્હેલા શ્રી ગુરુને પાયે લાગું,
કૃપા કરો તો કૃષ્ણસેવા કરું, બીજું હું કંઈ ન માગું.

દિયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મળ થાય,
ત્રિવિધ તાપ મત્સર મોહ મમતા, વિકાર સઘળો જાય.

ગુરુદર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ
ભાવધરી ગુરુસેવા કરશે પામે પદનિર્વાણ.

વેદપુરાણ ભાગવત બોલે જેને હોય ગુરુજીનો દૃઢ વિશ્વાસ
શ્રી ગુરુ નારાયણ તેને મળશે કહે જન વૈષ્ણવ દાસ.

(૨)

કાહે ન મંગલ ગાયે જશોદામૈયા
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સૌ તેરી ધેનુ ચરાવે.

કોટિ કોટિ બ્રહ્માંડના કર્તા, જપ, તપ ધ્યાન ન આવે,
ના જાણું એ કોણ પુણ્ય સે તાકો ગોળ ખિલાવે.

બ્રહ્માદિક ઇન્દ્રાદિક શંકર, નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ર મુખે જપે નિરંતર, સૌ તાકો પાર ન પાવે.

સુંદર વદન કમલદલ લોચન, ગૌધેનુ કે સંગ આવે,
આરતી કરત જશોદામૈયા કબીરજી દર્શન પાવે.

(3)

ગૌ ચારી ઘેર આવે શામળિયો, વ્હાલો ગૌ ચારી ઘેર આવે,
પીંઢારો પરવર્યો મોહન, મધુરી-શી મુરલી બજાવે.

ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર સોહે,
શ્યામ તણી સુંદરતા જોઈ વ્રજનારીના મન મોહે.

અગરચંદનના સેર દેવડાવું મોતીના ચોક પુરાવું,
નરસિંહના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું

(૪)

*આરતી હો, દેવ શિરોમણી તેરી*
*અવિગત વિગત જગત નહીં જાણું, કયોં પહોંચે બુધ મેરી*
*. . .આરતી હો.*
*નિરાકાર, નિર્લેપ, નિરંજન, ગુણ અતીત તુમ દેવા,*
*જ્ઞાનધ્યાન સે રહે ન્યારા, કિસબિધ કીજે સેવા.*
*... આરતી હો.*
*નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે*
*શંકર ધ્યાન ધારે નીશીવાસર,સોભી અગમ બતાવે.*
*... આરતી હો.*
*સબ ગાયે અનુમાન આપણે, તમ ગતિ લીખીયો ન જાયે,*
*કહે કબીર કૃપા કરી જીન પર, જ્યોં હે ત્યોં સમજાયે.*
*... આરતી હો.*

આ ચાર પદ પછી શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પદ બોલી છેલ્લે,

*આદિ અનાદિ એક તું, સ્થાવર જંગમ તારું નામ,*
*તું અમર ને તારું નામ સકલ વૈષ્ણવને કરું પ્રણામ.*

બોલતાં બોલતાં પ્રણામ કરી સંધ્યાઆરતીનો એ ક્રમ પૂર્ણ થતો.

ઘરમાં જે પણ હાજર હોય તેમણે આરતીમાં બેસવાનું એવો આગ્રહ પણ રહેતો. દરરોજ દાદાજી હાથ જોડી પ્રાર્થનામાં થાળ ગાઈને જ ભોજન લેતા. એ રીતે ઘરમાં મિષ્ટાન્ન બનાવ્યું હોય ત્યારે ભગવાનને થાળ ધરવાની પ્રાર્થના બોલવાનો પણ દાદાજીનો ક્રમ હતો. સવારે પ્રભાતિયાં, સાંજે સંધ્યાઆરતી ને ભોજન પહેલાં ને અંતે શ્રી હરિને હાથ જોડીને આભાર માનવાની એ પ્રથા-સઘળું પ્રેરણાનું ભાથું બંધાવે તેવું છે.

વળી દાદાજી જ્યારે જ્યારે બહારગામ જવા ઘરની બહાર જાય ત્યારે ત્યારે પગથિયાં ઊતરીને ઘરની સામે એક-બે ક્ષણ ઊભા રહે. હાથ જોડીને કંઇક પ્રાર્થના કરે પછી જ આગળ પગલાં ભરે. પાછા બહારગામથી આવે ત્યારે પણ એ જ ક્રમ પાળતા.

ઘરમાં રહેલા શ્રી હરિને વંદન કરીને જ ઘર છોડવાનો કેવો સરસ નિયમ હતો. તે જમાનામાં બળદગાડામાં કે ચાલતા જ એક ગામથી બીજે ગામ જતા. દાદાજી પણ બાજીપુરા, અંભેટી જતા તો રસ્તામાં જો સંધ્યાકાળ થઇ જાય તો તરત જ બળદગાડું છોડાવીને પોતાના નિયમની સંધ્યા-આરતી કરી લેતા. ને પાછું બળદગાડું જોડાતું ને પ્રવાસ આગળ ચાલતો.

*

દાદાજીના જીવનનો એક પ્રસંગ છે. તેર વરસના દાદાજી અને આઠ વરસના નાના ભાઈ રામભાઈ, એ પ્રસંગનાં બે પાત્રો છે. તેર અને આઠ વરસના નાનકડા બાળકોની વાત હવે સાંભળો.

ખેતરમાં કૂવા ઉપર બંનેને કામ કરવા જવું પડતું. પાણી કાઢવાનું એ કામ કોસ ચલાવીને કરવાનું. મોટાભાઈ ૧૩ વરસના, માટે ખડતલ શરીર એવું મનાતું. માટે દાદાજીને કૂવામાંથી પાણી ભરેલી પખાલને ઝીલવા કૂવા બાજુ જ વાંકા વળીને  પકડી લેવી પડતી. નાનો ભાઈ બળદ હાંકીને દોરડું ખેંચી જતાં ને મોટાભાઈ પાણીના પખાલને પકડીને ઠાલવી દેતો. એ રીતે કોસ તો ચાલતો પણ ઘણીવાર નાનો રામભાઈ ભૂખ્યો થયો હોય ને માતાને દૂરથી ભોજન લાવતાં જુએ એટલે તરત જ કોસ છોડીને અચાનક દોડી જતો. આ રીતે અચાનક દોરડું છૂટી જતું ત્યારે ત્યારે મોટાભાઈનો જીવ જોખમમાં મૂકાઈ જતો. પાણીની પખાલ પકડવા જતાં તે જ સમયે જો દોરડું છૂટી જાય તો દોરડા સાથે પખાલ કૂવામાં જાય ને સાથે દાદાજી પણ કૂવામાં પડી જાય. આવા વારંવાર પ્રસંગો બનતાં પણ દરેક વખતે કોઈ અદૃશ્ય શક્તિ જ દાદાજીની રક્ષા કરતી. જાણે બાળપણથી જે પ્રાર્થનાની ટેવ હતી તે પ્રાર્થના જ રક્ષાકવચ બની જતી.

*

દાદાજીની આંતરસૂઝ પણ ભારે હતી. ભજનો કે પદોમાં જે મર્મ હોય તે અંતરે ઉતારવો એ તો ઘણું કઠિન કાર્ય ગણાય. દાદાજી કોઈ પણ ભજનના મર્મને સરસ રીતે ઝીલી શકતા. કહેવાતી અભ્યાસની કોઈ પદવી એમની પાસે નહોતી. છતાં ભજન ગાતાં ગાતાં જાણે તે સઘળાં ભજનો અંતરના ઊંડાણમાં અર્થ સાથે પથરાઈ જતાં હતાં. કપૂરામાં દર વરસે જન્માષ્ટમીનો ઉત્સવ પણ ઊજવાતો. આખા ગામ વતી મહંતને ઘેર હિંડોળો બંધાતો. જન્મોત્સવ ને નંદમહોત્સવ ભજન, કીર્તન, બહેનોના ગરબાથી મનાવાતો.

કૃષ્ણજન્મ પછી રાતે ઘેર વલોણાં થતાં તે જ માખણ નંદમહોત્સવમાં પ્રસાદરૂપે પહોંચાડતા. ને આખી રાત કીર્તનમસ્તીમાં મસ્ત બની સૌ મહાલતા. દાદાજી પણ નિયમિત એ ઉત્સવમાં ભાગ લેતા. ગામના રિવાજ પ્રમાણે દરેક ઘરેથી સુખડી પ્રસાદમાં લઇ જવાનો ક્રમ દાદાજી પણ પાળતા. અને કૃષ્ણજન્મ પછી, એટલે કે મધરાતે બાર પછી સવારે છ સુધી જે પદો ગવાતાં તેમાં બધા વડીલો પણ ભાગ લેતા. તે કૃષ્ણભકિતના પદોને સમજાવવાનું ને ગવડાવવાનું મંગલ કાર્ય દાદાજી જ કરતા. ભજનોના હાર્દ પકડીને ભક્તો સમક્ષ રજૂ કરવાનું લોકશિક્ષણનું કાર્ય દાદાજી કરતા.

* * હરિઃ ૐ * *

## પ્રપિતામહ (શ્રી ગોપાલદાદા)

અધ્યાત્મ જગતના વટવૃક્ષની વડવાઈઓ, પાંદડા અને મૂળ પણ કેટલે, ક્યાં ક્યાં પથરાયેલાં છે તે પણ દર્શન કરવા જેવું હોય છે. વટવૃક્ષની છાંયડી સૌ માણે પણ તેનો સઘળો યશ ધરતીમાં રહેલાં પેલાં મૂળને જ મળવો જોઈએ. મૂળ મજબૂત, સ્વચ્છ, રોગરહિત હોય તો જ તે મૂળમાંથી અંકુર ફૂટે ને? ભક્તિના મૂળ સમાં પ્રપિતામહ શ્રી ગોપાલદાદા ભક્તપુરુષ હતા. કામધંધો અને ખેતીવાડીને જંજાળ ગણનારા હતા. તેથી જ એવું માનતા કે જેટલી ક્ષણ રામનામના રટણમાં વીતે તે જ સાચું જીવન. બાકી સઘળી મોહનિંદ્રા. એટલે જ એ ભક્તપુરુષને ભજનમાં, સત્સંગમાં જેટલો રસ પડતો તેટલો બીજે ક્યાંયે ના પડતો.

રામનામમાં મગ્ન રહેનાર એ ભક્તપુરુષને ખેતી કરવી પડતી માટે કરતા. ચિત્ત દઈને એ વ્યવસાય ના કરી શક્યા. તેથી પુરુષાર્થ પણ પાંગળો પુરવાર થયો અને દિનપ્રતિદિન વાડીની સીમા ચારે તરફથી ટૂંકી થવા માંડી. કરજની ચિંતામાં ભજનનું ભાથું વધવા માંડ્યું. જેને જંજાળ લાગે તે ખેડૂત ખેતરે જવાનું પણ માંડી વાળે. સઘળું ભગવાન ભરોસે મૂકવામાં આનંદ અનુભવે. ગોપાલદાદા પોતાની ભજનમસ્તીમાં જ મસ્ત રહેતા. વારંવાર એ મસ્તીમાં ખેતી કે ઘરની જવાબદારી જાણે ખલેલ કરતી. પરંતુ કર્તવ્ય તો ધર્મપત્ની યાદ કરાવે જ ને? કારણ ઘરમાં બાળકો પણ હતાં. ભૂલાભાઈ મોટો ને રામભાઈ નાનો. તે તેમને માટે પણ કંઇક તો પુરુષાર્થ કરવો પડે ને? દાદીમા એનું વારંવાર સ્મરણ ગોપાલદાદાને કરાવતાં ત્યારે ત્યારે માંડ માંડ પોતાના વૈરાગ્યપ્રધાન મનને નીચે ઉતારીને ભરવાડના નેસડે જતા. તેમને જવું પડતું. ત્યાં જઈને પાંચ-સાત મજૂરો કરીને તેમને ત્યાંથી જ કામ સોંપી દેતા. ક્યા ખેતરમાં શું કામ કરવાનું તે સમજાવી દેતા.

અને ઘેર આવીને દાદીમાને કહી દેતા, 'આજે વાડીમાં આટલા મજૂર ને ખેતરમાં આટલા મજૂરનું ખાવાનું પહોંચાડજો.' સાથે વળી યાદ રાખીને ઉમેરી દેતાં, 'મોટાને કહેજો કોસ જોડે ને ઝીલે, ને નાનાને કહેજે કોસ હાંકે. હું તો આ પેલે ફળિયે સત્સંગમાં ચાલ્યો.' અને ગોપાલદાદા સત્સંગસુખ માણતા પેલા ફળિયે સમવયસ્કો જોડે પહોંચી જતા. સઘળો વ્યવહાર જાણે દાદીમાના માથે. આદર્શ ખેડૂતનાં લક્ષણોનો ગોપાલદાદામાં જાણે સંપૂર્ણ અભાવ હતો. સાચો ખેડૂત તો પૂરો રસ લઈને જાતે જ ખેતરમાં મજૂરો સાથે રહે, કામ કરે, નવા નવા પ્રયોગો કરે. ખેતીનું સંરક્ષણ ને સંવર્ધન કરે. ખેતીની સુધારણા માટે સલાહ લે ને સતત તેનું જીવન ખેતીપરાયણ બની જાય. ગોપાલદાદામાં આવી કોઈ વાતો દેખાતી ન હતી. સંસારક્ષેત્રે ભલે તે અનિવાર્ય લાગતી હતી.

ભક્તિ જગતમાં ઉપરામ થયેલા મનનું દર્શન ગોપાલદાદામાં થાય છે. એ ભક્તપુરુષે પોતે ભજનમાં મસ્ત રહેવાનું, સંસારથી અલિપ્ત રહેવાનું કર્તવ્ય શ્રેષ્ઠ માન્યું ને શ્રેષ્ઠ રીતે આચરણમાં પણ ઉતાર્યું. ગૃહસ્થવેશે જાણે ગોપાલદાદા સાચા અર્થમાં ભક્તપુરુષ તરીકે વંદનના અધિકારી થયા.

તે ભક્તપુરુષ જેવી ઉપાસના, આરાધના કરતાં તેથી પરમકૃપાળુ પરમેશ્વર જ ઘર સંભાળતા હશે. બે બાળકોને પણ તે જ સંભાળતાં હશે ને !

ભૂલાભાઈ મોટો દીકરો તેર વર્ષનો ને રામભાઈ નાનો દીકરો ૮ વર્ષનો. બાળપણથી જ પોતાના પિતા શ્રી ગોપાલદાદાની ઉપરામતાને જાણીને સમજીને ખેતીમાં જોડાઈ ગયા.

દાદીમા ને બન્ને બાળકોએ સાથે મળીને સઘળી જવાબદારી ઉપાડી લીધી.

ધન્ય હે ભક્તપુરુષ! પ્રપિતામહ તરીકે આપના પવિત્ર કુળમાં આંખ ઉઘડવાનું અમને ગૌરવ છે. આપના વૈરાગ્યવંત જીવનને પ્રણામ હો ! પ્રણામ હો ! પ્રણામ હો !

* * હરિઃ ૐ * *

## સ્મરણ પ્રક્ષાલન

*કર્પૂરવનનાં સર્વ સ્વજનોને સર્વેશ્વરી વંદન કરે,*
*કાલીમંદિરના પૂજ્ય જનોનાં ચરણે સર્વેશ્વરી નામે.*

*જન્મભૂમિનાં સગપણ તોડી હરિ સંગે જોડી પ્રીતડી*
*તે ક્ષણને પણ સર્વ સ્વજનોએ વધાવી રૂડી રીતથી*

*મારગ લીધો સર્વેશ્વરીએ તો નિંદા કદીયે ના કરી,*
*તિરસ્કાર કે કટુવચન કે ટકોર કદીયે ના ધરી.*

*અનુકૂળતાનો થાળ લઈને સૌ સ્વજન સામે ઉભાં,*
*વયોવૃદ્ધ પણ વંદન કરતાં સામેથી આશિષ માગતાં.*

*મારગ હરીનો લીધો છતાંયે વહાલ વિશેષ વરસાવતાં,*
*સર્વેશ્વરીની ચિંતા કરીને થાક ને તાપ ઉતારતાં.*

*જાણે હરિ વૈકુંઠથી આ સ્વજનોને ઉતારતા,*
*કાલીમંદિરના નાનાં કે મોટાં નવાં સૌ સન્માનતાં.*

*તન-મન-ધનથી સ્વસ્થ રાખી સ્વજનોને હરિ તારજો,*
*સર્વેશ્વરીના મસ્તકે સદા વરદ હસ્ત રાખજો.*

- **'મા' સર્વેશ્વરી** (૩-૭-૨૦૦૩)

* * હરિઃ ૐ * *

## Maa Sarveshwari



**Birth**

A pious lotus drenched with Divine love bloomed at an auspicious and sacred moment on the beautiful land of Kapura, a small village located near Vyara in Surat district (Southern Gujarat). It was Saturday, November 13th 1943. The clock read 2 past midnight and according to Indian Lunar calendar it was Vad 2nd of Karthik month in the Vikram Samvat 2000.

Her birth sign was zodiac but she was given the name of 'SAROJ' (which means lotus). What a meaningful name? She has come on the earth to bloom in magnificence amidst the worldly slush and to exhibit the path to blossom for the generations to come.

Maa Sarveshwari hails from the 'Ram-Kabir Bhakta Samaj', established by Saint Kabir and well known for its spiritual heritage.

**Family Background**

Maa was born into a rich farmer's family. She was youngest of six children - four sisters and two brothers. Her mother's name was Bhikhiben and her father's name was Kalidas. Her mother was simple by nature and looked after household while her father was into farming. Her father was an ardent Ramayana fan. He used to wear Khadi (a cloth made using charkha) following the Gandhian principles.

Love for the motherland was imbibed in her whole family. Her eldest brother Vitthalbhai went to the jail during India's freedom movement. Congress Party leaders used to frequently stop by at her house. During the 'Bhudan movement' (Donate Land) run by Vinoba Bhave, her family donated generously their farming land. Her elder sister Shushilaben, later received Presidential award for the best teacher.

**Education & Job**

Maa Sarveshwari's schooling was done at Vyara and college studies at Surat. She used to stay with her elder sisters at Vyara, close by her village Kapura during her primary school days While at Surat she used to stay at her friend's house.

She was brilliant in her studies and was awarded 'The Umashankar Joshi Prize' in college. She also secured a Gold Medal for obtaining first position in Bachelors of Arts with Gujarati as a principle subject.

She joined Sadhana Vidya Bhavan, Surat as a teacher but very soon on account of her resourcefulness, intelligence and dedication, was appointed as a Principal of the school. She performed the duties of Principal in both the shifts of the school without disturbing her spiritual routines.

**First Acquaintance of Yogeshwarji**

It was 1970 December when Maa, for the first time had an opportunity to listen to Shri Yogeshwarji's discourses at Sanatan Seva Sangh Hall in Surat. She actually learned about the lectures in a daily newspaper and was impressed from his very first lecture. Thereafter, she earnestly attended Shri Yogeshwarji's discourses. Either due to her pre-birth samskaras or due to Yogeshwarji's nectarine speech, Maa soon established him as her spiritual guide.

Year after year, unfailingly Maa attended every lecture of Shri Yogeshwarji held at Surat. She also participated in all seven day spiritual meditation and sadhana camps held in different cities of Gujarat. Through letters and personal question-answers, she seek guidance and inspiration about her spiritual progress. She read all the books of Shri Yogeshwarji and tried to understand every word of it.

The first acquaintance of these revered saint grew into an intimate spiritual bond and she established Yogeshwarji as a venerable deity in her heart.

**Spiritual Progress**

Side by side, her duties as a Principal remained unaltered. She started some strict disciplines such as having water only after 250 beads of rosary. Once, she even put her slim body to test by having only one bowl of milk for three months. Her daily devotional offerings and worship went uninterrupted.

She started writing bhajans spontaneously flowing from her within. She also began writing her daily diary. She formed a habit of taking detailed notes of Shri Yogeshwarji's lectures. She read biographies of leading spiritual personalities and gained invaluable inspiration. Journey of her life now had only one direction, only one destination - manifestation of the divine in the form of Yogeshwarji.

**Stay at Maun Mandir**

During her school vacations, her profound love and her intense yearning for the manifestation of the Divine took her to the Mauna Mandir. A well known saint namely Pujya Mota has established 'Maun Mandir' (Temple of Silence) on the banks of river Tapi near Surat. Maa Sarveshwari used to lock herself up in the solitude of Maun Mandir for 7, 14 or 21 days together. Besides frequent vision of divine light, she had amazing spiritual experiences during her stay there.

**Spiritual initiation**

Maa Sarveshwari had an opportunity to accompany Shri Yogeshwarji during his South India pilgrimage along with other devotees. During the tour, her intense prayers were heard and she was blessed by Yogeshwarji with an extraordinary diksha (spiritual initiation) at Shrishilam, Mallikarjuna.

Consequent to this spiritual initiation, the spiritual unfolding of her life became fast, natural and unobstructed. Her life was subtly changed and became charged. An inexhaustible heavenly flow rejuvenated her.

**Zambia Tour**

In 1978, Maa got an opportunity to accompany Shri Yogeshwarji on his spiritual tour of Zambia on the invitation of 'Hindu Association of Zambia'. She not only participated actively but won the heart of all the people by her melodious bhajans and display of yogic exercises.

**Morbi Shibir & the New Name**

In May 1979, Meditation camp (shibir) was organized at Morbi, a famous town of Suarastra. During the course of that shibir, by the supreme command of mother goddess, Shri Yogeshwarji conferred her the new name 'MAA SARVESHWARI'. All shibir participants cheerfully greeted this new accolade. Thereafter, she became known with her present name.

**Yogeshwarji's illness**

November 9th 1979 brought unexpected news. Yogeshwarji had a major heart attack and was admitted to Vivekananda Hospital, Ahmedabad. Maa Sarveshwari heard the news and without a second thought grabbed the golden chance to serve her spiritual master. She send her resignation to the school authorities right from the hospital.

Earlier, on two occasions Maa send her resignation but every time the school trustees rejected it by saying: "The school needs your presence. It is a matter of great fortune for the school to have a Principal like you." This time, however it was different. Maa never returned to the Institute again. The management waited for three months but had to accept the resignation. In their letter they wrote, "The doors of the institution are forever open for you. You can come back at any time. The school will always miss you."

At the hospital, Maa performed exemplary service of Yogeshwarji, remaining awake for countless days and nights. Shri Yogeshwarji's illness had to succumb to Maa's spontaneous and intense services. Thereafter, Maa stayed forever with Shri Yogeshwarji. A new chapter began in Maa Sarveshwari's spiritual Life. She left the limited and small field of the school and entered into the vast field of service to the humanity.

In Maa's own words, (English translation of her composition) it was a divine play:

"By Playing a wonderful sport
Of the struggle between life and death,
He called me closer to him,
And showered all his blessings;
My master offered me
A Glass full of nectar"

**Abroad on Spiritual Mission with Yogeshwarji**

Between the year 1980 to 1984, Maa accompanied Yogeshwarji to USA, UK, Canada and South Africa on spiritual mission. As an ambassador of Indian religion and culture, she gave inspiring talks, sang bhajans, performed yogic exercises, visited places of significance and met religious personalities.

Unfailingly, she captured all the happenings in her diary. Her detailed diary of South Africa tour was later published as "Dakshin Africa no Punya Pravas", which gives an excellent insight into the activities carried out by Shri Yogeshwarji. She collected all the press articles, radio and TV talks and all recognitions conferred. She strained herself to see that every single lecture was taped and made available for later use. Today, all these material has became priceless possessions for the future generations.

**March 18th 1984 & there after**

It was 18th March 1984, when Yogeshwarji was at Mumbai and a new lecture series on 'Srimad Bhagavat' started. While delivering the first lecture at Laxmi Narayana Temple, Kandiwali in Mumbai, Yogeshwarji left his physical body. The spiritual odyssey of a great soul

come to an end. Thousands of devotees looked at Maa as a spiritual heir of Shri Yogeshwarji and she proved her mettle in an extraordinary way.

She took charge of all the activities that were incomplete or in nascent stage and strained hard to finish them. A new chapter began in her spiritual life too. Her penances, vows, ascetic orders, fasting and recitation increased manifold along with her pilgrimage, publications of book, correspondence, and spiritual guidance to a great number of devotees. She assumed the role of their Guru - spiritual guide as well as their Maa - Divine Mother.

**Life without Food & vow of Silence**

The intense fervor for her revered master did not let her body accept a single food grain after Yogeshwarji's departure. Yes, 18th March was the last day she had the last dinner with Yogeshwarji before proceeding to evening lecture. Thereafter, she started arduous penance and continued only on fruits and milk. Maa's divine soul transcended her body and mind. Since last 15 years, she observes NIRJALA (takes literally nothing besides breathing air) on at least 108 days of a year!

Maa Sarveshwari had practiced to perfection the vow of silence during her stays at Maun Mandir (Temples of Silence). She used to observe silence in seclusion for certain number of days every year. But finally in 1995, she decided something exceptional. She resolved to put her words to rest. A more powerful medium of silence attracted her and she forever took the vow of silence. Devotees were stunned as now, they would never get a chance to listen to her melodious tunes. Being a good singer, a good orator and having a huge number of followers could not deter her. What a resolve!

**Pranam - a unique offering**

She also started a new way of offering reverence and devotion to Yogeshwarji, her spiritual master. She composed and started performing PRANAMs (stretched prostration at the lotus feet of a master). Year after year she broke her own counts by doing higher numbers of pranams. Today, her routine consists of 275 pranams.

People are amazed at her incredible physical powers when they see her performing more than 2000 pranams at a stretch in public on special occasions like Yogeshwarji's or on her own birthday & other festive days. In her own words, "It is an opportunity for us to ask for forgiveness, to express our indebtedness at his lotus feet. It is not only a physical exercise, but a form of prayer and a mental dialogue with the divine. By pranams, we have to fully surrender ourselves to the divine and along with all our worries and responsibilities."

**Pilgrimage to Dashrathachal**

What's the need to visit a pilgrim-center for a person who herself is one? Yet, for Maa Sarveshwari, every place where Yogeshwarji stepped is a pilgrim center and worth a pious pilgrimage. In May 1992, she decided to walk barefooted in the scorching summer heat to the sacred mountain of Dashrathachal - the place of Yogeshwarji's penance along with 8 other devotees.

Being barefooted, her delicate feet started bleeding bringing tears to devotees' eyes but she was in exalted mood and enjoyed every moment of it. In her own words, "No penance is without sufferings and this one is for my beloved master. I would be more than happy to devote my body on my way to Dashrathachal. I am enjoying summer in my feet but I'm having spring in my heart and I'm feeling the incessant rain of his grace in this state of blithe."

In Yogeshwarji's own words:

"There stands TIRTH at thy lotus feet,
in fact, all the Tirths of the world.
In thy body are rivers and streams,
an abode of the blessed.
Thy every limb and every atom,
every vibrations and every breath
thou art the form of Tirth.
All Tirths are born from thy supreme Tirth."

**The fateful accident**

In the year 1998, on the second day of Navratri, Maa set out for Ambaji from Vadodara. Just near Mogar village of Kheda District, the car met with an accident. Accompanying her, the devotee couple from Los Angeles and the driver had a miraculous escape but Maa got innumerable injuries all over her body. She had multiple fractures on both legs.

In state of such unbearable pain, she was smiling and was even giving solace to the couple! She walked out of the car without any support and sat in another vehicle on her own. Later in the day, the doctor informed that she had multiple fractures! Her vow of silence was not broken as not a single word or any verbal expression came out! She accepted this plaster on both feet as 'Prabhu's Prasad' (Gift of God).

As if these was not enough, she insisted on doing her operation without any anesthesia and doctors had to succumb to her wishes. This was the first case in their medical life and they expected Maa at least to show off her pain on face but on the contrary she smiled all the way!

Coming out of the operation theatre the first task she did was to compose a bhajan! It was sufficient proof, not only for the doctors but for everybody that Maa dwells in subtle body through she apparently live in her physical frame. She proved that she can go beyond body awareness and abides in pure consciousness all the while. What a win over her body and senses!

**Swargarohan**

Yogeshwarji resolved to build a nice guesthouse for pilgrims in the memory of his mother, Mataji Jyotirmayi. Yogeshwarji himself selected the land at Ambaji, a famous pilgrim place of Goddess Amba in North Gujarat. On that barren piece of land, Maa created a heavenly abode and named it Swargarohan.

Today, it is the center stage of all activities. A nice prayer hall named 'Yog Shaivalyam', a small kutiya for meditation and a full fledged memorabilia of Yogeshwarji's life and works namely Yog Tirth, a dining Hall & various recreation facility for children adorns Swargarohan amidst lush green trees. Thousands of devotees from all over the globe flocks every year to feel the very divinity manifested in the surroundings there.

**Benevolent Activities**

As is inherent with her name and nature, Maa can not but help the poor, helpless, down trodden and dejected. In 1978, Shri Yogeshwarji established Sarvamangal Charitable Trust for carrying out benevolent activities. After Yogeshwarji's departure, as an inspirer of the trust Maa initiated various activities. Besides extending financial help, Maa started arranging Medical camps, cataract eye operation camps and donated ambulance, clothing, school dresses, fees and food grain to the needy and these has become a regular affair now.

Maa also arranges Children camps and Youth Camps for imbibing moral and cultural values. Sadhana camps are also organized in India and abroad under her guidance and inspiration. The sadhna camps have yogic exercises, meditation sittings, bhajans, stimulating sports, devotional plays, Yogeshwarji's audio/video lectures and talks by participants. Maa through her writing on the slate provides instructions to the attendees.

**Earthquake relief work**

January 2000 brought devastating earthquake for the state of Gujarat. Maa took the charge and formed a team of dedicated people to carry out relief activities. Primary among them was distribution of food, clothing and other necessities to the affected people, arranging for education and aid for the children affected, building of 7 new and 35 temporary schools in various villages besides monetary help.

**Final Note**

Who can comprehend the ways of the great? How can we, with our limited abilities narrate her infinite power and grace? We can just bow down at her lotus feet and seek her blessings. Its a rare in rarest of opportunities to see and come in contact with such illumined soul and a living legend.

In Shri Yogeshwarji's own words, "All can not understand and honor her. Those who have righteousness of previous birth would be able to know and come closer to her. They will feel benefited and blessed.

* * * * *

**For more information**
**on Life and works**
**of**

# Maa Sarveshwari



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**